RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 256 Dt. 1-04-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# ભારતનું દેણું ૭૧૭ બિલિયન ડોલરને પાર

## ૨૦૨૪ના અંત સુધીમાં ૧૦.૭% નો જોવા મળ્યો વધારો:અમેરિકા પાસેથી સૌથી વધુ લોન લીધી




નવીદિલ્હી, તા. ૩૧

જેટલી ઝડપથી ભારતનું અર્થતંત્ર વિકસી રહ્યું છે, તેટલી જ ઝડપથી તેનું વિદેશી દેવું પણ વધી રહ્યું છે. નાણા મંત્રાલયના ડેટા અનુસાર, ડિસેમ્બર ૨૦૨૪ ના અંત સુધીમાં ભારતનું વિદેશી દેવું ૧૦.૭ ટકા વધીને ૭૧૭.૯ બિલિયન થયું. ડિસેમ્બર ૨૦૨૩ માં, તે ૬૪૮.૭ બિલિયન હતું. ભારતના ત્રિમાસિક બાહ્ય દેવાના અહેવાલ મુજબ, ડિસેમ્બર ૨૦૨૪ માં ત્રિમાસિક ધોરણે બાહ્ય દેવામાં ૦.૭ ટકાનો વધારો થયો હતો. સપ્ટેમ્બર ૨૦૨૪ ના અંતે, તે ૭૧૨.૭ બિલિયન હતું.

અહેવાલમાં જણાવાયું છે કે ડિસેમ્બર ૨૦૨૪ ના અંત સુધીમાં વિદેશી દેવા અને GDP નો ગુણોત્તર ૧૯.૧ ટકા હતો, જ્યારે સપ્ટેમ્બર ૨૦૨૪ માં તે ૧૯ ટકા હતો. ડિસેમ્બર ૨૦૨૪ ના અંતમાં, ભારતના વિદેશી દેવામાં યુએસ ડોલર-નામાંકિત દેવાનો હિસ્સો સૌથી વધુ ૫૪.૮ ટકા હતો. આ પછી ભારતીય રૂપિયો (૩૦.૬ ટકા), જાપાનીઝ યેન (૬.૧ ટકા), એસડીઆર (૪.૭ ટકા) અને યુરો (૩ ટકા)નો ક્રમ આવે છે.

અહેવાલ મુજબ, ડિસેમ્બર ૨૦૨૪ ના અંતમાં કેન્દ્ર સરકારનું બાકી રહેલું વિદેશી દેવું ઘટ્યું હતું, જ્યારે બિન-સરકારી ક્ષેત્રનું બાકી રહેલું દેવું સપ્ટેમ્બર ૨૦૨૪ ની તુલનામાં વધ્યું હતું. કુલ વિદેશી દેવામાં બિન-નાણાકીય કોર્પોરેશનોના બાકી દેવાનો હિસ્સો ૩૬.૫ ટકા હતો. આ પછી ડિપોઝિટ સ્વીકારનારા કોર્પોરેશનો (કેન્દ્રીય બેંક સિવાય) (૨૭.૮ ટકા), કેન્દ્ર સરકાર (૨૨.૧ ટકા) અને અન્ય નાણાકીય કોર્પોરેશનો (૮.૭ ટકા)નો સમાવેશ થાય છે. તેમાં કહેવામાં આવ્યું છે કે વિદેશી દેવામાં લોનનો હિસ્સો સૌથી વધુ ૩૩.૬ ટકા હતો. આ પછી ચલણ અને થાપણો (૨૩.૧ ટકા), વેપાર ક્રેડિટ અને એડવાન્સિસ (૧૮.૮ ટકા) અને દેવાની સિક્યોરિટીઝ (૧૬.૮ ટકા)નો સમાવેશ થાય છે.

અહેવાલ મુજબ, ડિસેમ્બર ૨૦૨૪ ના અંતમાં મુદ્દલ અને વ્યાજની ચુકવણી વર્તમાન આવકના ૬.૬ ટકા હતી, જ્યારે સપ્ટેમ્બર ૨૦૨૪ ના અંતમાં તે ૬.૭ ટકા હતી .

અહેવાલ મુજબ, કુલ બાહ્ય દેવામાં બિન-નાણાકીય કોર્પોરેશનોના બાકી દેવાનો હિસ્સો ૩૬.૫ ટકા હતો, ત્યારબાદ ડિપોઝિટ લેતી કોર્પોરેશનો (કેન્દ્રીય બેંક સિવાય) (૨૭.૮ ટકા), કેન્દ્ર સરકાર (૨૨.૧ ટકા) અને અન્ય નાણાકીય કોર્પોરેશનો (૮.૭ ટકા)નો સમાવેશ થાય છે. અહેવાલમાં જણાવાયું છે કે બાહ્ય દેવાનો સૌથી મોટો ભાગ લોનનો હતો, જેનો હિસ્સો ૩૩.૬ ટકા હતો, ત્યારબાદ ચલણ અને થાપણો (૨૩.૧ ટકા), વેપાર ક્રેડિટ અને એડવાન્સિસ (૧૮.૮ ટકા) અને દેવાની સિક્યોરિટીઝ (૧૬.૮ ટકા)નો સમાવેશ થાય છે. ડિસેમ્બર ૨૦૨૪ ના અંતમાં દેવાની ચુકવણી (મૂળ ચુકવણી વત્તા વ્યાજ ચુકવણી) વર્તમાન આવકના ૬.૬ ટકા હતી, જે સપ્ટેમ્બર ૨૦૨૪ ના અંતમાં ૬.૭ ટકા હતી. ડિસેમ્બર ૨૦૨૪ ના અંતમાં બાહ્ય દેવું ૧૭.૯ બિલિયન ત્રિમાસિક ગાળામાં વધશે, જે સપ્ટેમ્બર ૨૦૨૪ ના અંતમાં ૫.૨ બિલિયન ત્રિમાસિક ગાળામાં વધશે, એમ તેમાં જણાવાયું છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે ''અમેરિકી ડોલર-નિર્મિત દેવું ભારતના બાહ્ય દેવાનો સૌથી મોટો ઘટક રહ્યો છે, જે ડિસેમ્બર ૨૦૨૪ ના અંતમાં ૫૪.૮ ટકા હતો

ત્યારબાદ ભારતીય રૂપિયો (૩૦.૬ ટકા), જાપાનીઝ યેન (૬.૧ ટકા), SDR (૪.૭ ટકા) અને યુરો (૩ ટકા) આવે છે.''

# રશિયન બ્લેકલિસ્ટેડ કંપનીને હિન્દુસ્તાન એરોનોટિકસે કોઈ ટેકનોલોજી નથી વહેંચી

## ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલને ભારતના વિદેશ મંત્રાલયે નકારી કાઢ્યું



નવીદિલ્હી, તા. ૩૧

ભારતે સોમવારે ન્યૂ યોર્ક ટાઈમ્સના એક અહેવાલને સ્પષ્ટપણે નકારી કાઢ્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) - એક સરકારી માલિકીની એરોસ્પેસ અને સંરક્ષણ કંપની - એ બ્લેકલિસ્ટેડ રશિયન શસ્ત્ર સપ્લાયરને સંવેદનશીલ ટેકનોલોજી વેચી હતી જેનો લશ્કરી ઉપયોગ થઈ શકે છે. વિદેશ મંત્રાલયે આ અહેવાલને ''તથ્યપૂર્ણ રીતે ખોટો અને ગેરમાર્ગે દોરનારો'' ગણાવ્યો અને તેના પર ''રાજકીય લાભ માટે મુદ્દાઓ ઉભા કરવાનો અને તથ્યોને ખોટી રીતે રજૂ કરવાનો'' આરોપ મૂક્યો.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ''રિપોર્ટમાં ઉલ્લેખિત ભારતીય કંપનીએ વ્યૂહાત્મક વેપાર નિયંત્રણ અને અંતિમ-વપરાશકર્તા પ્રતિબદ્ધતાઓ પરની તમામ આંતરરાષ્ટ્રીય જવાબદારીઓનું કડક પાલન કર્યું છે. વ્યૂહાત્મક વેપાર પર ભારતનું મજબૂત કાનૂની અને નિયમનકારી માળખું તેની કંપનીઓ દ્વારા વિદેશી વ્યાપારી સાહસોને માર્ગદર્શન આપે છે.'' મંત્રાલયે ''પ્રતિષ્ઠિત મીડિયા આઉટલેટ્સને આવા અહેવાલો પ્રકાશિત કરતા પહેલા મૂળભૂત યોગ્ય તપાસ કરવા વિનંતી કરી, જેને આ કિસ્સામાં અવગણવામાં આવી હતી.''

આ મામલે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આવી નથી. આ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે ન્યૂ યોર્ક ટાઈમ્સે ૨૮ માર્ચે એક લેખ પ્રકાશિત કર્યો - 'યુકે રિફોર્મ પાર્ટીના મુખ્ય દાતાએ શસ્ત્રોમાં વપરાતા ભાગો રશિયન સપ્લાયરને વેચ્યા.' રિફોર્મ યુકે પાર્ટીનું નેતૃત્વ નિગેલ ફેરાજ કરે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે બ્રિટિશ એરોસ્પેસ ઉત્પાદક એચઆર સ્મિથ ગ્રુપે એચએએલ દ્વારા રશિયાને લગભગ ૨ મિલિયન મૂલ્યના ટ્રાન્સમીટર, કોકપીટ સાધનો અને અન્ય સંવેદનશીલ ટેકનોલોજી મોકલી હતી. યુક્રેન યુદ્ધ પછી બ્રિટન અને અમેરિકાએ કહ્યું છે કે રશિયાને આ વસ્તુઓ વેચવા પર પ્રતિબંધ છે.

# ભારતના સાત રાજ્યો ભૂમિથી ઘેરાયેલા નહીં કે સમુદ્ર સાથે : યુનુસ

## બાંગ્લાદેશની કુટનીતિ : વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસની ભાષા બદલી



નવીદિલ્હી, તા. ૩૧

બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર, મોહમ્મદ યુનુસ, તાજેતરમાં ચીનની ચાર દિવસની મુલાકાતથી પાછા ફર્યા છે. તેમણે ચીનની મુલાકાત દરમિયાન એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું અને કહ્યું હતું કે ભારતના સાત રાજ્યો ભૂમિથી ઘેરાયેલા છે અને સમુદ્ર સાથે કોઈ જોડાણ નથી, તેથી તેમનો દેશ તે ક્ષેત્રમાં સમુદ્રનો વાસ્તવિક રક્ષક છે અને આ સંદર્ભમાં તેઓ ચીનને તે ક્ષેત્રમાં વિકાસ પ્રોજેક્ટ્સ સ્થાપવા માટે આમંત્રણ આપી રહ્યા છે. ચીનમાં મુહમ્મદ યુનુસના ભાષણની આ વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. ક્લિપમાં, મોહમ્મદ યુનુસને એમ કહેતા સાંભળી શકાય છે કે ઢાકા આ પ્રદેશમાં ''સમુદ્રનો એકમાત્ર રક્ષક'' છે. ભારતના પૂર્વ ભાગ, ભારતના સાત રાજ્યો, જેને સેવન સિસ્ટર્સ કહેવામાં આવે છે. તેઓ ભૂમિગત દેશો છે, ભારત એક ભૂમિગત પ્રદેશ છે. તેમની પાસે સમુદ્ર સુધી પહોંચવાનો કોઈ રસ્તો નથી.'' તેમણે ઉમેર્યું કે બાંગ્લાદેશ ''સમુદ્રનો રક્ષક'' છે, તેથી ચીનને તેના પ્રદેશનો વિસ્તાર કરવા આમંત્રણ આપી રહ્યું છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આર્થિક સલાહકાર પરિષદના સભ્ય સંજીવ સાન્યાલે ઈન્સ્ટાગ્રામ પર આ વીડિયો શેર કર્યો અને લખ્યું, ''રસપ્રદ વાત એ છે કે યુનુસ ચીનીઓને જાહેર અપીલ કરી રહ્યા છે કારણ કે ૭ ભારતીય રાજ્યો ચારે બાજુથી જમીનથી ઘેરાયેલા છે. ચીન બાંગ્લાદેશમાં રોકાણ કરવા માટે આવકાર્ય છે, પરંતુ તેનો અર્થ શું છે કે ૭ ભારતીય રાજ્યો ચારે બાજુથી જમીનથી ઘેરાયેલા છે?'' બાંગ્લાદેશની સરકારી સમાચાર એજન્સી બાંગ્લાદેશ સંવાદ સંસ્થા (ઈજ્જા) અનુસાર, યુનુસે તેમની ચાર દિવસીય મુલાકાત દરમિયાન બેઈજિંગ પાસેથી નદીના પાણી વ્યવસ્થાપન માટે ૫૦ વર્ષનો માસ્ટર પ્લાન બનાવવાની પણ માંગ કરી હતી. બાંગ્લાદેશનો આ માસ્ટર પ્લાન તિસ્તા નદીના જળ વ્યવસ્થાપન પર આધારિત છે. આ એક નદી છે જે ભારતમાં પણ વહે છે. પોતાના સંબોધન દરમિયાન, મોહમ્મદ યુનુસે ચીનને ''જળ વ્યવસ્થાપનનો માસ્ટર'' ગણાવ્યો અને કહ્યું કે અમે અહીં તમારી પાસેથી શીખવા આવ્યા છીએ કે આપણે પાણીના સંસાધનોને લોકો માટે કેવી રીતે ઉપયોગી બનાવી શકીએ છીએ.'' આ સાથે, મોહમ્મદ યુનુસે એમ પણ કહ્યું કે બાંગ્લાદેશની સમસ્યા ફક્ત એક નદીની નથી, પરંતુ (સમગ્ર) વ્યવસ્થાની છે.

# વકફ બીલને લઈ વિપક્ષ લોકોને દોરે છે ગેરમાર્ગે: રીજિજુ

નવીદિલ્હી, તા. ૩૧

કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું છે કે સંસદમાં વકફ બિલ રજૂ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. સોમવારે સાંજે તેમણે એક પત્રકાર પરિષદમાં કહ્યું કે સરકાર બિલની જોગવાઈઓ સાથે સંબંધિત દરેક પ્રશ્નનો જવાબ આપવા તૈયાર છે. આ બિલમાં એવી કોઈ જોગવાઈ નથી જે લઘુમતીઓ સાથે અન્યાયી હોય. રિજિજુના મતે, જે લોકો વક્ફ બિલનો વિરોધ કરી રહ્યા છે તેઓ શક્તિશાળી લોકો છે. તેમણે વકફ મિલકતો પર કબજો કરી લીધો છે. તેઓ લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેઓ કહી રહ્યા છે કે આ બિલ ગેરબંધારણીય છે. તેમણે સ્પષ્ટતા કરી કે દરેકને ટીકા કરવાનો અધિકાર છે, પરંતુ તેના માટે કોઈ આધાર હોવો જોઈએ. બકૌર રિજિજુના મતે, ધાર્મિક પ્રતિબદ્ધતાઓ અને માન્યતાઓને પાર કરીને ઘણી સંસ્થાઓ આ બિલને સમર્થન આપી રહી છે. આ બિલ ગરીબ મુસ્લિમો, બાળકો અને મહિલાઓના હિતમાં છે. આનાથી વક્ફ બોર્ડ હેઠળની મિલકતોના સંચાલનમાં જવાબદારી અને પારદર્શિતા સુનિશ્ચિત થશે.



આ બિલ ગરીબ મુસ્લિમો, બાળકો અને મહિલાઓના હિતમાં છે. આનાથી વક્ફ બોર્ડ હેઠળની મિલકતોના સંચાલનમાં જવાબદારી અને પારદર્શિતા સુનિશ્ચિત થશે

પત્રકાર પરિષદ દરમિયાન, રિજિજુએ કહ્યું કે, સરકાર સંસદમાં વક્ફ સુધારા બિલ રજૂ કરવાની તૈયારી કરી રહી છે, દરેકને ગૃહમાં ચર્ચા અને ચર્ચામાં ભાગ લેવાની અપીલ કરવામાં આવે છે. તેમણે કહ્યું કે સંસદની બહાર, રેકોર્ડ સંખ્યામાં પરામર્શ અને ચર્ચાઓ થઈ છે. લોકશાહી ભારતના ઈતિહાસમાં સૌથી વ્યાપક સલાહકાર પ્રક્રિયા અને સૌથી વધુ પ્રતિનિધિત્વનો રેકોર્ડ સંયુક્ત સંસદીય સમિતિ (JPC) ધરાવે છે. રિજિજુએ કહ્યું કે બિલ તૈયાર છે, તેઓ તમામ રાજકીય પક્ષોને ચર્ચામાં ભાગ લેવા અને સંસદના ફ્લોર પર પોતાના મંતવ્યો રજૂ કરવા વિનંતી કરવા માંગે છે. તેમણે વિપક્ષને ગેરમાર્ગે ન દોરવા અપીલ કરી. આજે વહેલી સવારે, કેરળ કેથોલિક બિશપ્સ કાઉન્સિલ (KCBC) એ રાજ્યના સાંસદોને કેન્દ્ર સરકારના આ બિલને સમર્થન આપવા અપીલ કરી હતી. તેમના સત્તાવાર ડ હેન્ડલ પર પત્ર શેર કરતા, રિજિજુએ કહ્યું કે, લઘુમતી સમુદાયના સભ્ય હોવાને કારણે, તેઓ અપીલનું સ્વાગત કરે છે. તમને જણાવી દઈએ કે કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી રિજિજુ બૌદ્ધ ધર્મના અનુયાયી છે. રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે પોતે પોતાની ઓળખ પ્રકાશિત કરી હતી અને તેને ભારત માટે ગર્વની વાત ગણાવી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે સ્પષ્ટતા કરી હતી કે ઓગસ્ટ ૨૦૨૪માં સંયુક્ત સંસદીય સમિતિ (JPC) ને મોકલવામાં આવેલ વક્ફ સુધારા બિલને સંસદના વર્તમાન બજેટ સત્રમાં ફરીથી રજૂ કરવામાં આવશે. તેમણે કહ્યું, 'અમે આ સત્રમાં જ વકફ બિલ રજૂ કરીશું.' તમને જણાવી દઈએ કે બજેટ સત્ર ૪ એપ્રિલે સમાપ્ત થશે. શાહે કહ્યું કે પ્રસ્તાવિત કાયદાથી કોઈએ ડરવાની જરૂર નથી. નરેન્દ્ર મોદી સરકાર બંધારણના દાયરામાં રહીને વક્ફ કાયદામાં સુધારો કરી રહી છે. તેમણે કહ્યું, 'વિરોધ મુસ્લિમોને ગેરમાર્ગે દોરી રહ્યો છે.' મુસ્લિમોના કોઈ પણ અધિકારો પર અંકુશ નહીં આવે. તેઓ ફક્ત જૂઠું બોલી રહ્યા છે.

સૌથી વધુ ફ્રોડ શેર બજારમાં કમાણીના નામે થાય છે, છતાં લોકો કરતાં રહે છે એકને એક ભુલ

# ઠગ દંપતિએ શેરબજારના નામે લોકોને લગાવ્યો અઢી કરોડનો ચૂનો

## એક યુવાને સાત લાખની ઠગાઈની ફરિયાદ કરતાં અનેક છેતરાયાનું સામે આવ્યુંઃ બીજા કિસ્સામાં જાણીતો જ વેપારીને છેતરી ગયોઃ સવા પાંચ લાખનું સોનાનું બિસ્કીટ લઇ ગયો પણ નાણા ન ચુકવ્યા



રાજકોટઃ ઓનલાઇન ફ્રોડના બનાવોમાં સૌથી વધુ છેતરપીંડી શેરબજારમાં કમાણી કરાવી આપવાના નામે થઇ રહી છે. આવા કિસ્સા રોજબરોજ બનતા હોવા છતાં લોકો લલચાતા રહે છે અને ફસાતા રહે છે. આવી વધુ એક ઘટના સામે આવી છે. આ કિસ્સામાં સાથે કોથે કેનેડાના પીઆર મેળવવાની લાલચ અપાઇ હતી. આ રીતે આ ગઠીયાઓએ અઢી કરોડનું ફ્રોડ આચર્યાનું ખુલ્યું હતું. આ પ્રકારની ઠગાઇ રોજબરોજ થતી રહે છે. બીજા કિસ્સામાં સોની પાસેથી સોનાનું બિસ્કીટ ખરીદી લઈ બાદમાં સવા પાંચ લાખ ન ચુકવી ચૂનો લગાવી દેવામાં આવતાં પોલીસે તપાસ શરૂ કરી હતી.

ફ્રોડની પ્રથમ ઘટના પર નજર કરીએ તો પાટનગર ગાંધીનગરમાં આ બનાવ બન્યો છે. શેર બજારમાં રોકાણ કરાવીને મોટી કમાણી કરાવી આપવાની અને વિદેશના પીઆર કરાવી આપવાની લાલચો આપીને ગઠિયાઓ ભોળા માણસોને ધૂતી લેવાના કિસ્સા બનતા રહે છે. આવા એક કિસ્સામાં ગઠિયાએ કલોલના યુવાનને સાત લાખ દસ હજારનો ચુનો લગાવ્યાની ફરિયાદ સીઆઇડી ક્રાઇમ દ્વારા નોંધીને તપાસ કરતાં આરોપીએ અમદાવાદ અને વડોદરામાં રહીને મકાન માલિકો સહિત અન્ય વ્યક્તિઓને પણ ગઠિયાએ અઢી કરોડમાં નવડાવ્યાનું ખુલ્યું છે. વધુ માહિતી અનુસારબ કલોલમાં રાધે બંગ્લોઝમાં રહેતા અને અંજલિ સિલેક્શન નામના વીવો કંપનીના મોબાઇલ સ્ટોરમાં પ્રમોટર તરીકે નોકરી કરતાં સંજય પપ્પુભાઇ કહાર નામના યુવાનની ફરિયાદ નોંધવામાં આવી છે. તેમાં આરોપી તરીકે જે તે સમયે વડોદરામાં આર સી દત રોડ પર સંગીતા એપાર્ટમેન્ટમાં રહેતા ભરત ઇન્દ્રવદન શાહ, તેની પત્નિ ફાલ્ગુની શાહ અને પુત્ર શિવમને દર્શાવ્યા છે.

પોલીસે જણાવ્યું હતું કે સંજય જ્યા નોકરી કરતો હતો. ત્યાં આરોપી ભરત અવાર નવાર મોબાઇલ ખરીદવા આવતો હોવાથી પરિચય થયા બાદ આરોપી તેને પોતાના ઝુડાલમાં સાવ્યા સ્કાય સ્થિત ઘરે ડેટાનું કામ કરાવવા લઇ જતો હતો. પરિણામે તેના પરિવાર સાથે પણ સારા સંબંધો થયા હતાં. દરમિયાન ભરતે પોતે તેની પત્નિ અને પુત્ર શેર બજારના એજન્ટ તરીકે કામ કરીને મોટો નફો રળતા હોવાનું કહી રોકાણ કરીને કમાણી કરવાની લાલચ આપી હતી. તેની વાતોમાં આવીને સંજયે રૂપિયા ૪.૮૫ લાખ આપ્યા બાદ કેનેડા પીઆર માટે રૂપિયા ૧૫.૭૯ લાખ આપ્યા હતાં. પરંતુ આખરે કમાણી પણ ન થઇ અને કેનેડાનું સ્વપ્ન પણ સાકાર નહીં થતાં છેતરાયાની જાણ થવાના પગલે ઉઘરાણી શરૂ કરતાં આરોપીએ ૧૩.૫૪ લાખ પરત આપ્યા હતાં. બાદમાં ગુમ થઇ ગયેલા આરોપી અને તેના પરિવારની અમદાવાદ અને વડોદરા જઇને તપાસ કરી ત્યારે સંજયને જાણવા મળ્યુ હતું કે આરોપીએ અમદાવાદ અને વડોદરામાં મકાન ભાડે આપનારા માલિકો ઉપરાંત અન્ય વ્યક્તિઓને પણ ફસાવીને રૂપિયા અઢી કરોડનો ચુનો લગાવ્યો છે. પોલીસે આ ગઠીયાઓને શોધી રહી છે.

ઠગાઇનો બીજો બનાવ પણ ગાંધીનગરમાં સેક્ટર ૨૧માં દુકાન ધરાવતાં જ્વેલર્સ સાથે બન્યો છે. તેમને પરિચિત સોનીએ જ રૃપિયા ૫.૩૧ લાખનો ચુનો લગાવ્યાનો કિસ્સો પોલીસ દફતરે પહોંચ્યો છે. જેમાં અક વખત સોનાનું બિસ્કીટ લઈને નાણા ચૂકવી દઈ વિશ્વાસનો માહોલ ઉભો કર્યા બાદ આરોપીએ બીજી વખત બિસ્કીટ મંગાવીને નાણાં નહીં ચૂકવવાની સાથે પોતાનો મોબાઇલ ફઓન જ બંધ કરી દીધો હતો. સેક્ટર ૨૧ પોલીસે આ સંબંધે તપાસ આદરી છે. પોલીસ સુત્રોમાંથી મળેલી માહિતી પ્રમાણે સેક્ટર 30માં સર્વોદયનગરમાં રહેતો હર્ષ તાનાજી કોળેકર નામનો યુવાન સેક્ટર ૨૧નાં ડિસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટરમાં ગણેશ ટચ એન્ડ જ્વેલર્સ નામે દુકાન ધરાવે છે.

દરમિયાન સેક્ટર ૨૪માં આદર્શનગર સોસાયટીમાં રહેતો મુળ કચ્છના નખત્રાણા તાલુકાના કોટડા જડોદર ગામનો ચેતન શાંતિલાલ સોની વ્યવસાયના કારણોથી પરિચયમાં હોય તેને ૫૮ ગ્રામનું સોનાનું બિસ્કીટ વેચાણ આપ્યુ ત્યારે આરોપીએ કુલ રકમ પૈકી ૧૨,૨૪૫ બાકી રાખી બાકીના નાણા ચૂકવ્યા હતાં.

દરમિયાન ગત તારીખ ૧૩મીએ ફરિયાદીને ફોન કરીને આરોપીએ જણાવ્યુ હતું, કે મારો કારીગર કાશી બંગાળી તમારી પાસે આવશે, તેને ૨૪ કેટેરનું ૫૮ ગ્રામ સોનુ આપજો, તેની જે કિંમત થાય તે હું બે દિવસમાં આપી દઇશ.

દરમિયાન કાશી બંગાળી અને જયદિપ બંગાળી નામના માણસો આવતાં તેને રૂપિયા ૫.૧૯ લાખનું સોનાનું બિસ્કીટ આપ્યુ હતું. દરમિયાન બે દિવસ બાદ હર્ષ દ્વારા આરોપીને ફોન કરવામાં આવ્યો ત્યારે ફોન બંધ આવ્યો હતો. બાદમાં વારંવાર ઉઘરાણી કરવા છતાં આરોપીએ ગલ્લાં તલ્લાં કરીને નાણા નહીં ચૂકવતા આખરે પોલીસને જાણ કરી હતી.

# પોણા ત્રણ કિલો પ્લાસ્ટિક સાથે ૬૨ આસામીઓને નોટિસ

## શહેરમાં ગંદકી કરતા આસામીઓ પાસેથી વસૂલવામાં આવ્યો દંડ : ભૂતકાળમાં જે વેપારીઓને નોટિસ ફટકારાઇ હોય ત્યાં તપાસ કરવામાં આવે તો સાચી હકીકત આવી શકે બહાર



રાજકોટ, તા. ૩૧

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક અને ગંદકી કરતા આસામીઓ સામે લાલ આંખ કરવામાં આવી હતી જેમાં ૬૨ આસામીઓ પાસેથી ૨.૭૩ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૩૫૦૦નો વહીવટી ચાર્જ વસુલવામા આવ્યો હતો. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

માત્ર એક બે દિવસ પૂરતી જ તેની પરંતુ સતત આ વિભાગ દ્વારા ઝુંબેશ ચલાવવામાં આવતી હોય છે ત્યારે મહત્વનું એ છે કે જે જગ્યા પર વેપારીઓને દંડિત કરવામાં આવ્યા હોય તે જગ્યા પર ફરી તપાસ અથવા તો ચકાસણી કરવામાં આવે તો સાચી હકીકત બહાર આવી શકે કે વેપારીઓ પ્લાસ્ટિકનો ઉપયોગ કરે છે કે કેમ હાલ આ અંગે હજુ પણ અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે અને કામગીરીને પણ ઘણી વાતો થઈ રહી છે.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૬ આસામીઓ પાસેથી ૧.૫૭ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૮૪૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૯ આસામીઓ પાસેથી ૦.૩૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૦૮૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૭ આસામીઓ પાસેથી ૦.૮ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૪૨૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્સ્પેક્ટર/ સેનેટરી સબ ઈન્સ્પેક્ટર દ્વારા કરવામાં આવેલ.

# તરઘડીયા ગામે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા પાણી માટે યોજાઈ ચિંતન બેઠક

## પાણીનો સંગ્રહ અને કઈ રીતે બચાવવું તે અને ઉપસ્થિતોને અપાઈ સમજણ

રાજકોટ મિરર, તા.૩૧

રાજકોટ જીલ્લાનું રાજકોટ તાલુકાનું તરઘડીયા ગામમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વરસાદી પાણીનું યોગ્ય જતન કરવા માટે મિટિંગનું આયોજન કરવામાં આવેલ. આ બેઠકમાં ગ્રામજનો, ખેડૂતો અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિતિ રહયા હતા.ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ના પ્રમુખ દિલીપભાઈ સખીયા એ જણાવેલ કે, ગામના લોકોને ચેકડેમ દ્વારા વરસાદી પાણી કેવી રીતે બચાવવું તે સમજાવ્યું હતું. તેમણે વરસાદી પાણીનું મહત્વ, તેનો સંગ્રહ અને જમીન સ્તરને ઊંચું લાવવા માટે ચેકડેમ કેવી રીતે અસરકારક છે, તે અંગે ગામ લોકોને ને માર્ગદર્શન આપ્યું. તેમણે સમજાવ્યું કે ચેકડેમથી જળસ્તર ઉંચું આવશે, વરસાદી જળનો સંગ્રહ કરવાથી જમીનના અંદરના પાણીનું સ્તર વધશે, ખેતી માટે સતત પાણી ઉપલબ્ધ રહેશે, ખેતી ખર્ચ ઘટશે અને ખેડૂતો એક કરતા વધુ સિઝનમાં ખેતી કરી શકશે.

દરેક લોકો વરસાદી પાણીને સોના કરતા પણ કિંમતી સમજીને, આ કાર્યમાં જોડાઈ જવું જોઈએ, કારણ કે આજે નહીતો કાલે વરસાદી પાણી બચાવ્યા વિના ચાલશે જ નહિ. તો દરેક લોકોએ વરસાદી પાણીને યોગ્ય જતન કરવા વધુમાં વધુ પાણીને જમીનમાં ઉતરે તેના માટે ચેકડેમ બનતા હોઈ તેમાં જોડાવવું જોઈએ, અને વરસાદી પાણીના ટાંકા બનાવીને બોર રિચાર્જ કરવા જોઈએ.સમગ્ર ગુજરાતમા સંપૂર્ણ લોકભાગીદારીથી પૃથ્વીના સમગ્ર જીવસૃષ્ટિના રક્ષણ માટે જમીનના તળમાં બોર-કુવામાં વરસાદી મીઠા પાણીનાં તળ ઊંચા લાવવા, માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા અનેક ચેકડેમ રીપેરીંગ ઊંચા, ઊંડા તેમજ નવા બનાવવામાં આવેલ છે. તથા અમારી સંસ્થા દ્વારા બોર રિચાર્જ ની પ્રક્રિયા પણ કરવામાં આવે છે. ઉપરાંત ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૧,૧૧૧ ચેકડેમ તૈયાર કરવા તથા ૧૧,૧૧૧ બોર રીચાર્જ કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

# મંજૂર થયેલા કામો ઝડપથી પૂર્ણ કરોઃ રાઘવજી પટેલ

## સફાઈ, તળાવના પાળાના રીપેરીંગ કોઝવેના કામો ડામર રોડ, રીસર્ફેસિંગ, પેચવર્ક, નવા રોડની મંજૂરી તથા જમીન માપણીને લગતા કામોને અગ્રતા આપવા જણાવ્યું

રાજકોટ તા. ૩૧

ગઈકાલે રાજકોટ કલેક્ટર કચેરી ખાતે આયોજન મંડળની બેઠક મળી હતી જેમાં થયેલા વિવિધ કામો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી અને સમીક્ષા પણ હાથ ધરવામાં આવી ત્યારે આ બેઠકમાં અધ્યક્ષ સ્થાને રાઘવજીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલે કામો અંગે માહિતી મેળવી હતી અને જે કામો મંજુર થયેલા છે અને હજુ શરૂ થયા ન હોય તેવા કામોને ઝડપભેર પૂર્ણ કરવા માટે આદેશ પણ કરવામાં આવ્યો હતો. જિલ્લાની પીવાના પાણીની સ્થિતિને તપાસતા ડેમમાં પાણીના જથ્થા પાણી વિતરણની પરિસ્થિતિ તેમજ ઉનાળામાં સંભવિત અસર પામતા વિસ્તારો માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા થયેલ આયોજનની સમિક્ષા કરવામાં આવી હતી.

આ તકે અધિક કલેક્ટર એ.કે. ગૌતમે મંત્રી પટેલને પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી જિલ્લામાં થઈ રહેલા વિવિધ કામોના આયોજનથી વાકેફ કર્યા હતા. મંત્રી પટેલે આગામી ચોમાસાને ધ્યાને લઈ સિંચાઈના કામો, ચેકડેમની મરામત, પીજીવીસીએલ દ્વારા થતી મેન્ટેનન્સની કામગીરી સફાઈ, તળાવના પાળાના રીપેરીંગ કોઝવેના કામો ડામર રોડ, રીસર્ફેસિંગ, પેચવર્ક, નવા રોડની મંજૂરી તથા જમીન માપણીને લગતા કામોને અગ્રતા આપવા જણાવેલ હતું. આ સાથે એનિમલ હાઉસ ખાતે પશુઓની કાળજી, કેચ ધ રેઈન અભિયાન હેઠળ વધુને વધુ ભૂગર્ભ જળસ્તર વધારવા કામગીરી કરવા ભાર મૂક્યો હતો અને એપ્રિલના મધ્ય ભાગથી જ પ્રિમોન્સૂન કામગીરી હાથ ધરવા અધિકારીઓને સૂચના આપી હતી. જિલ્લા આરોપી મિશન હેઠળ યોજાયેલ બેઠકમાં મંત્રીએ બાળ મૃત્યુદર ઘટાડવા તમામ પ્રસુતિ હોસ્પિટલોમાં કરાવા વિશે સૂચન કરી, કુપોષણમુકત ભારત હેઠળ જિલ્લામાં થયેલી કામગીરીની સમિક્ષા કરી હતી.

અઢી અક્ષરના પ્રેમને કારણે વધુ એક જિંદગી ફના થઇ ગઇઃ ક્રુર હત્યાની ઘટના સીસીટીવીમાં કેદ

# લવમેરેજ કરનાર યુવાનના પિતાને ધોકાવાળી કરી ઢાળી દેવાયા

## યુવતિના માવતર પક્ષના લોકોએ સરાજાહેર લોથ ઢાળી દીધીઃ હત્યામાં ત્રણ મહિલાઓ પણ સામેલ



રાજકોટઃ એક ચોંકાવનારી હત્યાની ઘટના સામે આવી છે. લવલફરાને કારણે મારામારી, અપહરણ, આપઘાત સહિતના કિસ્સા બનતા રહે છે. સાથે સાથે પ્રેમલગ્નને કારણે હત્યાની ઘટનાઓ પણ બનતી રહે છે. એક યુવાને પ્રેમલગ્ન કરતાં તેનો ખાર તેના પિતા પર ઉતારાયો હતો. ભાગીને લગ્ન કરનાર દિકરીના માવતરે જમાઈના પિતાની હત્યા કરી હતી. ત્યાં સુધી ધોકા ફટકાર્યા હતાં જ્યાં સુધી તે મરી ન ગયા. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઇ હતી. તેના દ્રશ્યો જોઇ લોકો ફફડી ગયા હતાં. પોલીસે હત્યારાઓને દબોચી લેવા કાર્યવાહી હાથ ધરી હતી.

ચોંકાવનારી હત્યાની આ ઘટના કચ્છના માંડવી તાલુકાના બીદડા ગામે બની છે. અહિ પ્રેમલગ્ન કરનાર પુત્રના પિતાની જાહેરમાં હત્યા કરવામાં આવી છે. આ હત્યા બીજા કોઈએ નહીં પરંતુ પ્રેમલગ્નથી નારાજ યુવતીનાં પરિવારજનોએ જ કરી છે. યુવકના પિતા બસ સ્ટેશન પાસે બેઠા હતા તે દરમિયાન રોષે ભરાયેલી સાસુ બે મહિલાઓ સાથે આવીને ધોકો લઈ તૂટી પડી હતી. વેવાઈ દમ ના તોડે ત્યાં સુધી સાસરીપક્ષ મારતો રહ્યો હતો. બીજી તરફ ત્યાં આસપાસમાં કેટલાય લોકો હાજર હતા. જોકે, તેઓ માત્ર તમાશો જોતા રહ્યા હતા. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ છે. જર,જમીન અને જોરૂ ત્રણેય કજિયાના છોરૂં આ કહેવત કચ્છના માંડવી તાલુકાના બીદડા ગામે પુરવાર થઇ છે. જ્યાં પુત્રના પ્રેમલગ્ન બાબતે પિતાને પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. પુત્રના સાસરીપક્ષની ત્રણ મહિલાઓ અને એક પુરુષે સાથે મળી વૃદ્ધ ઉપર જીવલેણ હુમલો કર્યો હતો. લાકડીથી તેમજ ઢીકાપાટુનો માર માર્યો હતો.

આરોપીઓ એટલી હદે ઉશ્કેરાટમાં આવી ગયા હતા કે, વૃદ્ધ ભાનમાં ન રહ્યા ત્યાં સુધી મારતા રહ્યા હતા. આ ઘટનામાં ઘાયલ વૃદ્ધનું ત્રણ દિવસની સારવાર બાદ આજે હોસ્પિટલના બિછાને મૃત્યુ નીપજયું છે. પોલીસે હત્યાની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપવા ચક્રો ગતિમાન કર્યાં છે. આ અંગે કોડાયના પીઆઇ એચ એમ વાઘેલા સાથે વાત કરતા તેમણે વિગતો આપતાં જણાવ્યું હતું કે, ભોગ બનનાર ૭૬ વર્ષીય લધાભાઈ સંધારના પુત્ર રાજેશે થોડા માસ પહેલાં ગામમાં રહેતી અને પોતાના જ સમાજની યુવતી સાથે ભાગી જઈ પરિવારની મરજી વિરૂધ્ધ કોર્ટ મેરેજ કરી લીધા હતા. આ અંગેનું મનદુઃખ રાખી આરોપીઓ રાજબાઈ વિરમ સંધાર (સાકરિયા), જાનબાઈ બુધિયા, સોનબાઇ સાકરિયા વિશાલ રમેશ સંધાર (સાકરિયા) એ એક સંપ કરીં બીદડા ગામના બસ સ્ટેશન પાસે આવી નજીકની હોટેલ પાસે બેઠેલા લધાભાઈ ઉપર ધોકા તથા ઢીકા-પાટુનો માર મારી ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી હતી. આ બનાવ બાદ ભોગ બનનારને સ્થાનિકે પ્રાથમિક સારવાર અપાવ્યા બાદ પરિજનો દ્વારા –થમ ભુજની જીકે જનરલ હોસ્પિટલ અને ત્યારબાદ ગાંધીધામની ડો.હેમાંગ પટેલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પંરતુ દર્દીની સ્થિતિ તપાસી ખાનગી તબીબે તુરંત ગાંધીધામની રામબાગ સરકારી હોસ્પિટલમાં તેમને રિફર કર્યા હતા, જ્યાં આજે વહેલી સવારે તેમનું મૃત્યુ નીપજ્યું હતું. પોલીસે આ મામલે આગળની વધુ તપાસ હાથ ધરી છે. બન્ને પક્ષ સંધાર સમાજના છે. મુખ્ય આરોપીમાં પુત્રીનાં માતા વીરબાઈ સાકરિયા તેમનાં સાસુ સોનબાઇ સાકરિયા અને સોનબાઇનાં બહેન જાનબાઈ તથા કૌટુંબિક ભત્રીજા વિશાલનો સમાવેશ થાય છે. આ મામલે હતભાગીના મોટા પુત્ર દિનેશભાઇ સંધારનો સંપર્ક સાધતાં તેમણે જણાવ્યું કે, ગત જાન્યુઆરી માસના પ્રથમ અઠવાડીએ જ ત્રીજા નંબરનો સૌથી નાનો ભાઈ રાજેશ પરિવારની જાણ બહાર સમાજની યુવતીને ભગાડી ગયો હતો. આ બનાવ બાદ સામા પક્ષે ગત ૩ જાન્યુઆરીના બીદડા આઉટ પોસ્ટ ખાતે અપહરણની ફરિયાદ કરેલી જેના આધારે કોડાય પોલીસે ભાઈને ટ્રેક કરી વાપી ખાતે શોધી લીધા હતા પરંતુ તેઓની પાસે લગ્ન નોંધણીના પુરાવા હોવાથી પોલીસ અટક કર્યા વિના પરત ફરી હતી. જોકે, ભાઈનો ત્યારબાદ અમારા પરિવાર સાથે કોઈ જ સંપર્ક રહ્યો નથી. આ વિશે તેણે ઘરમાં કોઈ જ પ્રકારની વાત પણ ક્યારેય કરી ન હતી, અન્યથા જરૂર કોઈ યોગ્ય નિર્ણય લઈ શકાયો હોત.

આ લગ્નની વાતની અમને કોઈને ખબર ન હતી, તેમ છતાં સામા પક્ષના લોકો શંકા રાખતા હતા. આ જ વહેમના પગલે મીઠાબેન અને ભાવનાબેન નામની મહિલાઓએ બે સપ્તાહ પૂર્વે ઘરે આવી પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમણે કહ્યું હતું કે, આ સારું થયું નથી એટલે તમારૂ પણ સારૂ થશે નહીં. જે અંગેની ફરિયાદ સ્થાનિક બીદડા આઉટ પોસ્ટમાં કરી હતી પરંતુ યોગ્ય કાર્યવાહીના અભાવે ભુજ એસપી કચેરીએ લેખિત રજૂઆત કરી હતી, તેમ છતાં પોલીસે મામલાને ગંભીરતાથી લીધી નહિ લીધાનો આક્ષેપ કરાયો હતો. પોલીસ હવે હત્યારાઓને શોધી રહી છે.

### જર જમીન ને જોરૂ ત્રણેય કજીયાના છોરૂઃ કંઈક આવા જ કારણોસર થયા બે ખૂન

# આડાસંબંધ-જમીનની માથાકુટઃબે ભાઈઓની હત્યા

## એક બનાવમાં ભાભી સાથે લફરૂ કરનારા નાના ભાઇએ મોટાને ભરઉંઘમાં ઢાળી દીધોઃ બીજામાં જમીન માટેની જફામાં મોટાએ નાનાભાઈનો લઇ લીધો જીવ

રાજકોટઃ આડા સંબંધનો અંજામ હમેંશા ખતરનાક કે કરૂણ આવતો હોય છે. આવી જ એક ઘટનાનો પર્દાફાશ થયો છે. જેમાં સગા મોટાભાઈને નાના ભાઈએ પતાવી દીધો હતો. નાના ભાઈને પોતાની જ ભાભી સાથે આડોસંબંધ બંધાઇ ગયો હતો. આ બંને પ્રેમમાં એવા અંધ બની ગયા હતાં કે વાત હત્યા સુધી પહોંચી ગઇ હતી. ભાભીને પામવા માટે નાનો ભાઈ ભાન ભુલી ગયો હતો અને ભર ઉંઘમાં રહેલા ભાઇ પર લોખંડની પરાઈથી તૂટી પડી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ ઘટના જાહેર થતાં જ પોલીસ હરકતમાં આવી હતી અને હત્યારાને પકડી લીધો હતો. આવી જ બીજી એક ઘટનામાં મોટા ભાઈએ નાના ભાઈને મોતને ઘાટ ઉતાર્યો હતો. આ હત્યા પાછળ જમીનના ભાગનો ડખ્ખો કારણભુત હતો.

ચોંકાવનારી આ હત્યાની ઘટના પર નજર કરીએ તો બનાવ છોટાઉદેપુરના ગુડા ગામે બન્યો છે. જો કે આ પ્રકારના બનાવો રાજ્યભરમાં અવાર-નવાર બનતા રહે છે. આડાસંબંધોમાં રચ્યા પચ્યા રહેતાં અમુક લોકો માટે આ ઘટના લાલબત્તી સમાન છે. આ ઘટનામાં નાના ભાઈએ રાતે ખાટલામા સુતેલા મોટાભાઈના માથામાં પરાઈ ફટકારી મોતને ઘાટ ઉતાર્યો હતો. છોટાઉદેપુરના ગુડા ગામે નાનાભાઈ એ મોટાભાઈની પરાઈ મારીને હત્યા કરવાની ઘટના સામે આવી છે. હત્યા કરવા પાછળ નાના ભાઈના પોતાની ભાભી સાથેના આડા સંબંધમાં મોટી ભાઈ આડખીલી ન બને તે માટે હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. જીલ્લાના અંતરિયાળ વિસ્તારના ગુડા ગામે રહેતા મોરશનભાઈ ભોળિયાભાઈ રાઠવા પરિવાર સાથે રહેતા હતા. મોરશનભાઈ રાઠવાની



પત્ની બલીબેન રાઠવાને પોતાના દિયર શંકરભાઈ ભોળિયાભાઈ રાઠવા સાથે આડા સંબંધ હતા. શંકરભાઈ ભોળિયાભાઈ રાઠવાને પોતાની ભાભી સાથે આડા સંબંધમાં પોતાનો મોટો ભાઈ આડખીલી બને તેવી આશંકાને લઈને રાતે કોઈપણ સમયે ઘરની બહાર સૂઈ રહેલા પોતાના મોટાભાઈ મોરશનભાઈ ભોળિયાભાઈ રાઠવાને મોઢાના ભાગે તથા માથાના ભાગે પરાઈ વડે જોરદાર ઘા કરી મોતને ઘાટ ઉતારી દીધો હતો.

ક્રુરતાથી મોટાભાઈ મોરશનભાઈ રાઠવાની હત્યા કરી નાનોભાઈ શંકરભાઈ ભાગી ગયો હતો.

આ વાતની જાણ સવારે ઘરના સભ્યો જાગી જતાં થઈ હતી.જેથી તેઓએ ઝોઝ પોલીસને જાણ કરતા ઝોઝ પોલીસે લાશનો કબજો મેળવી પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપી, નાનાભાઈ શંકરભાઈ ભોળિયાભાઈ રાઠવાની સામે હત્યાનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી અને ઝોઝ પોલીસ મથકના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર વનરાજ કામલિયાએ ગણતરીના કલાકોમાં જ આરોપી નાનાભાઈ શંકરભાઈ રાઠવાની ધરપકડ કરી લીધી છે.

હત્યાની બીજી એક ઘટના ભાવનગરના ભાલના સવાઈનગર ગામમાં બની છે. જેમાં જમીનમાં ભાગ મામલે ઝઘડો કરી ઉશ્કેરાયેલા મોટા ભાઈએ ધારિયાના ઘા ઝીંકી નાના ભાઈની હત્યા કરી નાખતા ચકચાર મચી જવા પામી હતી.

ઘટનાની મળતી વિગતો અનુસાર વેળાવદર ભાલ પોલીસ સ્ટેશન તાબેના સવાઈનગર ગામમાં રહેતા મુકેશ બટુકભાઈ પરમારને તેના પિતા બટુકભાઈ તળશીભાઈ પરમારને વરસાઈમાં મળેલી તેતાલીસ વિઘા ખેતીની જમીનમાં ભાગ જોઈતો હોવાથી તે અવારનવાર તેના પિતા પાસે ખેતીની જમીનમાં ભાગ માંગતો હતો.ગઈ કાલે સાંજના સમયે બટુકભાઈ અને તેનો નાનો પુત્ર ચંદુભાઈ ઘરે હાજર હતા ત્યારે મુકેશો ઘરે આવી"મને મારી જમીનનો ભાગ આપી દો,મારે જમીન વેચી નાખવી છેઁ,તેમ કહી તેના પિતા અને નાનાભાઈ સાથે ઝઘડો કર્યો હતો અને ઉશ્કેરાઈ જઈ ચંદુભાઈના માથાના ભાગે અને હાથ ઉપર ધારિયાના ઘા ઝીંકી દઈ ગંભીર ઈજા પહોંચાડી હતી.

બટુકભાઈ ચંદુભાઈને બચાવવા માટે જતા તેમને પણ મુકેશો ધારિયાનો ઘો ઘા ઝીંકી સામાન્ય ઈજા પહોંચાડી હતી.આ બનાવમાં ગંભીર ઈજાગ્રસ્ત ચંદુભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સારવાર અર્થે ભાવનગર હોસ્પિટલ ખસેડવામાં આવતા તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.આ ઘટનાની જાણ થતા ડીવાયએસપી સિંઘલ તેમજ વેળાવદર ભાલ પોલીસ કાફલો હોસ્પિટલ દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી.હત્યાના આ બનાવ અંગે બટુકભાઈ તળશીભાઈ પરમારે તેના પુત્ર મુકેશ પરમાર વિરૂદ્ધ વેળાવદર ભાલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી. આમ બે ઘટનામાં બે ભાઈઓની હત્યા તેના જ ભાઈના હાથે થઈ હતી. એકમાં આડા સંબંધ તો બીજામાં જમીનનો ડખ્ખો કારણભુત હતો.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# વકફનો "કફ" !

## આગેવાનો પોતાના સ્વાર્થ માટે સમાજને આડા પાટે ચઢાવી રહ્યા છે




આગેવાનોનું મુખ્ય કામ સમાજના વિકાસનું હોય છે, સમાજને પ્રેરણા આપીને સકારાત્મક લક્ષ્ય માટે સક્ષમ-શક્તિમાન કરવાનું હોય છે. જોકે વર્તમાન સમયમાં શ્રેષ્ઠ નેતાગીરીનો અભાવ જોવા મળે છે. ધાર્મિક-સામાજિક નેતાગીરી પણ સમાજને ખુદના સ્વાર્થ માટે આડા પાટે ચઢાવે છે. લોકોએ આવી નેતાગીરીથી ચેતવું જોઈએ.

ગઈ કાલે ઈસ્લામિક જગતમાં ઈદનો પવિત્ર દિન હતો. વર્તમાન સમયમાં વકફ બોર્ડનો વિવાદ ચાલે છે. અમુક ઈસ્લામિક નેતાઓએ આ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી દીધો છે. સમય અનુસાર કાયદાકીય ફેરફારો જરૂરી હોય છે અને સરકાર દ્વારા થતા જ હોય છે. વકફ બોર્ડના કાયદામાં પણ પરિવર્તન થઈ રહ્યા છે. આ સામાન્ય પ્રક્રિયા છે. આ પ્રક્રિયાથી જુજ નેતાઓના અધિકારો છીનવાઈ રહ્યા છે. આ નેતાઓ પોતાના સ્વાર્થ માટે સમગ્ર સમાજને આડા પાટે ચઢાવતા હોય તેમ લાગે છે.

ઈદના દિને હાથમાં કાળી પટ્ટી બાંધીને સરકારનો વિરોધ કરવા વકફ અગ્રણીઓએ એલાન કર્યું હતું. પોતાના જ ધર્મના ઉત્સવને વિવાદમાં ઢસડવામાં આ નેતાઓને સંકોચ થતો નથી. આ બાબત દર્શાવે છે કે નેતાઓ પોતાનો સ્વાર્થ સાધવા મરણિયા થયા છે.

વકફ બોર્ડના એલાનના કારણે અનેક શહેરોમાં કાળી પટ્ટી દ્વારા વિરોધ થયો હતો. આ કારણે વિવાદો સર્જાયા હતા. અનેક સ્થાનો પર તનાવનો માહોલ થયાના પણ વાવડ મળે છે. તનાવની સૌથી વધારે આડઅસર સામાન્ય માણસને થતી હોય છે. નેતાઓ તનાવ સર્જીને છટકી જાય અને પરેશાન સામાન્ય માણસ થાય છે.

વકફ બોર્ડના નેતાઓ પોતાના સ્વાર્થ માટે સરકારનો વિરોધ કરે છે. આ પ્રક્રિયામાં સરકારના અન્ય વિરોધીઓનો સહયોગ મળે છે. કોંગ્રેસ સહિતના વિપક્ષો મોદી સરકારના વિરોધી છે, પણ કંઈ ઉકાળી શક્યા નથી. આ કારણે સરકાર વિરોધી કોઈ પણના કાર્યક્રમમાં વિપક્ષો ટેકો આપી દે છે. વિપક્ષોનો પણ પોતાનો સ્વાર્થ છે.

દરેક ક્ષેત્રના નેતાઓ પોતાના સ્વાર્થ માટે ઈસ્લામિક અનુયાયીઓને ઉશ્કેરી રહ્યા હોય તેમ લાગે છે. કોંગ્રેસ તથા અન્ય વિપક્ષો પોતે ઈસ્લામિક લોકો માટે ચિંતિત હોવાનો દેખાવ કરી રહ્યા છે, પણ આવા રાજકીય નેતાઓને સમાજે પ્રશ્ન કરવા જોઈએ. ભારતમાં સૌથી વધારે શાસન કોંગ્રેસનું રહ્યું છે. મુસ્લિમોના મતો ખૂબ મળ્યા હતાં, પણ મુસ્લિમ આગેવાનો સિવાય કોઈનું કલ્યાણ થયું નથી. સામાન્ય મુસ્લિમોનું જીવન ધોરણ ઉંચું આવે તેવો પ્રયત્ન પણ નથી થયો. રાજનીતિને માત્ર મત મેળવવામાં જ રસ રહ્યો છે.

કોંગ્રેસ સહિતના પક્ષોએ મુસ્લિમોના મતો લઈને વર્ષો સુધી રાજ કર્યું, છતાં મુલિમ નેતાઓ સિવાય કોઈની દશા સુધરી નથી. આ અંગે નેતાઓ સામે સવાલો થવા જ જોઈએ, હવે દેશમાં રાજકીય માહોલ બદલાઈ ગયો છે. મોદીયુગમાં ઈસ્લામિક નેતાઓ અને કોંગ્રેસ સહિતના પક્ષોની દૂકોનોમાં મંદી આવી ગઈ છે. પોતાનું અસ્તિત્વ જાળવવા આ ટોળકી મરણિયા પ્રયાસ કરે છે. આ માટે કોમી તનાવ સર્જાય તેવા પ્રયાસો પણ થાય છે. ઈદ જેવા મહત્વના દિને પણ વિવાદો છેડી દે છે.

મુસ્લિમ સમુદાયનો ઊપયોગ વર્ષોથી વોટબેંક તરીકે થાય છે. નેતાઓ મુશ્કેલીમાં મૂકાય ત્યારે સામાન્ય મુસ્લિમ નાગરિકોને ઉશ્કેરીને તેનો ઉપયોગ કરે છે. કોમી તનાવ સર્જીને પોતે ગાયબ થઈ જાય છે. સામાન્ય નાગરિકો વચ્ચે વેરઝેરનો માહોલ બની જાય છે, જે સમાજ જીવન માટે જોખમી બની જાય છે.

વકફ જેવા મુદા રાજકીય કફ જેવા છે. નેતાઓ - આગેવાનો પોતાની સમસ્યા દૂર કરવા કોમી ઝેર ફેલાવવા પ્રયાસ કરે છે. લોકોએ ચેતવું જરૂરી છે. ઝેર ક્યારેય શ્રેષ્ઠ જીવન આપી ન શકે.




પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા


# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પર સોનિયા ગાંધીનો પલટવાર

## NEP 2020 એ સરકાર માટે કેન્દ્રીકરણ, વ્યાપારીકરણ અને સાંપ્રદાયિકતાના "3C' ના મુખ્ય એજન્ડાને આગળ વધારવાનું એક સાધન

નવીદિલ્હી, તા. ૩૧

કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના મુદ્દા પર કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની નરેન્દ્ર મોદી સરકારને ઘેરી લીધી છે. સોનિયા ગાંધીએ આરોપ લગાવ્યો કે સરકાર કોઈપણ જરૂરી ચર્ચા વિના અને રાજકીય ઉદ્દેશ્યોને પ્રાથમિકતા આપીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ લાદી રહી છે. સોનિયા ગાંધીએ આરોપ લગાવ્યો કે NEP 2020 એ સરકાર માટે કેન્દ્રીકરણ, વ્યાપારીકરણ અને સાંપ્રદાયિકતાના '3C' ના મુખ્ય એજન્ડાને આગળ વધારવાનું એક સાધન છે. NEP પર તમિલનાડુ સરકાર અને કેન્દ્ર વચ્ચે ઝઘડો ચાલુ છે અને સ્ટાલિન સરકાર કેન્દ્ર પર રાજ્ય પર હિન્દી ભાષા લાદવાનો આરોપ લગાવી રહી છે. આ સંદર્ભમાં, સોનિયા ગાંધીએ કેન્દ્ર સરકારની ટીકા કરી છે, જોકે તેમણે આ મુદ્દા પરના તેમના લેખમાં હિન્દી વિવાદનો ઉલ્લેખ કર્યો નથી.

મુખ્યમંત્રી એમકે સ્ટાલિનના નેતૃત્વ હેઠળના ડીએમકેએ આ નીતિનો સખત વિરોધ કર્યો છે અને કહ્યું છે કે તમિલનાડુ ક્યારેય હિન્દી લાદવાનું સ્વીકારશે નહીં. દરમિયાન, ડીએમકેના સાથી કોંગ્રેસે વધુ સંયમિત વલણ અપનાવ્યું છે, અને કહ્યું છે કે હિન્દી મરજીથી શીખી શકાય છે, લાદીને નહીં.

સોનિયા ગાંધીએ કેન્દ્ર સરકાર પર રાજ્ય સરકારોને મુખ્ય નીતિગત નિર્ણયોમાંથી બાકાત રાખીને શિક્ષણના સંઘીય માળખાને નબળું પાડવાનો આરોપ લગાવ્યો છે.

તેમણે કહ્યું કે છેલ્લા ૧૧ વર્ષથી આ સરકારના કામકાજમાં અનિયંત્રિત કેન્દ્રીકરણ એક વિશેષતા રહી છે, પરંતુ તેની સૌથી વધુ નુકસાનકારક અસર શિક્ષણ ક્ષેત્રે પડી છે. કેન્દ્રીય શિક્ષણ સલાહકાર બોર્ડમાં કેન્દ્રીય અને રાજ્ય શિક્ષણ પ્રધાનોનો સમાવેશ થાય છે પરંતુ તેઓ ૨૦૧૯ થી મળ્યા નથી.

કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષે રાજ્ય સરકારો સાથે સલાહ લીધા વિના NEP ૨૦૨૦ ને એકપક્ષીય રીતે લાગુ કરવા બદલ કેન્દ્રની ટીકા કરી. તેમણે કહ્યું કે શિક્ષણમાં મૂળભૂત પરિવર્તન લાવનારી નીતિ રજૂ કરવા છતાં, કેન્દ્ર સરકારે તેના અમલીકરણ અંગે રાજ્ય સરકારો પાસેથી એક પણ વખત અભિપ્રાય માંગ્યો નથી. બંધારણની સમવર્તી યાદીમાં શિક્ષણનો સમાવેશ કરવા પર ભાર મૂકતા, ગાંધીએ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વધુ સહયોગની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે સરકાર પર "લોકશાહી પરામર્શને અવગણવાનો અને વિવિધ પ્રાદેશિક દ્રષ્ટિકોણને ધ્યાનમાં લીધા વિના નીતિઓ લાદવાનો" આરોપ મૂક્યો.ચિંતા વ્યક્ત કરતા સોનિયા ગાંધીએ લખ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં, કેન્દ્ર સરકારે શિક્ષણ ક્ષેત્રમાં સત્તાનું કેન્દ્રીકરણ કર્યું છે, શિક્ષણમાં રોકાણનું વ્યાપારીકરણ કર્યું છે, તેને ખાનગી ક્ષેત્રને આઉટસોર્સ કર્યું છે અને પાઠ્યપુસ્તકો, અભ્યાસક્રમ અને સંસ્થાઓનું સામુદાયિકીકરણ કર્યું છે. સોનિયા ગાંધી માને છે કે કેન્દ્રીકરણની સૌથી નુકસાનકારક અસર શિક્ષણ ક્ષેત્રે પડી છે.

# UP -મુંબઈ સહિત નમાઝ બાદ અનેક સ્થળોએ તણાવ; મેરઠમાં ગોળીબાર

## સહારનપુરમાં ઈદની નમાજ પછી લોકોએ પેલેસ્ટિનિયન ધ્વજ લહેરાવ્યો



લખનઉ, તા.૩૧

આજે રમઝાન માસનાં અંત સાથે દેશભરમાં ઈદ ઉલ ફિત્રની ઉજવણી કરવામાં આવી રહી છે. ઈદને લઈને આજે સવારે મુસ્લિમ સમુદાયના લોકોએ નમાઝ અદા કરી હતી. આ દરમિયાન કોઇ અણબનાવ ન બને તે માટે સંવેદનશીલ રાજ્યોમાં પોલીસન ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. જો કે આ દરમિયાન ઉત્તર પ્રદેશ અને મુંબઈમાં તણાવના અહેવાલો પણ સામે આવ્યા છે.

મેરઠમાં મુસ્લિમ સમુદાયના બે જૂથો વચ્ચે મારામારી બાદ ગોળીબાર થયો હતો, જેમાં એક વ્યક્તિ ઘાયલ થયાના અહેવાલ છે. જો કે પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આ મામલાની તપાસમાં લાગી ગઈ છે. બાળકોની વચ્ચે થયેલી બોલાચાલી બાદ એક જ સમુદાયના બે જૂથો વચ્ચે ઝઘડો થયો હતો. જેના કારણે પથ્થરમારો, મારામારી અને ગોળીબાર પણ થયો હતો.

તે સિવાય હાપુડમાં ઈદની નમાઝ દરમિયાન, પોલીસ અને નમાઝીઓ વચ્ચે ઉગ્ર બોલચાલી થઈ હતી. ઈદગાહમાં જગ્યા ભરાઈ જતાં પોલીસે નમાઝીઓને અંદર પ્રવેશતા રોક્યા હતા. અને આથી નમાઝીઓ રોષે ભરાયા હતા અને બાદમાં, પોલીસની સમજાવટ બાદ, નમાઝીઓ પાછા ફર્યા હતા.

તેનું કારણ એ હતું કે પોલીસે બેરિકેડ લગાવીને નમાઝ પઢવાની વ્યવસ્થા કરી હતી.

સહારનપુરમાં ઈદની નમાજ પછી લોકોએ પેલેસ્ટિનિયન ધ્વજ લહેરાવ્યો હતો. તે જ સમયે કેટલાક નમાઝીઓએ પોતાના હાથ પર કાળી પટ્ટી બાંધી હતી. મુરાદાબાદમાં ઈદગાહમાં નમાઝ અદા કરવાના મુદ્દે પોલીસ અને નમાઝીઓ સામસામે આવી ગયા હતા. આ સિવાય મુંબઈનાં ભીંડી બજારમાં ઈદની નમાજ બાદ મુસ્લિમોનાં બે જૂથો સામસામે આવી ગયા હતા, જો કે પોલીસે પહોંચીને સ્થિતિને કાબૂમાં લીધી હતી

# PM મોદી- UPના CM યોગીએ પાઠવી ઈદની શુભેચ્છા

## તહેવાર સમાજમાં આશા, સંવાદિતા અને દયા ભાવનાને વધારે તેવી પ્રાર્થના : મોદી

નવી દિલ્હી, તા.૩૧

દેશમા આજે ઈદનો તહેવાર ઉત્સાહભેર ઉજવાયો હતો. રમઝાનના પવિત્ર મહિના બાદ ઈદ-ઉલ-ફિત્ર ઉજવવામાં આવે છે. આ દિવસ મુસ્લિમો માટે ખાસ ઉજવણીનો બને છે. રવિવારે દેશમાં ઈદનો ચાંદ દેખાયો હતો ત્યારબાદ સોમવારે ઈદનો તહેવાર ઉત્સાહભેર ઉજવાયો હતો.

આ પ્રસંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને ઈદની શુભેચ્છા પાઠવી છે. પીએમ મોદીએ એક્સ પર ઈદની શુભકામના પાઠવતા લખ્યું કે, ઈદ-ઉલ-ફિત્રની શુભકામનાઓ. આ તહેવાર આપણા સમાજમાં આશા, સંવાદિતા અને દયા ભાવનાને વધારે તેવી પ્રાર્થના. તમામ પ્રયાસોમા ખુશી અને સફળતાની શુભેચ્છા, ઈદ મુબારક!

આ ઉપરાંત ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથે સોમવારે રાજ્યના લોકોને ઈદની શુભેચ્છા પાઠવી અને કહ્યું કે આ તહેવાર પર, દરેક વ્યક્તિએ સદ્ભાવના અને સામાજિક સૌહાર્દને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ લેવો જોઈએ. મુખ્યમંત્રી કાર્યાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ડ' પર લખ્યું, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઈદ-ઉલ-ફિત્રના અવસર પર રાજ્યના લોકોને હાર્દિક શુભકામના પાઠવી છે.

મુખ્યમંત્રી કાર્યાલયે લખ્યું છે કે, મુખ્યમંત્રીએ કહ્યું છે કે ખુશીનો આ તહેવાર સામાજિક એકતાને મજબૂત બનાવે છે અને પરસ્પર ભાઈચારાની ભાવના વધારે છે. આ તહેવાર શાંતિ અને સૌહાર્દનો સંદેશ આપે છે. આ તહેવાર પર સદ્ભાવના અને સામાજિક સૌહાર્દને વધુ મજબૂત બનાવવા માટે પ્રતિજ્ઞા લેવા વિનંતી કરી.

# વડાપ્રધાનના અંગત સચિવ તરીકે IFS નિધિ તિવારીની નિયુક્તિ

## નિધિ તિવારી વર્ષ ૨૦૧૪ બેચના ભારતીય વિદેશ સેવા અધિકારી

નવી દિલ્હી, તા.૩૧

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના અંગત સચિવ તરીકે આઈએફએસ અધિકારી નિધિ તિવારીને નિયુક્ત કરાયા છે. નિધિ તિવારી વર્ષ ૨૦૧૪ બેચના ભારતીય વિદેશ સેવા અધિકારી છે. ડીઓપીટી દ્વારા જાહેર કરાયેલા આદેશ મુજબ નિધિ તિવારી હાલમાં પીએમઓમાં ડેપ્યુટી સેક્રેટરી તરીકે કાર્યરત હતા. પરંતુ હવે તે વડા પ્રધાનના અંગત સચિવ તરીકે કામ કરશે. આ પૂર્વે પ્રધાનમંત્રી કાર્યાલયમાં નાયબ સચિવ તરીકે નિધિ તિવારીની સેવાઓની પ્રશંસા કરવામાં આવી છે. જેના કારણે તેમને નવી જવાબદારી સોંપવામાં આવી છે. પ્રધાનમંત્રીના અંગત સચિવ તરીકે નિધિ તિવારીએ ઘણા મહત્વપૂર્ણ કાર્યો સંભાળવા પડશે. જેમાં પ્રધાનમંત્રીના રોજિંદા કામનું સંકલન, મહત્વપૂર્ણ બેઠકોનું આયોજન અને વિવિધ સરકારી વિભાગો સાથે સંકલન વગેરેનો સમાવેશ થાય છે. નિધિ તિવારી ૨૦૧૪ બેચની ભારતીય વિદેશ સેવા(**IFS**)અધિકારી છે. તે હાલમાં પીએમઓમાં ડેપ્યુટી સેક્રેટરી તરીકે કાર્યરત હતા. નિધિ તિવારીને નવેમ્બર ૨૦૨૨ માં પીએમઓના ડેપ્યુટી સેક્રેટરી બનાવવામાં આવ્યા હતા. પીએમઓમા જોડાતા પહેલા તેઓ વિદેશ મંત્રાલય (ખઊિઅ)માં નિઃશસ્ત્રીકરણ અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા બાબતોના વિભાગમાં અંડર સેક્રેટરી હતા. આ અધિકારી વારાણસીના મેહમૂરગંજના વતની છે. તેમણે વર્ષ ૨૦૧૩ની સિવિલ સર્વિસીસ પરીક્ષામાં ૯૬મો ક્રમ મેળવ્યો હતો. તેમને વારાણસીમાં સહાયક કમિશનર (વાણિજ્યિક કર) તરીકે પોસ્ટિંગ આપવામાં આવ્યું હતું. અત્રે એ નોંધનીય છે કે, પીએમઓ ઓફિસમાં અંગત સચિવના પદ પર કામ કરતા અધિકારીઓને પે મેટ્રિક્સ લેવલ ૧૪ મુજબ પગાર મળે છે.

આ લેવલના અધિકારીઓનો પગાર દર મહિને ૧,૪૪,૨૦૦ રૂપિયા છે. આ ઉપરાંત આ અધિકારીઓને મોંઘવારી ભથ્થું, ઘર ભથ્થું, મુસાફરી ભથ્થું અને અન્ય ઘણા ભથ્થા આપવામાં આવે છે. આ ઉપરાંત, તેમને એક કાર, પીએમ નિવાસસ્થાન પાસે એક ઘર અને એક ચોકીદાર અને સુરક્ષા કર્મચારી પણ આપવામાં આવે છે.

શબ્દ બ્રહ્મ

# સદગુરૂ કૃપા હી કેવલમ્...

## પ્રાસંગિક

### સ્વ સંયમ દ્વારા જાતને પવિત્ર કરવાની હોવાથી સ્વાધિષ્ઠાન ચક્રને પવિત્ર ચક્ર પણ કહેવાય છે!



ચૈત્રીય નવરાત્રિના ત્રીજે દિવસે મા ચંદ્રઘંટાને નમન કરી, સિદ્ધિ માટે નહીં પણ શુદ્ધી માટે કંઈક થાય એવાં આશીર્વાદ આપજો. પરંતુ આ સુંદર સિદ્ધિ યોગ પ્રાપ્ત કરનારા દિવસોમાં આપણે પણ કુંડલીની જાગરણ વિશે થોડી સાત્વિક તાત્વિક વાતો કરી રહ્યા છીએ. સર્વપ્રથમ તો કુંડલીની જાગરણ એ શબ્દ સાંભળતા જ આખા શરીરમાં એક આલ્હાદક શક્તિનો અનુભવ થાય છે, અને પછી સંસારી જીવ મનોમન વિચારે છે, કે આ તો આપણાં બસની વાત નથી, અને એને વિષેનું આપણું જ્ઞાન માત્ર જાણકારી બનીને રહી જાય છે. મૂળભૂત રીતે પંચ પ્રાણ, સાત શરીર, સાત ચક્ર અને સાત જન્મોમાં આરક્ષિત શક્તિને છૂટી પાડીને સાત લોક કે પછી બ્રહ્માંડના કણ કણમાં સંમેલિત કરવાની આ ક્રિયાને કુંડલીની જાગરણ કહેવાય છે, અને કુંડલીની જાગરણ એ એક યોગ પ્રક્રિયા તરીકે બહુ પ્રસિદ્ધ છે. આપણે સૌએ એના ચિત્રો જોયા છે, અને એમાં દરેક ચક્ર અને એમાંથી છૂટી પડતી શક્તિ ઉર્ધ્વગમન કરતી બતાવાઈ છે, અને એ શક્તિને પ્રકાશમય બતાવી છે. એટલે કે પ્રકાશ કે ઉષ્ણ ઉર્જા તરીકે એ શક્તિ શરીરના સાતે સાત ચક્રોમાંથી પસાર થઈ ઉપર સુધી પહોંચે છે, એક મેગ્નેટિક વિદ્યુત પ્રવાહ જેમ જ તે આંતર શરીરમાં પ્રકાશ ઉર્જા ભરે છે. સંસારી અને ભોગી જીવનું શરીરની મલિનતા તરફ ધ્યાન જતાં એ સંયમ દ્વારા મલિનતાનું નિવારણ કરીને પવિત્ર થાય છે. આપણે ત્યાં જ્ઞાનનું અજવાળું એવો શબ્દ પ્રયોગ પણ થતો હોય છે, એટલે કે આ બધી જ જાણકારી જ્યારે આપણો અનુભવ બને, ત્યારે તે જ્ઞાન થયું એમ કહેવાય, અને એ જ્ઞાન આંતર અજવાળા ફેલાવે છે, જેનાથી આંતર શરીરમાં શારીરિક અને માનસિક રીતે ભેગો થયેલો કચરો સાફ કરવાનો છે, અને એ રીતે આપણે પવિત્ર થતા જવાનું છે, જેનાથી પ્રકૃતિમાં ચિદ્ વિલાસ કરતી ચૈતન્ય શક્તિ સાથે આ શક્તિનું તાદાત્મ્ય થાય.

મુલાધાર ચક્રની વાત કરી ત્યારે આપણે તેનું સ્થાન જોયું હતું, અને ત્યાં પૃથ્વી તત્વ પાસેથી ગંધ સ્વરૂપે આપણે ધૈર્ય અને સ્થિરતા પ્રાપ્ત કરીને હવે શક્તિ આગળ વધી અને સ્વાધિષ્ઠાન ચક્ર પર આવી, જ્યાં જીવના મૂળ આધારનું બિંદુ છે. સ્વાદિષ્ટાન એટલે સ્વયંમ નું સ્થાન, ત્યાં આપણી એટલે કે માનવીય ચેતનાનું કેન્દ્ર છે. સ્વાધિષ્ઠાન ચક્રને પેટનું ચક્ર કે પછી પવિત્ર ચક્ર પણ કહેવાય છે. આ ચક્ર કરોડરજ્જુના નીચલા છેડા પાસે ત્રિકોણાકાર હાડકામાં અને પ્રજનન અવયવો પાસે દર્શાવાયું છે, એટલે કે નાભિની બે ઈંચ નીચે દર્શાવેલ છે. તે છ કમળની પાંખડી ધરાવે છે, અને તેનો રંગ નારંગી છે, અને બીજ મંત્ર "વં" છે. સ્વાધિષ્ઠાન ચક્રનું તત્વ પાણી છે, અને દેવ વિષ્ણુ છે, જે ઘેરો વાદળી રંગ અને પીળી ધોતી ધરાવે છે. તેની પાસે શંખ , ગદા,ચક્ર અને કમળ છે. તે શ્રીવત્સ ચિહ્ન અને કૌસ્તુભ રત્ન ધારણ કરે છે. તે કાં તો ગુલાબી કમળ પર અથવા દિવ્ય ગરુડ પર બિરાજમાન છે. આ કમળની એક એક પાંખડી છ નકારાત્મક ગુણોનુ નિવારણ કરે છે, અને આમ ત્યાં જાગરણથી એ દરેક પાંખડીની નકારાત્મકતા દૂર થાય છે. આ પાંખડી માં માત્રૃકા એટલે કે દૈવીય શક્તિ હોય છે, અને એની તીવ્રતા કેન્દ્ર થી શરૂ કરી વધતી જાય છે, એટલે કે રસતન્માત્રા, અપજલ તત્વ, સ્વાદેન્દ્રિય અને હાથની કર્મેન્દ્રિય પર સંયમ આવે છે અને એનો વિલય થાય છે. આ થઈ એને વિશેની શાસ્ત્રીય વાત.

જે કોઈ સિદ્ધ મુની યોગ પ્રકિયાના મુખ્ય અંગ ધ્યાનથી આ સમગ્ર અનુભૂતિ સુધી પહોંચી શકે તેમને વંદન, પણ આપણું એ કામ નથી! માટે આપણે આનો સહજ અર્થ કરી અને ઉપર ઉઠવાનું છે, એટલે જાગરણ કરવાનું છે. કહેવાય છે ગર્ભ વિભાવના સમયે જીવ સાત કે તેથી વધુ જન્મોના સંસ્કાર સાથે આવ્યો હોય છે. પૂર્વ જન્મના દુઃખ સુખની સ્મૃતિ તેની સાથે જોડાયેલી હોય છે, અને એને કારણે તે પીડિત કે અસ્વસ્થ છે, એમ કહી શકાય. આ તમામ પ્રકારોની સ્મૃતિ કે સંસ્કાર ત્યજીને તેને ઉપર ઉઠવાનું છે, અને ત્યારે જ તે પોતાના જન્મનું કારણ માત્ર કામ નહીં પણ બે આત્માનું મિલન એટલે કે પ્રેમ છે, એવું સહજ જ્ઞાન પ્રાપ્ત કરી શકે, અને તો એનું ધ્યાન સ્વયં નાં સ્થાન પર કેન્દ્રિત થાય! કે હું એક શુદ્ધ અને પવિત્ર ચેતનાનો ધસમસતો પ્રવાહ છું! અને મારી સાથે જોડાયેલા આ અપવિત્ર મલિન તત્વોનો ત્યાગ કરી મારે એ દિવ્ય ચેતના સાથે જોડાવાનું છે. યોગની પરિકલ્પનાં મુજબ તો અસ્તિત્વમાં વિહાર કરતી એ પરમ શક્તિ સાથે તાદમ્ય કેળવવાનું છે. પરંતુ દરેકે દરેક જીવમાં આત્મા તરીકે એ જ શક્તિનો અંશ છે, એ સત્ય પણ સ્વયં યોગ યોગેશ્વર શ્રીકૃષ્ણનાં મુખે ભગવત ગીતામાં ઉદઘોષિત થયેલું છે. અસ્તિત્વમાં ચિદ વિલાસ કરતી ચૈતન્ય શક્તિના રહસ્યોને આપણે ઘણીવાર સમજી ન શકવાને કારણે એ તત્વ કે સત્વ ને એટલું આત્મસાત કરી શકાતું નથી, જ્યારે આપણી આસપાસના જગતમાં જીવતા જીવમાં એ શક્તિનો અનુભવ કરવાથી ત્યાં તાદાત્મ્ય કેળવવું એ વધુ સહેલું અને આમ જુવો તો અનિવાર્ય પણ છે.

અહીં સુધી કુંડલીની જાગરણ થયું છે કે નહીં તેની પ્રતીતિ આપણી વૈચારિકતાનું ચિંતન કરવાથી પ્રાપ્ત થાય છે. જાગરણ એટલે ઉપર ઉઠવું, એટલે કે મૂલાધાર ના કે સ્વાધિષ્ઠાન ચક્રનાં મૂળમાં પડેલા મળમૂત્ર જેવા પૂર્વ જન્મના સંસ્કાર કે પછી આ જન્મ માટે જવાબદાર વાસના કે વિકૃતિ એ આપણાં જન્મનું કારણ નથી, પણ ઈશ્વરીય શક્તિ સંકેત છે. સમયે ભોગ ને સમયે યોગ! આ સમયક્તા, સંયમની મહત્તા, તેમજ આપણને આવતા દરેક વિચાર કે ઈચ્છા શક્તિ પર વિવેકથી પ્રભુત્વ પ્રાપ્ત થાય, તો સમજવું કે જાગરણ તરફ ડગલાં ભરવાની શરૂઆત થઈ ચૂકી છે. આ ઉપરાંત અન્ય જીવમાં પણ વિકૃતિ કે ભૂલ ન દેખાય, તદ ઉપરાંત એ જીવનાં ગુણનું દર્શન અને સૌ કોઈને આદર આપવાની ભાવના તીવ્ર બને, તેમજ પરિવારજનોનાં આંતરિક સંબંધોને મજબૂત બનાવવા તરફી વિચાર વલણ નમ્ર બને છે. સંબંધોમાં મધુરતા વધે તો સમજવું કે ક્યાંક તો કંઈક સારું થઈ રહ્યું છે, અને સારું જાગરણ વગર ક્યારેય થતું નથી. પણ એ આપણું જાગરણ છે કે સામેવાળાનું તે અવશ્ય ચિંતન કરી લેવું, અને આપણું ન હોય તો ત્યાં આપણું જાગરણ પણ એટલું જ જરૂરી છે, અને એ હજી વધુ પ્રસન્નતા તરફ આપણને તેમજ આપણા પરિવારને આપણા સમાજને અને આપણા દેશને એથી વધુ વિશ્વને શાંતિ તરફ દોરી જશે!: જે આપણું લક્ષ્ય છે. અહમ, આગ્રહ મુક્ત થઈને સહજની સમજ કેળવી શકાય, કે દરેક પરિસ્થિતિ કે સમયમાં પણ સહજ રહી જીવી શકાય તો એ જાગરણનું કારણ છે, અને આપણને એવા જાગરણની જ જરૂર છે, કારણકે અસ્તિત્વની એ શક્તિ સુધી કદાચ આપણે પહોંચી ન શકીએ, પણ આપણી આસપાસ વસતા જીવના હૃદયમાં પ્રેમ શક્તિ સ્વરૂપે પહોંચી એના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરી શકીએ, તો પણ ઘણું છે. આવી મૈત્રીની વિભાવનાની કલ્પના કરી, સમસ્ત જગત આંદરોઅંદર પ્રેમ અને લાગણીના સંબંધથી જોડાય, તો એ પણ એક યોગ પ્રક્રિયા જેવું અદભુત પરિણામ આપી શકે તેમ છે. આપણે સૌ કુંડલીની જાગરણનો એવો બૃહદ ફાયદો કરાવતો અર્થ કરી, આ ચૈત્રી અનુષ્ઠાન કરીને, એ પરિણામ સુધી કે લક્ષ્ય સુધી પહોંચી શકીએ! અને રામ તત્વ ને સચ્ચિદાનંદ સ્વરૂપે આપણાં અંતરમાં જન્માવી શકીએ, એ એકમાત્ર અહેતુ હેતું સાથે સદગુરુ કૃપાનું અનન્ય હેત લઈને ચિંતનની આ ધારા વહે છે. જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### વધુ એક વખત ગઠીયાઓએ સોશિયલ મિડીયાનો ગામને છેતરવામાં કર્યો ઉપયોગ

# હોટેલ સંચાલક ચોખાની એજન્સીના બહાનેસાડા તેર લાખમાં છેતરાયા

## બે ગઠીયાએ લાલકિલ્લા બ્રાન્ડ રાઇસના ડિસ્ટ્રીબ્યુટર બની આબાદ ફ્રોડ આચર્યુઃ બીજા કિસ્સામાં શેરબજારના નામે ફ્રોડ થતાં યુવાન સામહિક આપઘાત કરવા મજબૂર થયાનું ખુલ્યું

રાજકોટઃ ગામને છેતરી લેવા ગઠીયાઓ નીતનવા ગતકડાઓનો ઉપયોગ કરતાં રહે છે. વધુ એક નવીનત્તમ ઠગાઇ સામે આવી છે. જેમાં સોશિયલ મિડીયા પર જાહેરાત વાંચી એક વેપારીએ લાખો ગુમાવી દીધા છે. હોટલ સંચાલકને જથ્થાબંધમ લાલકિલ્લા બ્રાન્ડના રાઇસ એટલે કે ચોખા ખરીદવા હતાં. આ માટે તેણે સોશિયલ મિડીયામાં જાહેરાત વાંચી સંપર્ક કરતાં ગઠીયાએ સેલ્સમેનનો સ્વાંગ રચી તેમની સાથે વાતચીત કરી લાલકિલ્લા રાઇસની એજન્સી અપાવી દેવાના નામે સાડા તેર લાખથી વધુનો ધૂંબો મારી દીધો હતો. નાણા આપી દીધા બાદ હોટલ સંચાલકને ચોખાના જથ્થાને બદલે એક દાણોય ચોખો ન મળતાં છેતરાઇ ગયાની ખબર પડતાં સાયબર ક્રાઇમ પોલીસને જાણ કરી હતી.

ઠગાઇની અન્ય ઘટનામા શેરબજારમાં રોકાણ કરાવી લાખોની ઠગાઇ કરવામાં આવતાં યુવાન સામુહિક આપઘાત કરવા મજબૂર થયાની વિગતો ખુલી હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો રાપરના હોટેલ સંચાલકને લાલ કિલ્લા રાઇસની એજન્સી આપવાની લાલચ આપી સેલ્સમેન તરીકે ખોટી ઓળખ આપનાર બે જણાએ રૂપિયા તેર લાખ સાંઇઠ હજાર પડાવી લઇ છેતરપિંડી કરી હોવાની ફરિયાદ ભોગ બનનાર વેપારીએ સાયબર ક્રાઇમ પોલીસમાં નોંધાવી છે. રાપરની અયોધ્યાપુરીની શેરી નંબર-૧ માં રહેતા અને આનંદ રેસ્ટોરેન્ટના સંચાલક નિલેશભાઇ ભચુભાઇ પ્રજાપતિએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેઓ પોતાની ફેસબુક આઇડી જોઇ રહ્યા હતા ત્યારે તેમાં લાલ કિલ્લા બાસમતી રાઇસ નામની જાહેરાત હતી જેમાં એજન્સી જોઇતી હોય તો બે મોબાઇલ નંબર આપેલા છે તેના ઉપર સંપર્ક કરવાનું લખ્યું હોઇ તેમણે એક નંબર પર ફોન કરી સંપર્ક કરતાં અમૃતસર પંજાબના રાજેશ ભતિન્દર સાથે વાત કરી તો તેણે જો તમારે લાલ કિલ્લા બાસમતી રાઇસની એજન્સી જોઇતી હોય તો મેઘા સીટી હોવું જોઇએ કહેતા તેમણે ગાંધીધામ મેઘા સીટી હોવાનું જણાવ્યું હતું.

આ પછી તેણે ગાંધીધામમાં દુકાન ભાડે લેજો તેનું ભાડું પણ કંપની ચૂકવશે જણાવતાં તેમણે તથા તેમના મિત્ર રાહુલ મહેશભાઇ સુથારે એજન્સી લેવાનું નક્કરી કર્યા બાદ રાજેશ ભતિન્દરે ફોર્મ ભરવું પડશે અને તેના પેટે રૂ.૩૫,૮૦૦ ભરવા પડશે પછી આગળની કાર્યવાહી હાથ ધરાશે જણાવતાં તેમણે રકમ ભરી ફોર્મ સબમિટ કર્યુ હતું પરંતુ ત્યારબાદ તેમના , તેમના પુત્ર અને મિત્રના બેંક ખાતામાંથી રૂ.૧૩,૬૦,૨૭૮ ઓનલાઇન ટ્રાન્સફર કરાવી લીધા બાદ ફોન સ્વીચ્ડ ઓફ




થઇ ગયો હતો.

તપાસ કરતાં આવી લાલ કિલ્લા બાસમતી રાઇસ નામની કંપની અસ્તિત્વમાં જ નથી, તેમણે ખોટા સેલ્સમેન તરીકે ઓળખ આપી છેતરપિંડી કરના બે મોબાઇલ નંબર ધારકો તેમજ તપાસમાં જે નીકળે તેના વિરૂધ્ધ સાયબર ક્રાઇમ પોલીસ મથકે ફોજદારી નોંધાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના પછી ઓનલાઇન છેતરપીંડીના બનાવો મોટા પ્રમાણમાં સામે આવી રહ્યા છે. પોલીસ અવારનવાર જાગૃતિ અભિયાન યોજે છે. પરંતુ લાલચમાં આવીને લોકો છેતરાઇ રહ્યા છે.

ભોગ બનનાર ફરીયાદી નિલેશભાઇ અને તેમના મિત્રએ લાલ કિલ્લા બાસમતી રાઇસ કંપનીની એજન્સી લેવા માટે ગાંધીધામમાં ખન્ના માર્કેટમાં દુકાન ભાડે રાખી અને ભાગીદારી પેઢી બનાવી , ચિટર રાજેશ ભતિન્દરે અમારી કંપનીના અધીકારીઓ સ્થળની મુલાકાત લેશે, હવે ગાડી નીકળી ગઇછે તેવા અનેક બહાના પણ બતાવ્યા અને છેવટે ફોન બંધ કરી નાખ્યો હતો.

બીજી એક ચોંકાવનારી ઘટનામાં વલસાડ જિલ્લાના ઉમરગામમાં બનેલા ચકચારી સામૂહિક આપઘાત કેસમાં નવા ખુલાસો થયો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, શિવમ વિશ્વકર્મા સાથે એફએક્સ બુલિયન કંપનીના સંજય પટેલે ૪.૫ લાખનું રોકાણ કરાવી છેતરપિંડી કરી હતી. સુસાઇડ નોટ અને વીડિયોથી પર્દાફાશ થયો છે. પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે કાર્યવાહી હાથ ધરી હતી.

સોળસુંબા વિસ્તારમાં રહેતા શિવમ વિશ્વકર્મા, તેમની પત્ની આરતી અને ૨ વર્ષના બાળકે તાજેતરમાં આપઘાત કર્યો હતો. પાડોશીઓએ સવારે મોડે સુધી દરવાજો ન ખૂલતા તપાસ કરી હતી. દરવાજો તોડતાં ત્રણેયના મૃતદેહ મળ્યા હતા. પોલીસને ઘટનાસ્થળેથી હિન્દીમાં લખાયેલી સુસાઇડ નોટ અને શિવમના મોબાઇલમાંથી વીડિયો મળ્યો હતો.

તપાસમાં બહાર આવ્યું છે કે એફએક્સ બુલિયન નામની ટ્રેડિંગ કંપનીમાં કામ કરતા સંજય પટેલે શિવમ અને તેના મિત્રો પાસેને લોભામણી લાલચ આપીને રોકાણ કરાવ્યું હતું. શિવમે ૪.૫ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હોવાનું પ્રાથમિક અનુમાન લગાવાયું છે. આ ઉપરાંત તેના મિત્રો અને સહકર્મચારીઓ પાસેથી પણ મોટી રકમનું રોકાણ કરાવવામાં આવ્યું હતું. કંપની દ્વારા રોકાણકારોને પૈસા પરત ન કરવામાં આવતા શિવમ માનસિક તણાવમાં આવી ગયો હતો.

આપઘાત પહેલા તેણે સુસાઇડ નોટ લખી અને વીડિયો રેકોર્ડ કર્યો હતો. વલસાડ પોલીસે સંજય પટેલની ધરપકડ માટે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદ લીધી છે. ડીવાયએસપી ભાર્ગવ પટેલે રોકાણકારોને ડિપ્રશનમાં આવીને આપઘાત ન કરવા અને નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા અપીલ કરી છે.

પોલીસ શિવમના સહકર્મચારીઓ અને મિત્રો પાસેથી વધુ માહિતી એકત્ર કરી રહી છે.

---

### ફૂલડા જેવા દિકરાની આત્મા પણ કદાચ કકડતી હશે ને કહેતી હશે કે-મારો વાંક શું ગુનો શું?

# જનેતા જીવલેણ બની: બે વર્ષના દિકરાની કરી હતી હત્યા

## કુવાડવાના રામપર બેટીના કુવામાંથી એક મહિના પહેલા મળેલી બાળકની લાશનો ભેદ થોરાળા પોલીસે ઉકેલતાં જે હકિકત સામે આવી તેણે સૌને હચમચાવી મુક્યાઃ સગી મા આ હદ સુધી કઇ રીતે જઇ શકે? આ સવાલે સૌની વિચારતા કરી મુક્યા

રાજકોટઃ મુખે બોલુ મા ત્યાં માને સાચે બાળણળ સાંભળે, જનનીની જોડ સખી નહિ જડે રે લોલ, મા તે મા બીજા વગડાના વા...માતા જનની જન્મદાત્રી માટે તો કેટકેટલુય લખાયુ છે ગવાયુ અને ફિલ્મો તેમજ સિરીયલો પણ બન્યા છે. માને સૌથી વધુ કોઇ વ્હાલુ હોય તો પોતાના સંતાન હોય છે. સંતાન માટે મા ઘણીવાર પોતાના જ પરિવારજનોની સામે બાથ ભીડી લેતાં પણ અચકાતી હોતી નથી. પરંતુ અમુક જનેતા એવા કૃત્ય આચરતી હોય છે કે જેનાથી સૌ કોઇ હચમચી જતાં હોય છે. કંઇક આવી જ ઘટના સામે આવી છે. જેનો પર્દાફાશ રાજકોટ થોરાળા પોલીસે કર્યો છે. કુવાડવા નજીકના રામપર બેટી ગામે એક મહિના પહેલા બાળકની લાશ મળી હતી. આ બાળકની ઓળખ થવા સાથે ચોંકાવનારી વિગતો પણ ખુલી છે. બે વર્ષના આ માસુમને સગી માએ જ કુવામાં ફેંકી મોતને ઘાટ ઉતારી દીધાનો પર્દાફાશ થયો છે. આ સત્ય જાણી સૌ કોઇ ચોંકી ગયા છે.

વિગતો પર નજર કરીએ તો રાજકોટ તાલુકાના કુવાડવાથી આગળ બેટી રામપરા ગામના પાટીયા પાસે વાડીના કૂવામાંથી આશરે અઢી થી ત્રણ વર્ષના બાળકની લાશ ગત ત્રેવીસમી ફેબ્રુઆરીના રોજ મળી આવતાં ચકચાર મચી ગઇ હતી. આશરે બે કે ત્રણ દિવસ પહેલા બાળકનું મોત થયાનું જે તે વખતે ફોરેન્સિક પોસ્ટમોર્ટમને આધારે અનુમાન લગાવાયુ હતું. પોલીસે આ મૃતક બાળકની ઓળખ મેળવવા અને ભેદ ઉકેલવા પોસ્ટર છપાવવા સાથે સોશિયલ મિડીયા, અખબારોમાં તસ્વીરો સાથે વિગત પ્રકાશીત કરાવી હતી. પરંતુ ભેદ ખુલ્યો નહોતો. પરંતુ પાપ ગમે ત્યારે છાપરે ચડતું જ હોય છે તેમ આ ઘટનામાં ખળખળાટ મચાવતી વિગતો ખુલી છે. થોરાળા પોલીસ સ્ટેશન હેઠળના ૮૦ ફુટ રોડ ભારતનગરમાં રહેતી ભાવુ રણછોડ કીહલા નામની સત્યાવીસ વર્ષની મહિલાનો આ દિકરો રાયધન હતો. રાયધનની ઉંમર બે વર્ષની હતી. આ માસુમને ખુદ જનેતા ભાવુએ જ કુવામાં ફેંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો. પતિને શંકા હતી કે આ બાળક પોતાનું નથી, પણ ભાવુના પ્રેમી થકી જન્મ્યું છે. આથી તે બાળકને પ્રેમીને આપી આવે છે તેમ કહી નીકળ્યા બાદ કુવામાં ફેંકી આવી હતી. વધુ માહિતી અનુસાર બેટી રામપરાના પાટીયા નજીક ભારત બેન્જ કંપનીના શો રૂમ સામે ગત તા. ૨૩/૨/૨૫ના રોજ જયેશભાઇ બાંભણીયાની વાડીના કૂવામાં એક બાળકનો મૃતદેહ તરતો હોવાની જાણ થતાં ફાયર બ્રિગેડ, ૧૦૮ની ટીમ અને એરપોર્ટ પોલીસની ટીમોએ પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

બાળકનો મૃતદેહ બહાર કાઢીને જોતાં આશરે આશરે અઢીથી ત્રણ વર્ષની ઉંમર જણાઇ આવી હતી. તેમજ મૃત્યુ આશરે બે દિવસ પહેલા થયાનો અંદાજ મૃતદેહને જોતાં લગાવાયો હતો. આ બાળકે દુધીયા જેવા કલરનું ટી-શર્ટ, કાળા કલરની ચડ્ડી પહેર્યા હતાં. તેમજ બંને હાથમાં કાળા કલરની કડલી પહેરેલી હતી. એરપોર્ટ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર આઇ. એન. સાવલીયા અને પીએસઆઇ એસ. એસ. જાડેજા, બલભદ્રસિંહ ચુડાસમા સહિતની ટીમોએ તપાસ શરૂ કરી હતી. પણ બાળક કોણ છે? તેની ઓળખ થઇ નહોતી. દરમિયાન હવે થોરાળા પોલીસે ભેદ ઉકેલ્યો છે. બાળકની ઓળખ થવાની સાથે સાથે તેની હત્યા તેની જ સગી માતાએ કર્યાનું ખુલતાં હવે આગળની તપાસ એરપોર્ટ પોલીસ દ્વારા શૂ કરવામાં આવી છે. ભારતનગરમાં રહેતી ભાવુ રણછોડ કીહલાને લઇને તેણીના માતવર પક્ષના લોકો થોરાળા પોલીસ સ્ટેશને આવ્યા હતાં.

પોલીસ ઇન્સ્પેક્ટર એન. જી. વાઘેલાને મળી તેમણે કહ્યું હતું કે-ભાવુના પતિ રણછોડે તેમના બે વર્ષના દિકરા રાયધનની હત્યા કરી લાશ ક્યાંક ફેંકી દીધી છે. આ સાંભળી ચોંકી ગયેલા પીઆઇએ તુરત જ પોતાની ટીમ સાથે મળી ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં





**ભાવુ કીહલા દિકરાને લીધા વગર માવતરે આટો મારવા ગઇ ત્યારે માવતરે ભાણેજ વિશે પુછતાં પતિ રણછોડે પતાવી દીધાનું કહ્યુંઃ જો કે પછી પોતાની જ આ ખોફનાક કહાનીમાં પોતે જ ફસાઇ ગઇઃ પતિ એવી શંકા કરતો કે આ દિકરો મારો નથી, તારા પ્રેમીનો છેઃ આથી ભાવુ પ્રેમીને તેનો દિકરો આપી આવે છે તેવુ કહી નીકળી અને દિકરાને કુવામાં નાંખી ઘરે આવી ગઇઃ પણ પાપ છાપરે ચડ્યું અને ભેદ ખુલ્યોઃ એરપોર્ટ પોલીસે કરી ધરપકડ**

રણછોડ કિહલાને ઉઠાવી લીધો હતો અને બાળક કયાં છે? તેની પૃછા કરતાં પોતે કંઇ જાણતો નથી તેવુ કહેતાં આકરી પુછતાછ થતાં તેણે કહ્યું હતું-કે બાળક મારા થકી નથી જન્મ્યું એવી મને શંકા હોવાથી મારે પત્નિ ભાવુ સાથે માથાકુટ થઇ હતી. આથી ભાવુએ પોતે આ બાળક પોતાના પ્રેમી થાન પંથકના ગભરૂ ભરવાડને આપી આવે છે તેમ કહી ૨૧/૨ કે આસપાસના દિવસે ઘરેથી બાળકને લઇને નીકળી હતી અને પરત આવી ગઇ હતી. તેમજ તેણીએ પોતે પ્રેમીને બાળક આપી આવે છે તેવું કહેતાં પોતે સાચુ માની લીધું હતું. રણછોડની આ વાત સાંભળી પોલીસને ભાવુ ઉપર જ શંકા ઉપજતાં મહિલા પોલીસની મદદથી તપાસ આગળ ધપાવી હતી.આકરી પુછપરછ શરૂ થતાં જ ભાવુ ગેંગે ફેંફેં થઇ ગઇ હતી અને સાચી હકીકત જણાવી હતી કે પોતે દિકરા રાયધનને પ્રેમીને નથી આપી આવી પરંતુ કુવાડવાથી આગળ એક કુવામાં ફેંકી દીધુ છે! આ સાંભળી પોલીસ પણ ચોંકી ગઇ હતી. ભાવુ સહિતને સાથે રાખી થોરાળા પોલીસ રામપર બેટી નજીક કુવા પાસે પહોંચી હતી. આ કુવામાંથી જ એક બાળકની લાશ ૨૩/૨ના રોજ મળી હોઇ અને એરપોર્ટ પોલીસ તેની તપાસ કરી રહી હોઇ ત્યાંની પોલીસને બોલાવતાં અને બાળકની લાશના ફોટા બતાવાતાં ભાવુ અને રણછોડ સહિતનાએ આ ફોટા રાયધનની લાશના જ હોવાનું ઓળખી બતાવ્યું હતું. પોલીસની વિશેષ તપાસમાં ખુલ્યું હતું કે ચોટીલાના થાન પંથકમાં ખાખળાથર માવતર ધરાવતી ભાવુના લગ્ન ચાર વર્ષ પહેલા રાજકોટના ભારતનગરના છકડો રિક્ષાચાલક રણછોડ કીહલા સાથે થયા હતાં. આ દરમિયાન ભાવુએ એક દિકરા રાયધનને જન્મ આપ્યો હતો જે બે વર્ષનો હતો. જો કે દિકરાના જન્મ પછી પતિ રણછોડને સતત એવી શંકા હતી કે આ બાળક તેનુ નથી પણ પત્નિ ભાવુના પ્રેમી એવા મુળીના પલાસા-પડાસાના ગભરૂ ભરવાડનું છે.

આ કારણે બંને વચ્ચે ઝઘડા શરૂ થયા હતાં. આથી કંટાળીને ભાવુએ પોતે આ બાળક પ્રેમીને આપી આવે છે કહી ઘરેથી નીકળી હતી અને દિકરા રાયધનને પ્રેમીને આપી આવી છે તેમ કહી પરત આવી ગઇ હતી. પણ હકિકતે તે દિકરાને રામપર બેટીના કુવામાં નાંખીને આવી ગઇ હતી. જેની લાશ બાદમાં ૨૩/૨ના રોજ મળી હતી.

આ હત્યામાં ભાવુ સાથે તેના પ્રેમી કે બીજા કોઇની સંડોવણી છે કે કેમ? તેની વિશેષ તપાસ પીઆઇ આઇ. એન. સાવલીયા, પીએસઆઇ જાડેજા, બલભદ્રસિંહ ચુડાસમા અને ટીમે હાથ ધરી છે. શાતીર દિમાગ ધરાવતી ભાવુએ પોતાના ખોફનાક કાવત્રાને છુપાવવા પતિએ જ દિકરાને મારીને લાશનો નિકાલ કરી દીધાની થોરાળા પોલીસ સમક્ષ સ્ટોરી રજૂ કરી હતી. પરંતુ પોતાની આ કહાનીમાં પોતે જ ફસાઇ ગઇ હતી અને ભેદ ઉકેલાયો હતો. આ બનાવે ખળભળાટ મચાવી દીધો છે.

અગાઉ આકિસ્મક મૃત્યુની નોંધ કરનાર એરપોર્ટ પોલીસ હવે હત્યાનો ગુનો નોંધી હત્યામાં બીજુ કોઇ સામેલ છે કે કેમ? તેની તપાસ કરશે. બાળક ખરેખર કોનું પતિનું કે પ્રેમીનું? તેની પણ તપાસ થશે.

થોરાળાના પોલીસ ઇન્સ્પેક્ટર એન. જી. વાઘેલા, પીએસઆઇ એમ. એસ. મહેશ્વરી, એએસઆઇ દેવશીભાઇ ખાંભલા, રાજેશભાઇ મેર, ભરતસિંહ પરમાર, જયરાજસિંહ કોટીલા, રાકેશભાઇ બાલસરા અને ડી. સ્ટાફ ટીમે આ ઘટનાનો ભેદ ઉકેલ્યો હતો. તથ્ય જાણી સૌ કોઇ હચમચી ગયા છે.

---

### ગુનેગારો રખડતાં હતાં ‘કાયદેસરના હથીયાર’ લઇને તપાસ કરતી પોલીસ પણ હકિકત જાણીને ચોંકી ગઇ

# ત્રણ લાખથી આઠ લાખ લઇ અપાતા હતાં હથીયાર પરવાના!

## સુરેન્દ્રનગર એસઓજીએ કર્યો પર્દાફાશઃ પચ્ચીસ હજાર કરાયા કબ્જેઃ નાગાલેન્ડ અને મણીપુરમાંથી મેળવ્યા હતાં હથીયારના લાયસન્સ




રાજકોટઃ શહેર કે જીલ્લામાં અનેક લોકો પોતાની સુરક્ષા માટે પોલીસ કે કલેક્ટર તંત્ર પાસેથી કાયદેસરની કાર્યવાહી બાદ હથીયાર પરવાના મેળવતાં હોય છે અને હથીયાર રાખતા હોય છે. પરંતુ ગુનેગારો જો પરવાનાવાળા હથીયાર લઇને ફરતાં હોય તો? કંઇક આવી જ હકિકત સામે આવતાં ખુદ પોલીસ પણ ચોંકી ગઇ હતી. સુરેન્દ્રનગર એસઓજીએ આનો પર્દાફાશ કરી આવા પચ્ચીસ હથીયાર જમા લીધા છે. આ તમામ હથીયારો ગુનેગારના હતાં અને નવુ એ હતું કે ગુનેગારની છાપ ધરાવતાં શખ્સો પાસે પાછા આ હથીયારના પરવાના પણ હતાં! પણ આ પરવાના જે તે શહેર જીલ્લાના નહિ પરંતુ છેક મણીપુર નાગાલેન્ડથી મેળવેલા હતાં. આ પ્રકારના પરવાના જે તે હથીયારધારકે ત્રણ લાખથી લઇ આઠ લાખ સુધીની રકમ ચુકવીને મેળવ્યાનો ખુલાસો થયો હતો.

વિગતો પર નજર કરીએ તો સુરેન્દ્રનગર જિલ્લા એસઓજી પોલીસ ટીમે નાગાલેન્ડ અને મણીપુરમાંથી હથિયારના પરવાના મેળવીને હથિયાર લઇને ફરતા ગુનેગારોનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન અત્યાર સુધીમાં કુલ પચ્ચીસ હથિયાર જમા લેવામાં આવ્યા છે. અહીંયા મહત્વની બાબત એ છે ત્રણ લાખથી લઇને આઠ લાખ રૂપિયા સુધીનો ભાવ લઇને પરવાના મેળવવામાં આવતા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી હતી. સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલાક ગુનેગારો પરવાનાવાળા હથિયાર લઇને ફરતા હોવાની વાત એસઓજી ટીમને ધ્યાને આવી હતી. આથી ડીઆઇજી ડો.ગિરિશ પંડ્યાના માર્ગદર્શનથી એસઓજી પોલીસ ઇન્સ્પેક્ટર બી.એચ. શીંગરીખીયા તથા ટીમે ખાનગી રાહે તપાસ હાથ ધરી હતી. જેમાં જિલ્લામાં ગંભીર ગુના ધરાવતા કુલ ચૌદ આરોપી પાસે નાગાલેન્ડ અને મણીપુરના હથિયારના પરવાના હોવાની ચોંકાવનારી વિગતો મળી હતી. આ બારામાં એસઓજી ટીમે તપાસ કરતા એક પછી એક હથિયારના પરવાનાની વિગતો બહાર આવતી ગઇ હતી. જેમાં વાંકાનેર રહેતો મુકેશ ભરવાડ, ચુડાના દરોદ ગામનો વતની અને હાલ સુરત રહેતો છેલા વેલાભાઇ ભરવાડ, સુરતનો વિજય ભરવાડ અને હરીયાણાના શૌકતઅલીના પણ નામો ખૂલ્યા હતા. આ શખસો પાસેથી હથિયારના પરવાના મળ્યા સુરેન્દ્રનગર દેશળ ભગતી વાવ પાસે રહેતો ઉમેશ ઉર્ફે બાબુભાઇ ડાયાભાઇ આલ, ૮૦ ફૂટ રોડ ઉપર રહેતા કેવલ રમેશભાઇ કલોતરા, અશોકભાઇ રમેશભાઇ કલોતરા, વગડીયાના હરીભાઇ ચોથાભાઇ બાંભા, લક્ષ્મણભાઇ ઉર્ફે બકાભાઇ ચોથાભાઇ, હરીભાઇ રણુભાઇ જોગરાણા, નાના ટીં બલાના રૂપાભાઇ જોગરાણા, લીંબડીના મયુરભાઇ સોંડલા, વગડીયાના નટુભાઇ બાંભા, થાનના દિગેશભાઇ સભાડ, ઢોકળવાના વરજાંગભાઇ મીર, થાનના ભરતભાઇ અલગોતર, જામવાડીના રાહુલભાઇ અલગોતર, સાયલાના ગોપાલભાઇ જોગરાણાના નામ હતાં.આ ઉપરાંત સુદામડાના ગભરૂભાઇ ઉર્ફે મોગલ સાંબડ, સાપરના લીંબાભાઇ સરૈયા, ઘુઘરી પાર્કની બાજમાં રહેતા ઉમેશભાઇ વરૂ, જામવાડીના ગણપતભાઇ અલગોતર, જયેશભાઇ અલગોતર, લાલાભાઇ વિઠ્ઠલભાઇ અલગોતર, જામવાડીના હિરાભાઇ વિઠ્ઠલભાઇ અલગોતર. પણ હથીયાર પરવાના ધરાવતાં હતાં. એસઓજીના પોલીસ ઇન્સ્પેક્ટર બી.એચ. શીંગરખીયાએ જણાવ્યું કે હાલ એસઓજીની ટીમે જે હથિયાર જપ્ત લીધા છે તે પૈકી ચૌદ લોકો સામે ગંભીર પ્રકારના ગુના દાખલ થયેલા છે. આ આરોપીઓએ પરવાના મેળવવા માટે નાગાલેન્ડ અને મણીપુરમાં શું પુરાવા આપ્યા અને ગુનાહિત ઇતિહાસ અંગે શું માહિતી આપી છે તેની તપાસ માટે એક ટીમ નાગાલેન્ડ ગઇ છે. એક હથિયાર તો સોનાથી મઢેલું હતું. એસઓજીએ કુલ પચ્ચીસ હથિયાર જપ્ત કર્યા જેમાં પાંચ પીસ્ટલ, બાર રિવોલ્વોર, આઠ બારબોરના હથિયારો છે. તેમાં મહત્ત્વની બાબત એ છે કે એક હથિયાર તો સોનાથી મઢેલું છે.આ પ્રકારે નાગાલેન્ડ મણીપુરથી માત્ર સુરેન્દ્રનગર પંથકમાં જ આવા હથીયાર પરવાનાથી ગુનેગારો હથીયાર રાખીને ફરતાં હતાં કે ગુજરાતભરમાં આ રીતે પરવાના અપાયા છે? તેની તપાસ નાગાલેન્ડ મણીપુર ગયેલી ટીમ કરી રહી છે.



તપાસમાં વધુ ચોંકાવનારા ઘટસ્ફોટ થવાની શક્યતા છે. સામાન્ય રીતે કોઇની ઉપર એકાદ ગુનો હોય તો પણ તે હથીયાર પરવાનો મેળવવાને હક્કદાર થતો હોતો નથી. ત્યારે અહિ ચૌદ ગુનેગારોએ સ્થાનિક લેવલે પરવાનો મળે તેમ ન હોઇ છેડા કરી છેક મણીપુર નાગાલેન્ડથી ગેરકાયદે પરવાના મેળવી લીધાનું ખુલતાં ચકચાર જાગી છે.

### યુવાન જેની કાર વર્ષોથી હંકારતા એ મહિલાની વેવાણ સાથેનો પરિચય મોંઘો પડી ગયો

# ટૂર ટ્રાવેલ્સ સંચાલકને મોહમાં ફસાવી સાત લાખ પડાવી લેવાયા

**કાલાવડ રોડ પર રહેતાં યુવાન સાથે ગાંધીગ્રામ વિસ્તારના દંપતિ, પુત્રએ ખેલ પાડ્યોઃ મહિલા વિડીયો કોલ કરી બિભત્સ હરકતો કરતીઃ લોન લઇ લઇને નાણા આપ્યાઃ છેલ્લે ધમકી અપાઇઃ ગાંધીગ્રામ પોલીસે શરૂ કરી તપાસ**

રાજકોટઃ અનેક એવા કિસ્સા સામે આવતાં હોય છે જાણીને લોકો વિચારતા થઇ જતાં હોય છે. આવા કિસ્સા લાલબત્તી સમાન પણ હોય છે. આવો જ એક બનાવ સામે આવ્યો છે જેમાં ગાંધીગ્રામ-૨ પોલીસે કાર્યવાહી કરી છે. શહેરમાં રહેતાં અને ટુર ટ્રાવેલ્સનું સંચાલન કરતાં યુવાનને તે જે મહિલાની કારનું વર્ષોથી ડ્રાઇવીંગ કરતો હતો એ મહિલાના વેવાણે મોહજાળમાં ફસાવી લઇ લાખો પડાવી લીધા છે. એટલુ જ નહિ આ મહિલાના પતિને પણ તેણે લોન લઇને નાણા આપી દીધા હતાં. પરંતુ છેલ્લે આ યુવાન સાથે ઠગાઇ થઇ હતી અને માથે જતાં ધમકી પણ અપાઇ હતી. અંતે વાત પોલીસ પાસે પહોંચતાં આ દંપતિ અને તેના પુત્ર વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી.

વિગતો જોઇએ તો આ બનાવમાં ગાંધીગ્રામ-૨ એટલે કે યુનિવર્સિટી પોલીસે કાલાવડ રોડ પર સયાજી હોટલ સામે વામ્બે આવાસ યોજના ક્વાર્ટર બ્લોક નં. ૨ ફ્લેટ નં. ૩માં રહેતાં અને ટુર ટ્રાવેલ્સનો ધંધો કરતાં સાડત્રીસ વર્ષના મહેન્દ્રભાઇ વિનોદભાઇ લકુમની ફરિયાદ પરથી સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ નંદવાટીકા એપાર્ટમેન્ટ સી-૨૦૨માં રહેતાં ચેતનાબેન ભરતભાઇ ધાંધીયા, તેના પતિ ભરતભાઇ ધાંધીયા અને પુત્ર ધાર્મિક ભરતભાઇ ધાંધીયા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે. મહેન્દ્રભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું. વર્ષ ૨૦૨૨-૨૩માં ચેતનાબેન ધાંધીયાના વેવાણ તૃપ્તીબેનની કારનું ડ્રાઇવીગ કરતો હતો. અગિયારેક વર્ષ મેં તેમનું કામ કર્યુ હોઇ તેમના પરિચયમાં આવ્યો હતો. તૃપ્તીબેન જે સામાન આપતાં એ હું ચેતનાબેનને ત્યાં આપવા માટે જતો હતો. આથી ચેતનાબેન મારા પચિયમાં આવ્યા હતાં. એ વખતે અમે એકબીજાના મોબાઇલ નંબર લીધા હતાં. ચેતનાબેનના પતિ ભરતભાઇ પણ મારા પરીચયમાં આવ્યા હતાં.



તેણે આગળ કહ્યું હતું કે બે વર્ષ પહેલા ભરતભાઇને ધંધા માટે પૈસાની જરૂર હોઇ મેં તેને મારી કાર જીજે૦૩એચકે-૦૭૬૫ ઉપર લોન કરી પાંચ લાખ દીધા હતાં. તેનું મેં કોઇ લખાણ કર્યુ હતું. ત્યારે ભરતભાઇએ કહેલુ કે આ પૈસા ઉછીના તમારી પાસેથી લીધા છે તેની જાણ અમારા વેવાઇને ન કરતાં. જેથી મેં વાત કરી નહોતી. ત્યારબાદ મને ચેતનાબેનનો ફોન આવેલો કે મારા દિકરા ધાર્મિકની સગાઇ માટે મેં સોનાના દાગીના બનાવડવાયા છે જે આર્ય જ્વેલર્સમાં મારે ૧ લાખ આપવાના છે. આથી મેં ફાયનાન્સમાંથી ૧ લાખની લોન કરી આ રકમ જ્વેલર્સમાં ભરી દીધી હતી. એ પછી ચેતનાબેન અવાર-નવાર મને ફોન કરતાં હતાં અને મને વિડીયો કોલ કરી પોતાના કપડા ઉતારતાં હતાં. જો કે મેં કદી ચેતનાબેન સાથે શરીર સંબંધ બાંધેલ નથી. આ પછી એક દિવસ ચેતનાબેને મને તેના ઘરે બોલાવ્યો હતો અને મારી પાસે રડીને કહેલુ કે તમે સારા માણસ છો કે અમને હેલ્પ કરી. આ રીતે તેણે મને વિશ્વાસમાં લીધો હતો. ત્યારબાદ મેં તેને જરૂર પડે ત્યારે કટકે કટકે પૈસાની મદદ કરી હતી.

એક દિવસ ચેતનાબેને પોતાને સોનાનું પેન્ડલ લેવુ છે તેવી વાત કરતાં મેં ૭૦ હજારનું પેન્ડલ રાધીકા જ્વેલર્સમાંથી લાવી આપ્યું હતું. બાદમાં ચેતનાબેનના દાગીના બેંકમાં હોઇ તેના પણ ૭૦હ જાર મેં ભર્યા હતાં. એક વખત તેને મેરેજમાં જવા જરૂર હોઇ ૧૦ હજાર રોકડા આપ્યા હતાં. આ પછી તેમની દિકરીના વિઝા કઢાવવા માટે જરૂર હોઇ મેં બે લાખની લોન કરાવીને તેને આપ્યા હતાં. એ પછી તેણીએ મારી પાસેથી ૧૭ હજારનો મોબાઇલ ફોન લેવડાવ્યો હતો.

ત્યારબાદ તેની દિકરીના લગ્ન હોઇ ચેતનાબેનના પતિ ભરતભાઇએ ૧ લાખ માંગતા મેં દીધા હતાં. તેનું કોઇ લખાણ નહોતું. ત્યારબાદ તેની દિકરીને નવુ લેપટોપ લેવુ હોઇ રૂા. ૪૫૩૯૨નું લેપટોપ લાવીને મેં આપ્યું હતું અને તેના હપ્તા મેં ભર્યા હતાં.

આ રીતે ચેતનાબેને મારી પાસે કટકે કટકે રોકડા, દાગીના મળી રૂા. ૧૦,૬૦,૦૦૦ લઇ લીધા હતાં. જેમાંથી ભરતભાઇએ ૩,૪૦,૦૦૦ પાછા આપ્યા હતાં. બાકીના ૭,૨૦,૦૦૦ મારે લેવાના હોઇ તે પાછા માંગતા મારી સાથે ખરાબ વર્તન કરી મને ફોન કરી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી કહેલું કે તારા જેવા મારું કંઇ બગાડી ન શકે. એ પછી ચેતનાબેનના દિકરા ધાર્મિક મને ફોન કરી ધમકી આપી તારુ ઘર બગાડુ નહિ તો કહેજે તેમ કહ્યું હતું. ભરતભાઇને પણ મેં ગાડી પર લોન અપાવી હોઇ તે રકમ પાછી માંગતા તેણે પૈસા નથી આપવા થાય તે કરી લેજે કહી ધમકી આપી હતી. આમ મારી પાસે આ પતિ-પત્નિ અને તેના પુત્રએ પૈસા પડાવી રકમ પાછી ન આપી ધમકી આપતાં ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં જણાવતાં ગાંધીગ્રામના પોલીસ ઇન્સ્પેક્ટર એસ.આર. મેઘાણી મેડમના માર્ગદર્શન હેઠળ આસી સબ ઇન્સ. જે. એમ. બોસીયાએ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

---

# દારૂની ૩૬ બોટલ સાથે સોમનાથ સોસાયટીનો હાદિક ઝડપાયો

## રૂ.૧૦.૫૩ લાખનો મુદ્દામાલ કબજે કરતી PCB

રાજકોટ મિરર તા.૩૧



પી.સી.બી. પોલીસે બાતમીના આધારે અમદાવાદ-રાજકોટ હાઇવે ચાંદની હોટેલની સામેના ભાગે રોડ ઉપરથી કારમાં એક શખ્શને દારૂની ૩૬ બોટલ સાથે ઝડપી લઈને રૂ ૧૦,૫૩,૯૬૪નો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પી.સી.બી.પી.આઈ. એમ આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.સી.બી.ના પોલીસ અધિકારી, કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા. ત્યારે એ.એસ.આઈ.હરદેવસિંહ રાઠોડ, હેડ.કોન્સ. કરણભાઇ મારૂ, કોન્સ દેવરાજભાઈ કળોતરાને બાતમી મળી હતી કે એક શખ્સ કારમાં વિદેશી દારૂના જથ્થા સાથે ઉભો છે.

બાતમીવાળી જગ્યાએ પહોચી તપાસ કરતા અમદાવાદ રાજકોટ હાઈવે ચાંદની હોટેલની સામેના ભાગે રોડ પર કાર ઉભી હતી. કારની તલાશી લેવાતા તેમાંથી રૂ. ૫૩, ૯૬૪નો ૩૬ બોટલ દારુ પોલીસના હાથ લાગ્યો હતો. આ સમયે પોલીસે શ્રીજી કૃપા મકાન સોમનાથ સોસાયટી શેરી નં.૩, ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા ટેલીફોન એક્ષચેન્જની પાસે રહેતા હાદિક ઉર્ફે શંભુ મુકેશ ચૌહાણની અટક કરી દારુ, કાર સહિત રૂ.૧૦,૫૩૯૬૪/-ના મુદ્દામાલ કબજે કર્યો હતો.

સાથે પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરવામા આવી હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે હાદિક ઉર્ફે શંભુ ચૌહાણ સામે અગાઉ પણ ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં ૨ ગુન્હા નોંધાઈ ચૂક્યા છે.

શંભુને ઝડપી લેવામાં પી.સી.બી. પી.આઈ. એમ.આર.ગોંડલીયા, પી.એસ.આઈ. એમ.જે.હુણ, એ.એસ.આઇ. મયુરભાઈ પાલરીયા, સંતોષભાઈ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ ,હેડ.કોન્સ. કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, ઘનશ્યામસિંહ ચૌહાણ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદિપસિંહ જાડેજા, રાહુલગીરી ગૌસ્વામી, ગીરીરાજસિંહ જાડેજા,કોન્સ. યુવરાજસિંહ રાણા, વિજયભાઈ મેતા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, નગીનભાઈ ડાંગર, હિરેનભાઇ સોલંકી દ્વારા કરાઈ હતી.

---

# લોધિકા, ઉમરાળી, મોટી મારડ ને વિંછીયામાં જુગાર દરોડા : ૪ મહિલા સહીત ૨૦ ઝડપાયા

## ચારેય જુગાર દરોડમાં ૩,૧૨,૬૭૦ નો મુદ્દામાલ કબજે કરતી ક્રઇઇ ગ્રામ્ય, વીરપુર, લોધિકા અને વિંછીયા પોલીસ

રાજકોટ મિરર, તા.૩૧

જીલ્લા વિસ્તારમાં જેતપુરના વીરપુર, લોધિકા, ધોરાજી પંથકના મોટીમારડ અને વિંછીયા એમ જુદાજુદા ૪ જુગાર દરોડામાં ૪ મહિલા સહીત ૨૦ પત્તાપ્રેમીને પોલીસે પકડી પાડી તમામ સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

દરોડાની પોલીસ પાસેથી જેતપુર તાલુકાના ઉમરાળી ગામની સીમ વિસ્તારમાં બાતમી આધારે રાજકોટ રૂરલ એલસીબીની ટીમે દરોડો પાડતા ગામના સંકેત સોજીત્રાની વાડીમાં જુગારનો અખાડો ચાલતો હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસે દરોડા દરમિયાન વાડી માલિક અને ઉમરાળી રહેતા સંકેત મુળજી સોજીત્રા, ઉપલેટાનો મેરામણ સોમા સુવા, આજીડેમ ચોકડી વિસ્તારમાં રહેતા કિશોર મગન કુંડલીયા, રાજકોટના ભારતનગરમાં રહેતા મહેશ ભુરા ભોજાણી, ઢાંકની ગારી વિસ્તારમાં રહેતા ધર્મેન્દ્રસિંહ મંગળસિંહ સોલંકી, જામનગરના સતીબેન દેવાયત ડાંગર, પોરબંદરના વાલીબેન ઉર્ફે શાંતીબેન પરબત કેશવાલા, રાજકોટના કમુબેન ઉર્ફે કંચનબેન મહેશ ભોજાણી તેમજ સમૃધ્ધી નગર વામ્બે ક્વાર્ટર રાજકોટના હંસાબેન મુકેશ મણવરને જુગાર રમતા ઝડપી લીધા હતા.

દરોડા દરમિયાન રૂ. ૮૫,૫૦૦ રોકડ તેમજ કાર મળી રૂ. ૨,૮૫,૫૦૦ નો મુદ્દામાલ કબજે કરાયો હતો. જુગાર દરોડામાં પીઆઇ વી.વી.ઓડેદરાના માર્ગદર્શનમાં પીએસઆઇ એચ.સી.ગોહીલ, એ.એસ.આઇ. બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અનિલભાઈ બળકોદીયા, હેડ. કોન્સ. દિવ્યેશભાઈ સુવા, નિલેશભાઈ ડાંગર, રાજુભાઈ સાંબડા, હરેશભાઈ પરમાર, શક્તિસિંહ જાડેજા, વિજયસિંહ જાડેજા, અરવિંદસિંહ જાડેજા, કૌશિકભાઈ જોશી, કોન્સ્ટેબલ મિરલભાઈ ચંદ્રવાડીયા, અબ્દુલભાઈ શેખ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.બીજા દરોડામાં લોધીકા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઇ આઇ.એમ.સરવૈયાની સુચનાથી લોધીકા પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે લોધીકા ગામે શેરીમાં સ્ટ્રીટ લાઇટના અંજવાળામાં જાહેર જગ્યામાં જુગાર રમતા ૪ શખ્શો પકડાઈ ગયા હતા. જેમાં ઉપલેટાના મુકેશ ખીમજી ખીમસુરીયા, ચીભડા ગામના લાઘા ટપુ સીંધવ, લોધીકાના જીકા ખેતા ચૌહાણ રહે-તેમજ લોધિકા તાલુકાના કોઠાપીપળીયા ગામના નાનજી ઓઘણ ઘીયાડનો સમાવેશ થતો હોવાનું પોલીસે જણાવ્યું હતું. દરોડા દરમિયાન પટમાંથી પોલીસે રૂ.૧૨,૮૦૦ રોકડ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ત્તીજસ જુગાર દરોડામાં ઇન્ચાર્જ પીઆઇના સરવૈયાના માર્ગદર્શન હેઠળ એએસઆઇ ગોપાલભાઈ ધાધલ, હેડ. કોન્સ. માવજીભાઈ ડાંગર, કોન્સ્ટેબલ ખોડાભાઈ મકવાણા દ્વારા કાર્યવાહી કરાઈ હતી. ત્રીજા દરોડામાં વિંછીયા પોલીસે ખોડિયારપરામાં જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્શને રોકડ ૧૪,૫૭૦ સાથે ઝડપી લીધા હતા. પકડાયેલા શખ્સોમાં ધાર્મિક જેન્તી ઓળકીયા, દર્શન વિજય દાવડા, રવિ અરવિંદ ડાભી, જયેશ રમેશ રોજાસરા તેમજ સંજય મનસુખ ઝાપડીયાનો સમાવેશ થતો હોવાનું પોલીસે જણાવ્યું હતુ.જ્યારે ચોથા દરોડામાં પાટણવાવ પોલીસે મોટી મારડ ગામે બસ સ્ટેશન પાછળની શેરીમાં જુગાર રમતા બે શખ્સને રોકડ રૂ. ૩૦૦ સાથે ઝડપી લીધા હતા. પકડાયેલા શખ્સોમાં મુના નાનો કોળી અને વીનું બધા પરમારનો સમાવેશ થતો હોવાનું પાટણવાવ પોલીસે જણાવ્યું હતું.

---

# સિવિલ હોસ્પિટલના કર્મચારીનો હોસ્પિટલમાં ઝેરી દવા પી આપઘાત

## ઉપલેટાનો બનાવ : ડ્યુટી પૂરી કરી રૂમ નં.૩માં બપોર બાદ દવા પી લેતા મોત : સ્યુસાઈટ નોટ પોલીસે કબજે કરી કાર્યવાહી કરી

રાજકોટ મિરર તા.૩૧

જીલ્લાના ઉપલેટા તાલુકાના સિવિલ હોસ્પિટલના કર્મચારીએ હોસ્પિટલમાં જ યુવાને દવા પી આપઘાત કરી લેતા પરિવારમાં કલ્પાંત. સ્યુસાઈટ નોટ પોલીસે કબજે કરી કાર્યવાહી હાથધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ જીલ્લાના ઉપલેટા સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા કર્મચારીએ સિવિલ હોસ્પિટલમાં જ ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો, જેમાં ઘણા સમયથી ઉપલેટા સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા આસરે ૩૨ વર્ષીય પિયુષ રમેશભાઈ વાઢીયા નામના કર્મચારીએ સિવિલ હોસ્પિટલમાં જ દરવાજા બંધ કરીને બપોરના સમયે આપઘાત કરી લીધો હોવાની બાબત સામે આવી છે. આપઘાતની ઘટના બન્યા બાદ સિવિલ હોસ્પિટલમાં દોડધામ મચી ગઈ હતી.આ મામલે મળતી માહિતીઓ મુજબ આપઘાત કરવાનું કારણ પારિવારિક સમસ્યા તેમજ આર્થિક સંકળામણ અને તેમની સાથે કોઈ પણ પ્રકારની લાખો રૂપિયાની છેતરપિંડી થઈ હોવાની બાબતે તેમના દ્વારા આપઘાતનું પગલું ભરી લેવામાં આવ્યું હોવાનું ચર્ચાઈ



રહ્યું છે. જોકે આ સત્ય હકીકત શું છે તે પોલીસ તપાસ બાદ સામે આવી શકે છે. આપઘાતની બનાવ અંગે સિવિલ હોસ્પિટલ દ્વારા જાણવા મળ્યું હતું કે બપોરના સમયે તેમણે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. જેમાં આ ઘટના બાદ હોસ્પિટલમાં સન્નાટો છવાઈ ચૂક્યો હતો, ત્યારે આ બાબતે ઉપલેટા પોલીસનો સંપર્ક કરતા પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આપઘાત કરનાર વ્યક્તિએ સિવિલ હોસ્પિટલમાં આપઘાત કરી લીધો છે. આપઘાતની આ ઘટના અંગે એક સુસાઇડ નોટ પણ મળી હોવાની માહિતીઓ પ્રાપ્ત થઈ છે. આપઘાતની ઘટનાને લઈને ઉપલેટા પોલીસે દ્વારા સુસાઇડ નોટ કબ્જે કરવામાં આવી અને સમગ્ર બાબતે તપાસ હાથ ધરવામાં આવી છે. યુવાનના પગલાં પાછળ આર્થિક સંકડામણ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

---

### કડકાઈ દૂર કરવા તમંચો વેચવા ઉભો'તો પણ પોલીસે દબોચી લીધો

# સાઈબાબા સર્કલ પાસેથી દેશી તમંછો-૨ કાર્ટીઝ સાથે યુપીનો રાજન ઝડપાયો

## PI એ.બી. જાડેજા સહિતની તેમને સફળતા : ગ્રાહક તો ના મળ્યો પણ પોલીસ ભેટી ગઈ જેવો તાલ

રાજકોટ મિરર, તા.૩૧

આજીડેમ પોલીસે બાતમીના આધારે સાઈબાબા સર્કલ નજીકથી ૨ જીવતા કાર્ટીસ અને દેશી તમંચા સાથે ઉત્તરપ્રદેશના રાજનને પકડી પાડી તપાસ શરુ કરી છે. પ્રાથમિક પૂછપરછમાં પરપ્રાંતીય શખ્શે આર્થિક તંગી દૂર કરવા તેમના ઉત્તરપ્રદેશ રાજ્યમાંથી તમંચો લઇ આવીને થોડા પૈસા મળે તો વેચી નાખવાની ફિરાકમાં હોવાનું કબુલ્યું હતું.

મળતી વિગતો મુજબ શહેરના સંવેદનશીલ વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ કરી ગેરકાયદેસર હથીયાર ધરાવતા શકશોને પકડી પાડવાના પોલીસ કમિશ્નર સહિતના અધિકારીઓ દ્વારા આદેશો થયા હતા.





જે અન્વયે રાજકોટ શહેર આજીડેમ પોલીસ સ્ટેશનના પીઆઈ એ.બી.જાડેજાની રાહબરીમાં સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ જે.જી.રાણા અને સ્ટાફ પેટ્રોલીંગમાં હતા. ત્યારે એ.એસ.આઈ. રવિભાઈ દિલીપભાઈ વાંક અને હારૂનરસીદ રમજુભાઈ ચાનીયાને માતમી મળી હતી કે રોલેક્ષ રોડ પર એક શખ્સ ગેરકાયદે હથિયાર સાથે આંટાફેરા કરી રહ્યો છે.દરમિયાન પોલીસે ત્યાં પહોચી તપાસ કરતા એક શંકાસ્પદ શખ્સની પૂછપરછ કરતા આ શખ્સે તેમનું નામ રાજનકુમાર સદાનંદ ગૌતમ (ઉ.વ.૨૩, રહે. સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ એરીયા, સોમનાથ વેબ્રીજ પાસે, ગુલાબનગર બાજુમાં, રોલેક્ષ રોડ, રાજકોટ, મુળઃ- બલનપુર ગામ, પોસ્ટ. જંગીગંજ થાના. ગોપીગંજ જી.બધોઈ રાજ્ય-ઉત્તરપ્રદેશ) હોવાનું જણાવ્યું હતું.

પોલીસે આ સમયે તેમની અંગજડતી લેતા રાજન પાસેથી દેશી બનાવટનો તમંચો અને બે જીવતા કાર્ટીસ મળી આવ્યા હતા. આ બાબતે વધુ વિગતો આપતા એ.બી.જાડેજાએ ''રાજકોટ મિરર''ને જણાવ્યું હતું કે, હાલ તમંચો-કાર્ટીઝ મળી રૂ.૫૨૦૦નો મુદ્દામાલ કબજે કરી રાજનની આકરી ભાષામાં પૂછપરછ કરવામાં આવી હતી. ત્યારે રાજાને કોઈ વેરઝેર કે માથાકુટને લીધે તમંચો સાથે નહોતો રાખ્યો પણ આર્થિક તંગી દૂર કરવા, જો ખરીદી કરતા વધારે પૈસા મળે તો વેચી નાખવાની અને ગ્રાહકની શોધમાં હોવાનું કબુલ્યું છે. જો કે સત્ય બહાર લાવવા તેમને રિમાન્ડ પર લેવાશે તેવું તેઓએ જણાવ્યું હતું.

પીઆઈ એ.બી.જાડેજા, પીએસઆઈ જે.જી.રાણા, એ.એસ.આઇ.હારૂનભાઇ ચાનીયા, રવિભાઇ વાંક, હેડ.કોન્સ. પિયુષભાઈ ચિરોડીયા, દિગ્પાલસિંહ જાડેજા, હરપાલસિંહ જાડેજા, કોન્સ્ટેબલ પ્રદિપસિંહ ગોહીલ, જગદીશસિંહ પરમાર, દિવ્યરાજસિહ જાડેજા, ગોપાલભાઈ બોળીયા, મહેશભાઇ કોઠીવાળ, હરપાલસિંહ જાડેજા, દેવાભાઈ ધરજીયા, સંજયરાજ બારોટ તેમજ વિશ્વરાજસિહ પરમાર દ્વારા રાજનને પકડવા કાર્યવાહી કરવામાં આવી હતી.

---

# ગાંધીગ્રામમાં ત્રણ યુવાન પર મહિલા સહીત ૪નો હુમલો

## મિર્ચી સ્પ્રેનો ઉપયોગ કરી કરાયો હુમલો : હુમલાખોરોને શોધતી ગાંધીગ્રામ પોલીસ

રાજકોટ મિરર, તા.૩૧

શહેરના ગાંધીગ્રામ વિસ્તારના સદગુરૂ નગરમાં અગાઉના ઝગડાના કોર્ટ કેસ બાબતે મનદુઃખ રાખીને ત્રણ યુવાનો પર મહિલા સહિત ચાર શખ્સે મિર્ચી સ્પ્રેનો ઉપયોગ કરી હુમલો કર્યાની ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે. પોલીસે હુમલાખોરોની શોધખોળ આદરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના સદગુરુનગર રૂડા-૨ માં રહેતા અને વી ડી ડીસ્ટ્રીબ્યુશન પેઢીમાં નોકરી કરતા કેતનભાઈ મનસુખલાલ ગોહેલ (ઉ.વ.૪૮)એ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં મહિલા સહિત ચાર શખ્સોએ હુમલો કર્યાના બનાવ અંગે જણાવ્યું છે કે, ૨૪મી માર્ચના રોજ રાત્રીના સાડા નવ વાગ્યે તે પત્ની ચેતનાબેન સાથે ગાંધીગ્રામ શેરી ન.૩/અ માં રહેતા પિતાના ઘરે ગયા હતા.

ત્યારે રાત્રીના દસેક વાગ્યાની આસપાસ તેમના પિતાના ઘર કોઈ ઝગડો કરતુ હોવાનું માલુમ પડતા અને ઘરની બહાર નીકળતા ભાઈ મંથનને શેરીના ખુણા પાસે શ્રી રામ ડેરી નજીક યશ ગવલી માર મારતો હતો અને તેના મિત્ર દીગ્વીજય વાળાને ધ્રુવીત પરમાર માર મારતો હતો.

આ સમયે કેતનભાઈએ દોડીને છોડાવવા પ્રયાસ કરતા ધ્રુવીત પરમારે તેમના મોઢા પર મિર્ચી સ્પ્રે છાટી નાકના ભાગે મુક્કો મારી દઈને તેમને ઘાયલ કર્યો હતો.

દરમિયાન ધ્રુવીતના માતા રેખાબેન તેના પિતા જનકભાઈ એ ત્યાં આવીને કેતનભાઈ સાથે ઝપાઝપી કરીને તેમનું ટીશર્ટ ફાડી નાખ્યું હતું.

ડખ્ખા સમયે મંથને પોલીસને કોલ કરવાનુ કહેતા આરોપીઓ ત્યાથી નાસી ગયા હતા. પણ જતા જતા ધ્રુવીતે ગાળો આપીને મારી શેરીમાંથી નીકળતા નહીં નહીતર તમારા ટાટીયા ભાંગી નાખીશું કહી ધમકી આપી હતી.

દરમિયાન ૧૦૮ એમ્બયુલન્સ મારફત ફરિયાદી અને દિગ્વિજય વાળાને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. ફરિયાદીએ ઝગડાનું પોલીસને કારણ આપ્યું હતું કે, ધ્રુવીત પરમારે એકાદ વર્ષ પહેલા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં મંથન અને અને તેના મીત્ર દીગ્વીજય સામે ફરીયાદ કરતા તે કેસ કોર્ટમાં ચાલુ હોવાનો ખાર રાખી હુમલો કર્યો હતો.

અપમૃત્યુના ચાર બનાવમાં એકનો આપઘાતઃ બેને દિલે દગો દીધો, એક યુવાને બેભાન હાલતમાં લીધા અંતિમ શ્વાસ

# ખેડૂતે વાડીમાં જ વખડા ઘોળીને દુનિયા છોડી

## બીજા બે બનાવમાં યુવાન અને પ્રૌઢને તેમના દિલ દગો દઈ ગયાઃ એક યુવાનનું બેભાન હાલતમાં થયું મૃત્યુ

રાજકોટઃ અપમૃત્યુની ઘટનાઓ વચ્ચે વધુ એક વ્યક્તિએ આપઘાત કરી લીધો હતો. તો બે લોકોના દિલ તેમની સાથે દગાખોરી કરી ગયા હતાં. એક ખેડુતે વાડીએ જ ઝેરી દવા પી લેતાં તેમનું આ પગલુ જીવલેણ નીવડ્યું હતું. જ્યારે બીજા બે બનાવમાં ઘરે ઢળી પડ્યા બાદ યુવાન અને પ્રૌઢની જિંદગી ખતમ થઇ ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો ચોટીલાના સુખસર ગામે રહેતાં સત્તાવન વર્ષના સોમાભાઇ હરજીભાઇ સરવૈયા નામના ખેડુત સવારે વાડી વિસ્તારમાં હતાં ત્યારે ઝેરી દવા પી લેતાં ચોટીલા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આત્મહત્યા કરી લેનારા સોમામાભાઇ ચાર ભાઇ અને બે બહેનમાં નાના હતાં. સંતાનમાંએક પુત્ર તથા એક પુત્રી છે. પોતે ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. માનસિક તકલીફ હોઇ તેની દવા ચાલુ હતી. આ કારણે કંટાળીને આપઘાત કર્યાનું સગાએ જણાવ્યું હતું.

જ્યારે અન્વ બનાવમાં દિલની દગાખોરી બે લોકોના જીવ લઇ ગઇ હતી. ખોખડદળ પાસે રહેતાં મુળ યુપીના યુવાન અને કોઠારીયા રોડ જુના ગણેશનગરના પ્રૌઢના હાર્ટએટેક આવવાથી શ્વાસ થંભી ગયા હતાં. વિગતો જોઇએ તો ખોખડદળ પાસે સંસ્કાર ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં રહેતાં રામરાજ ગંગારામ



પાસવાન નામના ચાલીસ વર્ષના યુવાન સવારે ત્રણેક વાગ્યે ઘરે એકાએક ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ તેનો મૃતદેહ જ પહોંચ્યાનું જાહેર થતાં સ્વજનોમાં ગમગીની વ્યાપી ગઇ હતી. બે ભાઇ અને ત્રણ બહેનમાં નાના હતાં. સંતાનમાં બે પુત્રી અને ચાર પુત્ર છે. જ્યારે બીજા બનાવમાં કોઠારીયા રોડ જુના ગણેશનગર-૯માં તિરૂપતી સોસાયટી પાસે રહેતાં એકાવન વર્ષના દિનેશભાઇ હરજીવનભાઇ ધામેચા સાંજે ઘરે ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તે બે ભાઇ અને એક બહેનમાં નાના તથા અપરિણીત હતાં. અગાઉ પેરેલીસીસ આવ્યો હોઇ ટ્રાઇસીકલમાં અગરબત્તીની ફેરી કરી ગુજરાન ચલાવતાં હતાં. સાંજે હાર્ટએટેક આવી ગયાનું તેમના ભાઇએ કહ્યું હતું. બંને બનાવમાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, ચંદ્રસિંહ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇ, ભાવેશભાઇએ થોરાળા અને આજીડેમ પોલીસને જાણ કરી હતી. થોરાળાના એએસઆઇ ઘેલુભાઇ શિયારે જરૂરી કાર્યવાહી કરી હતી.

જ્યારે અપમૃત્યુના ચોથા બનાવમાં સંત કબીર રોડ કનકનગર પાસે ગઢીયાનગર-૧૪માં રહેતાં દિવ્યેશભાઇ દેવરાજભાઇ સંખાવરા નામના સત્યાવીસ વર્ષના યુવાન બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ જીવ બચ્યો નહોતો. તેને કેન્સરની બિમારી હોવાનું સગાએ કહ્યું હતું. તે એક બહેનથી નાના હતાં અને સંતાનમાં એક પુત્રી છે. આ બનાવ અંગે બી-ડિવીઝન પોલીસે આકિસ્મક મૃત્યુની નોંધ કરી હતી.

# એક મહિના પહેલાના ડખ્ખાના ફોટા શેઠને મોકલ્યા એમાં કર્મચારીએ માર ખાધોઃ હાથમાં ફ્રેકચર

## નાગલપરની કલરવ પાર્ક સોસાયટીના બનાવમાં કુવાડવા પોલીસે દાખલ કરી ફરિયાદ



રાજકોટઃ નવા જુના મનદુઃખને કારણે મારામારી, ધાકધમકીના કિસ્સા બનતા રહે છે. આવો વધુ એક બનાવ પોલીસ ચોપડે ચડ્યો છે. કુવાડવાના નાગલપરમાં કલરવ પાર્કમાં રહેતાં અને સોસાયટીમાં ચોકીદારી કરતાં પ્રૌઢને આ સોસાયટમાં જ રહેતાં શખ્સે તે કેમ એક મહિના પહેલા માથાકુટ થઇ તેના ફોટા તારા શેઠને મોકલ્યા હતાં? તેમ કહી પ્લાસ્ટીકના પાઇપથી આડેધડ ફટકારતાં એક હાથમાં લોહી નીકળતાં અને બીજા હાથમાં ફ્રેકચર થઇ જતાં દાખલ થવાની નોબત આવી હતી.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો કુવાડવા રોડ પોલીસે કુવાડવા નજીકના નાગલપર ગામે કલરવ પાર્ક સોસાયટીમાં આઠેક વર્ષથી એકલા રહેતાં અને વોચમેન તરીકે કામ કરતાં ત્રેપન વર્ષના ભાવેશભાઇ જીવરાજભાઇ શેઠની ફરિયાદ પરથી કલરવ પાર્કમાં મકાન નં. ૩૦માં રહેતાં સુરેશભાઇ ઉકેડીયા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરાઇ હતી. ભાવેશભાઇએ કહ્યું હતું કે હું અહિ એકલો રહુ છું અને સોસાયટીની દેખરેખ રાખુ છું. રવિવારે સાંજે સાડા પાંચેક વાગ્યે મારા મકાનની બહાર ખુરશી રાખીને બેઠો હતો ત્યારે અજયભાઇ પરસોડાનો મિત્ર સુરેશ ઉકેડીયા જે મકાન નં. ૩૦માં રહે છે તે અવાર-નવાર અજયભાઇના ઘરે આવતો હોઇ જેથી હું તેને ઓળખું છે તે સુરેશ હાથમાં પ્લાસ્ટીકનો પાઇપ લઇને આવ્યોહ તો અને કહ્યું હતું કે એક મહિના પહેલા આપણી સોસાયટીમાં બનેલા બનાવના ફોટા તે તારા શેઠ મનિષભાઇને શું કામ મોકલ્યા હતા? તેમ કહી મને ગાળો દેતાં મેં કહેલુ કે હું ત્યારે સોસાયટીમાં હતો જ નહિ, હું મુંબઇ હતો. છતાં શંકા હોય તો મારો ફોન ચેક કરી લ્યો.

આથી સુરેશે મારો ફોન ચેક કર્યો હતો. બાદમાં એકદમ ઉશ્કેરાઇ જઇ પાઇપથી મને આડેધડ માર મારતાં હું પડી ગયો હતો. જેથી સુરેશ ભાગી ગયો હતો. મને જમણા હાથમાંથી લોહી નીકળતું હોઇ અને ડાબા હાથમાં પણ દુઃખાવો ઉપડ્યોહોઇ ૧૦૮ બોલાવી હતી અને સારવાર માટે દાખલ થયો હતો. તબિબે એક્સ-રે કરાવતાં ડાબા હાથમાં ફ્રેકચર આવ્યુ હતું. આ માથાકુટનું કારણ એ છે કે એક મહિના પહેલા અમારી સોસાટીમાં મારા શેઠ મનિષભાઇ અને અજયભાઇ પરસોડા વચ્ચે માથાકુટ થઇ હતી. તે વખતે અજયભાઇ વિરૂધ્ધ મારા શેઠે ફરિયાદ કરી હોઇ તેની દાઝ રાખી અજયભાઇના મિત્ર સુરેશ ઉકેડીયાએ ગાળો દઇ મેં મારા શેઠને ફોટા મોકલ્યા હતાં તેવી શંકા કરી માર મારતાં ડબાબા હાથમાં ફ્રેકચર થઇ ગયું હતું. હોસ્પિટલ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ, ચંદ્રસિંહ, તૌફિકભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇએ જાણ કરતાં કુવાડવાના એએસઆઇ કે. એચ. ચાવડાએ એફઆઇઆર દાખલ કરી હતી.

# હોટલમાં ચા-કોલ્ડ્રીંક્સ સાથે દારૂ પણ મળતો હતો! કુવાડવા પોલીસે કર્યો પર્દાફાશ

## નવાગામ આણંદપર પાસેની હોટલમાં કાર્યવાહીઃ કારમાંથી અને પાણીના જગમાંથી બોટલો મળતાં સંચાલકને પકડી લીધો

રાજકોટઃ ઘણીવાર કેટલાક લોકો મુળ ધંધાની સાથે સાથે દારૂના ધંધા પણ કરી લેતાં હોય છે. આવો જ એક પર્દાફાશ કુવાડવા રોડ પોલીસે કર્યો છે. પોલીસને બાતમી મળી હતી કે નવાગામ આણંદપર પાસે હાઈવે પર ખોડીયાર ટી સ્ટોલ એન્ડ કોલ્ડ્રીંકસ નામની હોટેલમાં ચા-પાણીથી સાથે સાથે દારૂની બાટલીઓ પણ મળે છે! આથી પોલીસ છુપી રીતે ત્રાટકી હતી અને તલાસી લેતાં હોટલમાં રાખેલા એક પાણીના જગમાંથી તેમજ હોટલ સંચાલકની કારમાંથી દારૂની બોટલો મળી આવી હતી અને બાતમી સાચી ઠરી હતી.

કુવાડવા રોડ પોલીસ ડી. સ્ટાફની ટીમે ત્રાટકી ત્યાં પડેલી જીજે ૩૬એજે-૨૯૮૭ નંબરની સ્વીફ્ટ કારમાંથી દારૂની ત્રણ બોટલો કબ્જે કરી હતી અને બીજી ત્રણ બોટલ હોટલ અંદર પડેલા પાણીના જગમાંથી મળી આવી હતી. પોલીસે દારૂ, કાર મળી રૂ. ૨,૯૪,૪૧૯નો મુદ્દામાલ કબ્જે કરી હોટલ સંચાલક ચાલીસ વર્ષના મહિપાલ સોંડાભાઇ મકવાણા (રહે. અગાભી પીપળીયા, ભરવાડ પરા તા. વાંકાનેર, હાલ નવાગામ દેવનગર ઢોળો)ને પકડી લીધો હતો. કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર બી. પી. રજયાના માર્ગદર્શન હેઠળ એએસઆઇ કે. વી. જાડેજા અને ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ભાવેશભાઇ મુળુભાઇ મકવાણા અને કુશલકુમાર જોષીને મળેલી બાતમી પરથી હોટલ ખાતે પહોંચી પોલીસે તલાસી લેતાં હોટેલમાં રાખેલા પાણીના જગમાંથી દારૂની ત્રણ બોટલો મળી હતી. તેમજ બીજી ત્રણ બોટલ હોટલ સંચાલક મહિપાલની કારમાંથી મળી આવતાં ગુનો નોંધી દારૂ, કાર કબ્જે કરી મહિપાલની ધરપકડ કરી તે દારૂ ક્યાંથી લાવ્યો? કોને આપે છે? કેટલા સમયથી વેંચે છે? તેની તપાસ શરૂ કરી હતી.

# ટ્રેનની ટક્કર જીવલેણ નીવડીઃ ખંઢેરીના વૃધ્ધનું પરાપીપળીયા પાસે મોત થયું

## બીજા બનાવમાં ઘરેથી નીકળ્યા બાદ ભગવતીપરાના યુવાનની બેડી ચોકડીએ લાશ મળી



ઓછુ સાંભળતા હોવાથી ટ્રેન આવી ગયાની ખબર ન રહી ને ઘટના બની

રાજકોટઃ અપમૃત્યુના એક બનાવમાં ટ્રેનની ટક્કર એક વૃધ્ધ માટે જીવલેણ નીવડી હતી. જામનગર રોડ પર પરાપીપળીયા પાસે ખંઢેરીના વૃધ્ધ ટ્રેનની ઠોકરે આવી જતાં કમકમાટી ભર્યુ મોત થયું હતું. આ વૃધ્ધ ઘરેથી આટો મારવા નીકળ્યા હતાં. તેઓ કાને ઓછુ સાંભળતા હોઇ પાટા ઓળંગી રહ્યા હતાં ત્યારે જ ટ્રેન આવી જતાં આ ઘટના બની ગઇ હતી.

વધુ વિગતો પર નજર કરીએ તો જામનગર રોડ પર આવેલા ખંઢેરી ગામમાં રહેતાં પંચ્યાસી વર્ષના મુળુભાઇ લક્ષ્મણભાઇ સીપરીયા નામના વૃધ્ધ સવારે ઘરેથી આટો મારવા નીકળ્યા બાદ પરાપીપળીયા ગામના રેલ્વે ફાટક પાસે ટ્રેનની ઠોકરે આવી જતાં મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી. ગાંધીગ્રામ પોલીસને જાણ થતાં ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. મૃતક નિવૃત જીવન જીવતાં હતાં. સંતાનમાં ત્રણ દિકરી અને એક દિકરો છે. પોતે કાને ઓછુ સાંભળતા હોઇ પાટા ઓળંગી રહ્યા હતાં ત્યારે ટ્રેન આવી જતાં અવાજ નહિ સાંભળી શકતાં ઠોકરે આવી ગયા હતાં અને મૃત્યુ થયું હતું. બનાવને પગલે સ્વજનોમાં શોક છવાઇ ગયો હતો.

બીજા બનાવમાં બેડી ચોકડી નજીક ઓવર બ્રીજ પાસે મામાસાહેબના મંદિર નજીક અજાણ્યા યુવાનની લાશ પડી હોવાની જાણ થતાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના એએસઆઇ કેતનભાઇ ચાવડા સહિતે પહોંચીને કાર્યવાહી કરી હતી. તપાસ દરમિયાન મૃતક યુવાન ભગવતીપરા પુલ પાસે રહેતાં સાડત્રીસ વર્ષના હિરેનભાઇ સોમાભાઇ જાદવ હોવાનું ખુલતાં તેમના સગા પરિવારજનોને જાણ કરાઇ હતી. મૃત્યુ પામનાર છુટક મજુરી કરતાં હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. તેમને કેન્સરની બિમારી હતી. ઘરેથી નીકળ્યા બાદ અહિ બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયાની શક્યતા જણાઇ હતી. મોતનું કારણ જાણવા મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો હતો. ઘરેથી નીકળ્યા બાદ તેમનું મૃત્યુ થયું હતું.

# અગ્નિવીર બનવા ઈચ્છુક ઉમેદવારો ૧૦ એપ્રિલ સુધીમાં અરજી કરી શકશે

## ધો. ૮ અને ૧૦ પાસ ઉમેદવારો માટે પણ સુવર્ણ તક

અમદાવાદ, તા.૩૧

આર્મી રિક્રુટિંગ ઓફિસ, અમદાવાદ દ્વારા વષ ૨૦૨૫-૨૬ માટે લાયક પુરુષ ઉમેદવારો માટે આગ્નિવીર ભરતીના રજિસ્ટ્રેશન અંગે જાહેરાત કરવામાં આવીં છે. લાયકપુરુષ ઉમેદવારો ૧૦ એપ્રિલ,૨૦૨૫ સુધી સત્તાવાર વેબસાઈટ પરથી ઓનલાઇન રજિસ્ટ્રેશન કરી શકશે. આંગ્નવીર જનરલ ડ્યુટી, આગ્નિવીર ટેકનિકલ, અગ્નિવીર ક્લાર્ક, સ્ટોર કીપર ટેકનિકલ, અગ્નિવીર ટ્રેડૂસમેન (૧૦મું પાસ) અને અગ્નીવીર ટ્રેડ્સમેન (૮ પાસ) શ્રેણીઓ માટે ભરતા હાથ ધરવામાં આવી રહા છે, એમ આર્મી રિક્રુટિંગ ઓફિસ, અમદાવાદની અખબારી યાદમાં જણાવાયું છે.

રાજ્યના ૨૦ જિલ્લાઓ સહિત બે કેન્દ્રશાસિત પ્રદેશોના લાયક પુરુષ ઉમેદવારો આ ભરતીમાં ભાગ લઈ શકશે, જેમાં અમદાવાદ જિલ્લો પણ સામેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભરતી વર્ષ ૨૦૨૫-૨૬ માટે અગ્નિવીરોની ભરતી બે તબક્કામાં હાથ ધરવામાં આવનાર છે. જમાં પ્રથમ તબક્કો ઓનલાઇન કમ્પ્યુટર આધારીત લેખિત પરીક્ષા અને બીજો તબક્કો ભરતી રેલી શારીરિક કસોટી, દસ્તાવેજ તપાસ અને તબીબી તપાસ છે. ઓનલાઇન કોમ્પ્યુટર આધારિત પરીક્ષા લેખિત પરીક્ષા જૂન ૨૦૨૫માં યોજવામાં આવનાર છે.

જુના પ્રેમપ્રકરણને કારણે વધુ એક ડખ્ખોઃ મહિલા ફફડી ઉઠતાં પોલીસ પાસે દોડી

# તારે સંબંધ તો રાખવો જ પડશે કહી પરિણીતાને લાફાવાળી

## માજોઠીનગરના વસીમ ઉર્ફ જમાલે ઘરે આવી મારકુટ કરી માથે જતાં ખૂનની ધમકી પણ દીધીઃ ભક્તિનગર પોલીસે દાખલ કરી એફઆઈઆર

રાજકોટઃ જુના નવા લવલફરાને કારણે માથાકુટ થવાની ઘટના બનતી જ રહે છે. આવા જ એક વધુ બનાવમાં વાત પોલીસ સુધી પહોંચી ગઇ હતી. અગાઉ દૂધની ડેરી વિસ્તારમાં રહેતી અને હાલ જંગલેશ્વર વિસ્તારમાં રહેતી મુસ્લિમ પરિણીતાને માજોઠીનગરમાં રહેતાં તેના પુર્વ પ્રેમીએ જેલમાંથી છુટીને આવ્યા બાદ ફરી પોતાની સાથે સંબંધ રાખવાનું કહી તેણીના ઘરે જઇ ફડાકા મારી ખૂનની ધમકી આપતાં મહિલા ફફડી ગઇ હતી. તેણીએ આ બનાવની જાણ કરતાં પોલીસે એફઆઇઆર દાખલ કરી વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.



વિગતો પર નજર કરીએતો આ બનાવમાંભક્તિનગર પોલીસે જંગલેશ્વર ભવાની ચોક નસીમ મસ્જીદ પાસે રહેતી ૨૭ વર્ષની મુસ્લિમ પરિણીતાની ફરિયાદ પરથી માજોઠીનગરના ફારૂક ઉર્ફ જમાલ સલીમભાઇ મેણ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી છે. ભોગ બનેલી પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું છેકે હું મારા પતિ અને સંતાન સાથે રહુ છું અને મારા પતિ કારખાનામાં મજૂરી કરે છે. પાંચેક વર્ષ પહેલા અમારો પરિવાર દુધની ડેરી પાસે હાઉસીંગ બોર્ડના ક્વાર્ટરમાં રેહતો હતો. ત્યારે અમારા પડોશમાં ફારૂક ઉર્ફ જમાલ રહેતો હોઇ તેની સાથે મારે પ્રેમસંબંધ થઇ ગયો હતો. એ પછી અમે બંને ઘણીવખત ભેગા પણ થતાં હતાં. ત્યારબાદ ફારૂક ઉર્ફ જમાલ રાજકોટ જેલમાં જતાં હું મારા પતિ સાથે મારા પિતા કે જે જંગલેશ્વરમાં રહે છે ત્યાં રહેવા જતાં રહ્યા હતાં. હવે ફારૂક ઉર્ફ જમાલ જેલમાંથી છુટી ગયો હોઇ પંદરેક દિવસ પહેલા બપોરે બે વાગ્યા આસપાસ મારા ઘરે આવ્યો હતો અને અને ઝઘડો કર્યો હતો.

ત્યાર પછી ફરિથી રવિવારે સાંજે છએક વાગ્યે ફરીથી તે ઘરે આવ્યો હતો અને હજુ મારે તારી સાથે સંબંધ રાખવો છે તેમ કહેતાં મેં તેને ના પાડતાં તેણે ઉશ્કેરાઇ જઇ મને ફડાકા મારી દીધા હતાં અને જો તું સંબંધ નહિ રાખે તો તને મારી નાંખીશ તેવી ધમકી આપી હતી. તેમ વધુમાં મહિલાએ જણાવતાં ભક્તિનગરના હેડકોન્સ. ટી. એન. જોષીએ પોલીસ ઈન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ સરવૈયાના માર્ગદર્શન તળે ગુનો નોંધી ફારૂકને ઝડપી લેવા કાર્યવાહી શરૂ કરી હતી. આમ જુના પ્રેમપ્રકરણને કારણે વધુ એક ડખ્ખો સામે આવ્યો હતો.

# ઘરફોડયો તસ્કર ''મુકો'' પાસા તળે અમદાવાદ જેલમાં ધકેલાયો

## ભક્તિનગર પોલીસે તૈયાર કરેલી પાસાની દરખાસ્તને પોલીસ કમિશ્નર દ્વારા મંજુર કરાતા મુકેશ ઉર્ફે મુકો સોલંકીને અમદાવાદ મધ્યથ જેલમાં ધકેલાયો

રાજકોટ મિરર તા.૩૧

શહેરમાં ઘરફોડ ચોરીઓના ગુન્હાઓમા સંડોવાયેલ શખ્શને ભક્તિનગર પોલીસે તૈયાર કરેલી પાસા દરખાસ્તને પોલીસ કમિશનર દ્વારા મંજુર કરવામાં આવતા અમદાવાદ મધ્યથ જેલમાં ધકેલી દેવાયો છે.

પ્રાપ્ત વિગત મુજબ ડીજી.પી.ના ૧૦૦ કલાકમાં ગુન્હેગારો વિરૂધ્ધ કડક કાયદેસરની કાર્યવાહી કરવા આદેશો અપાયા બાદ ચોરી કરવાના અનેક ગુન્હામાં પકડાયેલ શખ્શને જુનાગઢ જેલમાંથી છુટતાની સાથે જ ભક્તિનગર પોલીસ સ્ટેશન દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરી પી.સી.બી શાખા તરફ મોકલવામાં આવતા, પીસીબી પોલીસે પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ પાસાનું વોરંટ ઈસ્યુ કરતા

અધીક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા ઉપરાંત નાયબ પોલીસ કમિશ્નર ઝોન -૧ સજનસિંહ પરમાર, મદદનીશ પોલીસ બી. વી. જાધવના માર્ગદર્શન તેમજ આદેશો હેઠળ ઇસ્યુ થયેલ પાસા વોરંટની આજે બજવણી કરવાના આદેશ થતા ઘરફોડ ચોરીઓના ગુનાઓમાં પકડાયેલ શખ્શ મુકેશ ઉર્ફે મુકો ભાદા સોલંકી (રહે. ઢેબર કોલોની નારાયણ નગર મફતિયા પરા ઝૂપડપટ્ટી હાલ ઈવનગર ભૂતનાથ દરવાજા પાસે જુનાગઢ) વાળાને વોરંટની બજવણી કરી અમદાવાદની મધ્યસ્થ જેલમાં ધકેલી દેવાયો છે.

પોલીસે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે મુકેશ



ઉર્ફે મુકો સામે ભક્તિનગર પોલીસ મથકમાં ચાર અને જુનાગઢ, કેશોદ પોલીસ મથકમાં એક-એક ગુન્હો એમ પાંચ ગુન્હા નોંધાયેલા છે.

મુકેશને પાસા તળે પકડી પાડવામાં ભક્તિનગર પોલીસ સ્ટેશનના પી.આઈ. મયુરધ્વજસિંહ એમ સરવૈયા, પી.સી.બી પી.આઈ. એમ.આર. ગોડલીયા , ભક્તિનગર પો.સ્ટે.ના પ્રો.પી.એસ.આઈ જે.જે ગોહીલ, એ.એસ.આઈ. નિલેષભાઈ મકવાણા, ભરતભાઈ મારકણા, હેડ. કોન્સ. પ્રભાતભાઈ મૈયડ, કોન્સ. હરવિજયસિંહ ગોહીલ, પ્રકાશભાઈ મકવાણા, મયુરધ્વજસિંહ જાડેજા તથા હોમગાર્ડ હાર્દિકભાઈ પીપળીયા અને પી.સી.બી. શાખાના હેડ. કોન્સ. રાજુભાઈ દહેકવાલ, ઈન્દ્રજીતસિંહ સીસોદીયા દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

૨૦ લાખના દાગીના અને ૧ લાખ રોકડ લઈને

# પ્રેમિકા પાસે કોલકત્તા પહોચેલો પ્રેમી ઝડપાયો

## ટેકનીકલ સોર્સીસના આધારે રૂરલ LCBએ કોલકત્તા જઈને તારક લાડાણીને ઝડપી લીધો







રાજકોટ મિરર, ગોંડલ તા.૩૧

ગોંડલ નાં માર્કેટ યાર્ડમાં ભાગીદારીમાં વેપારી પેઢી ચલાવતા વેપારીનો પુત્ર રોકડ તથા સોનાનાં દાગીના મળી રુ.એકવીસ લાખની માલમતા સાથે નાશી ગયાની ઘટના માં રુરલ ક્રાઇમ બ્રાન્ચે તપાસ નાં ચક્રોગતિમાન કરી ગણતરીનાં દિવસોમાં પોતાની પ્રેમીકા પાસે પહોચેલા યુવાનને કલકતાથી ઝડપી લઇ બી'ડીવીઝન પોલીસ હવાલે કર્યો હતો.પોલીસે યુવાન ની પુછપરછ હાથ ધરીછે.

પ્રાપ્ત વિગત મુજબ માર્કેટ યાર્ડ માં પુજા એન્ટરપ્રાઇઝ નામે ડુંગળીનો હોલસેલ વેપાર કરતા અને રાજકોટ યુનિવર્સિટી રોડ ગંગોત્રી પાર્ક મા રહેતા પરેશભાઈ જમનાદાસ લાડાણીનો ભત્રીજો તારક અશોકભાઈ લાડાણી ગત તા.૨૩ નાં પેઢીની તિજોરીમાં પડેલાં રુ.એક લાખ ઉપરાંત પરેશભાઈ નાં નાગરિક બેંક માર્કેટ યાર્ડ શાખાનાં લોકર માં થી પરેશભાઈ ની ડુપ્લિકેટ સહી કરી રુ.૨૦ લાખની કીંમત નાં નાના મોટા સોનાનાં ઘરેણા લઇ નાશી જતા બનાવ અંગે બી'ડીવીઝન પોલીસ માં ફરિયાદ થતા એલસીબી પીઆઇ. ઓડેદરા, પીએસઆઇ ગોહેલ એએસઆઇ જયવિરસિંહ રાણા,અનિલભાઈ ગુજરાતી, મહીપાલસિહ ચુડાસમા સહિત ની ટીમે તપાસ હાથ ધરી ગણતરીનાં દિવસો માં તારક ને કલકતાથી રુ.૪૨,૩૫,૮૨૪નાં મુદ્દામાલ સાથે જડપી લીધો હતો.

માર્કેટ યાર્ડની પુજા એન્ટરપ્રાઇઝ પેઢીમાં પરેશભાઈ ઉપરાંત તેના નાનાભાઇ અશોકભાઇ તથા માતા જયાબેન ભાગીદાર છે.અશોકભાઈ નો પુત્ર તારક પેઢી સંભાળે છે.તારક પંજાબ ની યુવતી પિન્કી હરબંસદાસલાલનાં પ્રેમમાં હોય બે મહીના પહેલા પણ પ્રેમીકા પાસે નાશી ગયો હતો.

# CM પટેલના હસ્તે
# દેશનું સૌથી મોટું સેનિટરી પેડ મેન્યુફેક્ચરિંગ યુનિટ શરૂ

## હાથ ધરવામાં આવેલા પગલાથી રાજયમાં હોલીસ્ટીક હેલ્થ કેરની પ્રણાલિને આત્મસાત કરાઈ : પાન હેલ્થનું આ યુનિટ હેલ્થ અને વેલનેસમાં ભારતને અગ્રેસરતા તરફ લઈ જતું કદમ

રાજકોટ તા. ૩૧

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે રાજકોટના બિલિયાળા ખાતેથી 'મેન્સ્ટ્રુઅલ હાઈજીન અવેરનેસ કેમ્પ'નો શુભારંભ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત પાન હેલ્થ એન્ડ હાઈજીન પ્રા. લી.કંપની દ્વારા અંદાજે રૂ. ૯૧ લાખના ખર્ચે સમગ્ર રાજયના આદિવાસી વિસ્તાર તથા સરકારી શાળાઓની ૨,૫૧,૦૦૦ જેટલી દિકરીઓને સેનિટરી પેડનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે. આ નવા યુનિટના ઉદઘાટન પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને આરોગ્ય ક્ષેત્રે ગ્લોબલ હબ બનાવવાનો નિર્ધાર કર્યો છે, ત્યારે આજે શરૂ થયેલ આ પ્લાન્ટ વડાપ્રધાનના નિર્ધારને પૂર્ણ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.










ભારત વૈશ્વિક સ્તરે વિકાસયાત્રામાં અગ્રેસર છે, ત્યારે વર્તમાનની જરૂરિયાતને અનુરૂપ ઉત્પાદનોનું નિર્માણ કરવું તે પ્રશંસનીય કદમ છે તેમ જણાવી મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાનના માર્ગદર્શનમાં છેવાડાના ગામ અને સામાન્ય માનવી સુધી આરોગ્યની સેવાઓ સરળતાથી મળે તેવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે. વડાપ્રધાનના નેતૃત્વમા આપણે હોલીસ્ટીક હેલ્થ કેરની પ્રણાલિને આત્મસાત કરી છે. રાજ્ય આરોગ્યલક્ષી સેવાઓના ઉત્પાદનમાં પણ અગ્રેસર છે. સેનિટરી પેડ આરોગ્ય જાળવણીની દ્રષ્ટિએ આજના યુગની જરૂરિયાત છે ત્યારે આ પ્લાન્ટ તેમના આરોગ્યલક્ષી ઉત્પાદનોથી વડાપ્રધાનના હેલ્થ અને વેલનેસમાં ભારતને અગ્રેસરતા તરફ લઈ જવાનો સંકલ્પ પૂરો કરશે.

વડાપ્રધાને મેક ઇન ઈન્ડિયા સાથે આત્મનિર્ભર ભારત નિર્માણની દિશા આપણને આપી છે, આજે ભારતમાં આટલું વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉત્પાદકતા ધરાવતો પ્લાન્ટ અહીં સૌરાષ્ટ્રમાં સ્થાપિત થાય છે તે આ દિશામાં વધુ એક નક્કર કદમ છે. રોજ એક કરોડથી વધુ ડાયપર અને હાઈજીન પ્રોડક્ટનું ઉત્પાદન કરવાની ક્ષમતા સાથે આ પ્લાન્ટ રોજગારી સર્જન અને નિકાસ એકમ બનવાના લક્ષ્ય સાથે કામ કરી રહ્યો છે. મેન્યુફેક્ચરિંગ ઈકો સિસ્ટમની દ્રઢતાનું ઉત્તમ ઉદાહરણ તે પૂરું પાડે છે. લગભગ ૨૨૦૦ થી વધારે લોકોને રોજગારી સહિત ૫૦%થી વધારે મહિલાઓને રોજગારી આપીને આ યુનિટે મહિલા સશક્તિકરણનું પણ ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું છે. પાન હેલ્થ કેર ગ્રુપે ટીમ વર્ક, ગુણવત્તાયુક્ત ઉત્પાદન, સ્વચ્છતા અભિયાન, સંસ્કૃતિનો સમન્વય અને માન મર્યાદા જેવા પંચકર્મોથી પોતાની ધરોહરને મજબૂત બનાવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મુખ્યમંત્રી કાળ દરમિયાન તેમણે ખેડૂતોના વિકાસ માટે કપાસના મૂલ્યમાં વધારો કરી 'ફેક્ટરી ટુ ફેશન એન્ડ ફોરેન'ની ટેક્સટાઇલ પોલિસી ૨૦૧૨ અમલમાં મૂકી હતી. જેને વેગ આપવા નવી ટેક્સટાઇલ પોલિસી-૨૦૨૪ સરકારે અમલી બનાવી છે. આ પોલીસી ટેક્સટાઇલ ઉદ્યોગોને વેગ આપવામાં સફળ રહી છે. રાજકોટ આસપાસના વિસ્તારોમાં ટેકનિકલ ટેક્સટાઇલની સુઘડ ઈકો-સિસ્ટમ ઊભી કરવામાં પણ આ પ્લાન્ટ મહત્વની ભૂમિકા ભજવશે. વિકસિત ભારત - ૨૦૪૭ની સંકલ્પના માટે સ્વચ્છ ભારત પર વિશેષ ભાર મૂક્યો છે, સાથે જ મેદસ્વિતા અને ટી.બી.મુક્ત ભારત બનાવવાનું આહવાન કર્યું છે.સરકાર ટી.બી.ના દર્દીઓને નિઃશુલ્ક કીટ આપે છે. ત્યારે આ પ્લાન્ટ સ્વસ્થ અને સશક્ત ભારતના નિર્માણમાં યોગદાન આપશે તેવી આશા વ્યક્ત કરી હતી.

ગુજરાતમાં હેલ્થ અને હાઈજીન ક્ષેત્રે ભારતનું સૌથી મોટા યુનિટ શરૂ કરવા બદલ સાંસદ શ્રી પરષોત્તમ રૂપાલાએ શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, આ યુનિટ નવી ટેકનોલોજીના ઉપયોગ થકી મેઈક ઈન ઈન્ડીયા અને મેઈક ફોર ગ્લોબલના વડાપ્રધાનશ્રીના ધ્યેયને સાર્થક કરવા આગળ વધશે. ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જીન છે. હાલમાં સમગ્ર વિશ્વમાં ભારત હેલ્થ અને હાઈજીન ક્ષેત્રે ૨%ના યોગદાનથી લઇને આજે ૧૨% યોગદાને પહોંચ્યું છે. સાંસદશ્રીએ ભવિષ્યમાં યુવાનો વિવિધ ક્ષેત્રમાં આગળ આવે અને મહત્તમ પ્રગતિ કરીને વિશ્વમાં ગુજરાતનું નામ રોશન કરે તેવી અભ્યર્થના વ્યકત કરી હતી. મુલાકાતના પ્રારંભે મુખ્યમંત્રીએ દેશના સૌથી મોટા સેનિટરી પેડ ઉત્પાદક એકમની તકતી અનાવરણ કરી મુલાકાત લીધી હતી. કાર્યક્રમમાં પાન હેલ્થ કેરના સી.ઈ.ઓ ચિરાગભાઈ પાનએ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ ઉપરાંત, મુખ્યમંત્રી હસ્તે બી.ટી.સવાણી કિડની હોસ્પિટલને રૂ. ૧ કરોડનું તથા બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટને ૧ અન્નપૂર્ણા રથ અને વિવેકાનંદ યુથ કલબને ૫૧ મોબિલિટી ટ્રાયસિકલના અનુદાનના ચેક એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે રાજયના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, દુર્લભજીભાઈ દેથરીયા, ગીતાબા જાડેજા, કાંતિભાઈ અમૃતીયા, પ્રકાશ વરમોરા, રેન્જ આઇ.જી અશોકકુમાર યાદવ, કલેકટર પ્રભવ જોશી, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, પોલીસ અધિક્ષક હિમકર સિંહ, પૂર્વ મંત્રી બ્રિજેશ મેરજા, અગ્રણી અલ્પેશભાઈ ઢોલરીયા, બાન લેબ્સ કંપનીના માલિક મૌલેશભાઇ ઉકાણી, પાન હેલ્થ એન્ડ હાઈજીન પ્રા.લી.ના મનસુખભાઈ પાન, ડો. અનિલભાઈ પટેલ, અરવિંદભાઈ પાન, જતીનભાઈ પાંચાણી, અલ્પેશભાઈ તથા સભ્યો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વેરા વસુલાત વિભાગની રેકર્ડબ્રેક કામગીરી : ૪૧૧ કરોડની આવક

## માર્ચ એન્ડિંગના દિવસે પણ વિવિધ વોર્ડ ઓફિસ અને ફિલ્ડની ટીમ દ્વારા હાથ ધરાઈ આકરી કાર્યવાહી

રાજકોટ, તા. ૩૧

અત્યંત કપરો ગણાતો એવો લક્ષ્યાંક મહાનગરપાલિકાના વેરા વસુલાત વિભાગ એ અંકે કર્યો છે કારણ કે જે ટાર્ગેટ આપવામાં આવ્યો હતો ૪૧૦ કરોડનો તે એક સમયે પરિપૂર્ણ ન થાય તેવી સ્થિતિ ઊભી થઈ હતી પરંતુ હાલ જે વિગતો સામે આવી રહી છે તેને જોતા એ વાત ભૂતકાળ બની ગઈ અને વેરા વસૂલાત વિભાગે ૪૧૦ કરોડનો લક્ષ્યાંક પણ સિદ્ધ કરી ૪૧૧ કરોડે. આંકડો પહોંચાડી દીધો છે. જેને લઇ ખુદ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ ટેક્સ બ્રાન્ચને અભિનંદન પાઠવ્યા હતા. એટલું જ નહીં હાલ જે ચિત્ર ઊભું થયું છે તેને ધ્યાને લઈ હવે શું ટાર્ગેટ આપવામાં આવ્યો છે તેના પર વેરા વસુલાત વિભાગ કાર્ય હાથ ધરશે. મળતી માહિતી મુજબ ગઈકાલે વેરા વસુલાત વિભાગે વધુ પાંચ મિલકતોને સીલ કરી હતી અને એક કરોડથી વધુની રિકવરી પણ કરી છે ત્યારે હજુ પીડીસી ચેક સહિત અન્ય નાણાં નું અવલોકન હજુ બાકી છે જે થયા બાદ જ સાચો આંકડો સામે આવશે. વેરા વસૂલાત વિભાગના સંપર્ક સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ જે પ્રશ્નો ઉભા થઈ રહ્યા હતા તેને ધ્યાને લઈ તમામ વોર્ડ ઓફિસ ખાતે અને



ફિલ્ડ ઓફિસરો દ્વારા જે કામગીરી કરવામાં આવી છે તેને લઈને જ ૪૧૦ કરોડનો વેરાનો આંકડો પૂર્ણ થઈ શક્યો છે. નિર્ધારિત કરેલા લક્ષ્યાંક સુધી પહોંચવા માટે રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર તુષાર સુમેરા દ્વારા સતત માર્ગદર્શન આપવામાં આવતું હતું જેના ભાગરૂપે ગઈકાલે જે કામગીરી કરવામાં આવી તેમાં એક કરોડથી વધુની આવક થઈ છે અને આ કામગીરીમાં પાંચ નળ કનેક્શન પણ કાપવામાં આવ્યા હતા.

વોર્ડ નંબર ચાર મ આવેલા કુવાડવા રોડ પર આવેલ ૩-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૧૮.૫૫ લાખ થઈ તો બીજી તરફ ૮૦ ફુટ રોડ પર આવેલ ૧-યુનિટની નોટિસ સામે રીકવરી રૂ.૮૨,૫૦૦ થઈ. વોર્ડ નં-૫માં રઘુવીરપાર્કમાં આવેલ ૧-યુનિટની નોટિસ સામે રીકવરી રૂ.૨૯,૮૯૬ થઈ. એવીજ રીતે પેડક રોડ પર આવેલ 'સિદ્ધિ કોમ્પલેક્ષ' ફસ્ટ ફલોર શોપ નં-૧૦૭ ની નોટિસ સામે રીકવરી રૂ.૨૫,૦૦૦ થઈ. રતનદીપ સોસાયટી મેઇન રોડ પર આવેલ ૧-યુનિટની નોટિસ સામે રીકવરી રૂ.૫૯,૫૮૭ થઈ. વોર્ડ નં-૬માં સંત કબીર રોડ પર આવેલ ૧-યુનિટની નોટિસ સામે રીકવરી રૂ.૧.૬૪ લાખની થઈ. એવી જ રીતે અન્ય વોર્ડમાં પણ મહાનગરપાલિકાના વેરાવસુલાત વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા આસી.કમિશ્નર સમીર ધડુક,આસી. કમિશ્નર દિપેન ડોડિયા સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ ,સિદ્ધાર્થ પંડ્યા ,ભાવેશ પુરોહિત,વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા,ફાલ્ગુની કલ્યાણી ,એચ. જે.જાડેજા ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેક્ટરો દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

# આનંદો... શહેરને નર્મદાનું પાણી અવિરત મળતું રહેશે

## નર્મદા પાઈપલાઈન મેન્ટેનન્સનું કાર્ય હાલ માટે મોકુફ : સતત રજૂઆત બાદ રાજ્ય સરકારે લીધો નિર્ણય

રાજકોટ, તા. ૩૧

ઉનાળાની શરૂઆત થાય ને પાણીની સમસ્યા ઉદ્ભવવા લાગે પરંતુ રાજ્ય સરકારના અથાગ પ્રયત્નોથી હાલ સમગ્ર રાજ્યમાં સૌની યોજનાનું પાણી એટલે કે નર્મદા નીર આપવામાં આવી રહ્યું છે ત્યારે રાજકોટના જીવા દોરી સમાજ આજી એક અને ન્યારી એકને પણ હાલ ભરવામાં આવ્યો છે ત્યારે એક એવી પણ ચર્ચા ચાલતી હતી કે જેમાં એ વાતની સ્પષ્ટતા થઈ કે ઉનાળામાં એટલે કે એક એપ્રિલ થી મે મહિના સુધી બે મહિના નર્મદા કેનાલના મેન્ટેનન્સનું કામ હાથ ધરાશે પરંતુ રાજકોટના સ્થાનિક સતાધીશો દ્વારા રાજ્ય સરકારને આ અંગે રજૂઆત કરવામાં આવી હતી જેને સરકારે ગ્રાહ્ય રાખી હાલ આ નિર્ણયને મોકો રાખવામાં આવ્યો છે એટલે રાજકોટના લોકો માટે સારા સમાચાર એ છે કે નર્મદા નીર નું પાણી તેઓને અવિરત મળતું રહેશે.

શહેરને દરરોજ પાઈપલાઈનથી અપાતું ૧૩૫ એમએલડી નર્મદાનીર બંધ થનાર હતું તે હવે નહીં થાય અને હાલ ઉનાળામાં પણ દરરોજ પુરી ૨૦ મિનિટ પાણી મળતું રહે તેવા સારા સંજોગો નિર્માણ થયા છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રની જીવાદોરી નર્મદા કેનાલના મેન્ટેનન્સ અને રિપેરિંગ માટે આવતીકાલથી બે મહિના સુધી શટડાઉન લઇ પાઈપલાઈન મારફતે મળતું નર્મદાનીર બંધ કરવામાં આવનાર



હતું. દરમિયાન આ મામલે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજ્ય સરકારમાં લગાતાર રજૂઆતો કરાતા શટડાઉન મામલે ગંભીર ફેરવિચારણા કરાઇ હોવાનું અને હાલના તબક્કે આ નિર્ણય મોકૂફ રાખવામાં આવે તેવી સંભાવના હોવાનું જાણવા મળે છે. રાજ્યના પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઇ બાવળિયા દ્વારા ગઈકાલે સાંજે પાંચ કલાકે એકાએક રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે .

રાજકોટ શહેરમાં ઉનાળા દરમિયાન પાણીકાપ મુકવો ન પડે તેમજ દરરોજ પુરી ૨૦ મિનિટ પાણી વિતરણ થઇ શકે તે માટે સૌની યોજના અંતર્ગત આજી-૧ ડેમ અને ન્યારી-૧ ડેમ નર્મદાનીરથી ભરવામાં આવ્યા છે પરંતુ રાજકોટને ઉનાળો પાર ઉતારવા માટે આટલું પાણી પુરતું ન હોય રાજકોટ શહેરને દરરોજ પાઇપલાઇન મારફતે ૧૩૫ એમએલડી નર્મદાનીર આપવામાં આવે છે જેના કારણે વિતરણ વ્યવસ્થા જળવાઇ રહે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દરરોજ આજી-૧માંથી ૧૩૦ એમએલડી, ન્યારી-૧માંથી ૧૪૦ એમએલડી, ભાદર-૧માંથી ૩૫ એમએલડી સહિત કુલ ૩૦૫ એમએલડી જળ જથ્થો ઉપાડવામાં આવે છે તે ઉપરાંત ૧૩૫ એમએલડી નર્મદાનીર પાઇપ લાઇનથી જેમાં બેડી ખાતે ૫૫ એમએલડી, ન્યારા ખાતે ૭૦ એમએલડી અને કોઠારીયા ખાતે ૧૦ એમએલડી પાઇપલાઇનમાંથી મળે છે. આ મુજબ દરરોજ કુલ ૪૩૫ એમએલડી પાણી મળે છે તેમાંથી ૩૯૫ એમએલડી પાણીનું શહેરમાં વિતરણ થાય છે અને બાકીનું લાઇનલોસ થાય છે.ઉનાળાના ધોમધખતા તાપમાં જો આવતીકાલથી બે મહિના સુધી નર્મદા કેનાલ બંધ કરવામાં આવે તો ફક્ત રાજકોટ શહેર જ નહીં પરંતુ કેનાલમાંથી પાઇપલાઇન મારફતે નર્મદાનીર મેળવતા જામનગર, પોરબંદર અને દ્વારકા જિલ્લા સહિત સૌરાષ્ટ્રના અનેક જિલ્લામાં દેકારો બોલી જાય તેવી સ્થિતિ હતી. આવા કારણોસર નિર્ણય મોકૂફ રખાયાની ચર્ચા છે.



# મંત્રોનું રહસ્યમય તંત્ર

# યા દેવી સર્વભૂતેષુ મંત્ર-રુપેણ સંસ્થિતા

## જ્ઞાન-વિજ્ઞાન-અજ્ઞાન- અર્ધજ્ઞાનનું સામ્રાજય

ચૈત્ર નવરાત્રીના મંગલ અવસરે અગ-નિગમની ઝલક : દેવી-દેવતાઓ, ગ્રહો, પંચમહાભૂત, દરેક ઉર્જા મંત્રને આધીન છે : મંત્રો એટલે ધ્વનિ વિજ્ઞાન : મંત્રોની અજબ દુનિયા, ગજબ વિજ્ઞાન : બીજ મંત્રો, વૈદિક મંત્રો, તાંત્રિક મંત્રો, શાબર મંત્રો વગેરેને જાણો : સાધના-અનુષ્ઠાન-સમર્પણ ભાવ અને કૃપાના ભેદ ઓળખો : સ્થુળ શરીર, શુક્ષ્મ શરીર, કારણ શરીર, મહાકારણ શરીર પર મંત્રોની અસર થાય : મંત્રોની આડઅસર પણ સંભવ : સકારાત્મક-નકારાત્મક ઉર્જાને સમજજો : સિધ્ધિ, પ્રસિધ્ધ, સમૃધ્ધિથી મોક્ષગતિ સુધી મળે, પણ સાવધાન...

**।। ૐ ઐં હ્રીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચે ।।**

ચૈત્ર નવરાત્રીનો મંગલ અવસર ચાલી રહયો છે. યોગાનું યોગ આજે મંગળવાર છે. આ વાર દૈવી શક્તિ અને હનુમાનજીનો ગણાય છે. નજરે જોયેલું સાચું માનવામાં આવે છે, પરંતુ જે દેખાતી નથી તેવ અદ્રશ્ય દુનિયા અકલ્પનીય અને અવર્ણનીય છે. એ અગમનિગમનું રહસ્યમય જગત છે.

અભ્યાસ લેખના પ્રારંભે લખેલો મંત્રો નવાર્ણ મંત્ર છે. આધ્યાત્મિક વિજ્ઞાન પ્રમાણે બ્રહ્માંડમાં મુખ્ય ત્રણ મહાઉર્જાઓ છે, જેને ત્રણ મહાશક્તિ કહેવાય છે. મહાસરસ્વતીજી, મહાલક્ષ્મીજી અને મહાકાલીજી..અનુક્રમે તે જ્ઞાન, સમૃધ્ધિ અને તાકાતની દેવીઓ છે. આ ત્રણ મહાશક્તિઓ હેઠળ સંસારનો વિવિધ શાખાઓ વિસ્તરી છે. નવાર્ણ મંત્ર ત્રણે મહાશક્તિઓની ઉર્જાઓનો સંગમ છે. ઐં મહાસરસ્વતીજીનો બીજ મંત્ર છે. હ્રીં મહાલક્ષ્મીજનો બીજ મંત્ર છે. ક્લીં મહાકાલીનો બીજ મંત્ર છે. કુલ નવ વર્ણ એટલે કે નવ અક્ષરો હોવાથી તેને નવાર્ણ મંત્ર કહેવાય છે. મુળ નવાર્ણમંત્રમાં ૐ આવતો નથી. ચૈત્ર નવરાત્રી સાધનાના શ્રેષ્ઠ દિવસો ગણાય છે. અસંખ્ય લોકો નવાર્ણ સહિત અન્ય મંત્રોની સાધના અનુષ્ઠાનો કરતાં હોય છે. નવાર્ણ મંત્રની સાધનાથી કોઈપણ દૈવી ઉર્જાને સાધી શકાય છે.

મંત્રોની દુનિયા અલૌકીક, અવર્ણનીય, અકલ્પનીય, આશ્ચર્યજનક, અદ્‌ભૂત છે. મંત્રોમાં વિજ્ઞાન ભરપૂર છે, ગણિતના ધોડાપુર છે, ઉર્જાના આંજી દેતા ઉજાસ છે, સિધ્ધિઓનો સમંદર છે, આભમાં પણ ન સમાય તેટલાં રહસ્યો ઘરબાયેલા છે. મંત્રો અનુભવનો વિષય છે. છતાં તેને ઓળખવાનો થોડો પ્રયાસ કરીએ.

**ધ્વનિ વિજ્ઞાન :**

ધ્વનિ એટલે એવા અને તેના કંપનો. આધ્યાત્મિક શાસ્ત્રોમાં ધ્વનિ વિજ્ઞાન ભરપૂર આલેખવામાં આવ્યું છે. આ વિજ્ઞાનની અનુભૂતિ કોઈપણ માણસ સરળતાથી કરી શકે છે. આપણને દરેકને અનુભવ છે કે, ગમતું ગીત કે સંગીત સંભળાય ત્યારે મન પ્રસન્ન બને અને તન ડોલવા લાગે છે. કર્કશ-અણગમતો અવાજ કે ઘોંઘાટ સંભળાય ત્યારે મન ખીન્ન થવાથી માંડીને ગુસ્સાના ભાવ ઉત્પન્ન થઈ જાય છે. આનો અર્થ એ થાય કે ધ્વનિની તિવ્ર અસર આપણા પર થાય છે. મંત્રો ધ્વનિ વિજ્ઞાન પ્રમાણે કામ કરે છે. ઘણાં સાધકો કહે છે કે, વિવિધ મંત્રો વિવિધ ઉર્જાઓ એટલે કે દેવી દેવતાઓના મોબાઈલ નંબર જેવા છે.

પ્રાચીન કાળની ધ્વનિ ચિકિત્સા પધ્ધતિને આધુનિક આરોગ્ય વિજ્ઞાન પણ સ્વિકારે છે. વિવિધ રાગ-તાલની વિવિધ રોગોમાં અસરો થાય છે. ધ્વનિ વિજ્ઞાનના આધારે મંત્રોની દુનિયા સર્જાઈ છે. સનાતન પરંપરામાં મંત્રો અનિવાર્ય પધ્ધતિ બની ગયા છે.

**મંત્રોની અસરની સમ :-**

મંત્રોની અસરોને વિવિધ દ્રષ્ટિકોણથી સમજવા પ્રયાસ કરીએ. મંત્રોની વિશિષ્ટ ધ્વનિ કંપનો શરીર તથા મન પર અસર કરે છે. ઘણા વૈજ્ઞાનિકો પણ માને છે કે, આ કંપનો મગજના તરંગો બદલી નાખે છે અને મંત્રો જે હેતુ માટે કરવામાં આવે છે, તે હેતુ પાર પાડવાનો માહોલ સર્જે છે. મંત્રોથી મન એકાગ્ર થાય છે, તનાવ-ચિંતા દૂર થતાં નવી ઉર્જાનો સંચાર અનુભવાય છે. મનોવિજ્ઞાન કહે છે કે, મન જેના પર વિશ્વાસ કરે છે તે તત્વ કે તરંગની શક્તિ અનેક ગણી વધી જાય છે. પરંપરાગત માન્યતા પ્રમાણે મંત્રોની ધ્વનિ બ્રહ્માંડીય ઉર્જા સાથે ભળે છે અને સાધકમાં દિવ્ય ઉર્જાનો સંચાર કરે છે. વર્તમાન સમયમાં પણ મંત્રો દ્વારા દૈવી ઉર્જાને આત્મસાત કરનારા સાધકો અસંખ્ય છે.

**મંત્રોના લેબ. ટેસ્ટ !**

અધ્યાત્મ મહાવિજ્ઞાન છે. હાલ વિજ્ઞાનનો યુગ છે. દરેક બાબતને આધુનિક ઉપકરણોની કસોટીમાંથી પસાર થવું પડે છે. મંત્રોને પણ આધુનિક ઉપકરણોથી માપવામાં આવ્યા હતાં. મંત્રોની લેબારેટરીમાં સ્પેટ્રોગ્રાફ અને ઓસિલોસ્કોપ નામના ઉપકરણોથી મંત્રોની ધ્વનિ તરંગો, તરંગ લંબાઈ અને કંપન વિસ્તારને મપાય છે. આ ઉપરાંત ઈલેક્ટ્રોએન્સફાલોગ્રાફ દ્વારા મંત્રોની દવનિન મગના તરંગો પર થતી અસર મપાય છે. ગેલ્વેનિક સ્કિન રિસ્પોન્સ ઉપકરણથી મંત્રો દવનિથી ત્વચાની વિદ્યુત વાહકતા પર થતી અસર મપાય છે. કિર્લિયન ફોટોગ્રાફીથી મંત્ર સાધકની આભા અને આસપાસની ઉર્જામાં થતા ફેરફારો મપાય છે. આવા અનેક સાધનો દ્વારા ગાયત્રી મંત્ર અને મહામૃત્યુંજય મંત્રની અસરો નિષ્ણાંત વૈજ્ઞાનિકોએ માપી હતી. વૈજ્ઞાનિકોના મગજ ચકરાવે ચઢી જાય તેવા આશ્ચર્યજનક પરિણામો મળ્યા હતાં.

**શબ્દબ્રહ્મ.. તેને પ્રમાણપત્રની જરૂર નથી :**

વિજ્ઞાનના દ્રષ્ટિકોણથી મંત્રો ખરા ઉતરી રહ્યાં છે. જો કે નર્સરીમાં અભ્યાસ કરતું બાળક પીએચ.ડી.થયેલાની કસોટી કરે તો કેવું લાગે ? મંત્રો મહાવિજ્ઞાનનો હિસ્સો છે. આધુનિક વિજ્ઞાન ભલે ગમે તેટલું વિકસિત લાગે, પણ હજુ તે પા-પા પગલી કરે છે. આ અલ્પ વિજ્ઞાનથી મહાવિજ્ઞાનને માપવાની વૃત્તિ-પ્રવૃત્તિ જ હાસ્યાસ્પદ ગણાય. આધ્યાત્મિક વિજ્ઞાનને મંત્રોને કોઈના પ્રમાણપત્રોની જરૂર નથી.

મંત્રોને અંધશ્રધ્ધા ગણાવનારા લોકોને જણાવી દઈએ કે, ઓલ ઈન્ડિયા, ઈસ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સે ઘણાં દીર્ઘ અભ્યાસો કર્યા બાદ તારણ આપ્યું છે કે, મંત્રોના ધ્વનિ-તરંગોથી શરીરમાં આશ્ચર્યજનક આંતરિક બદલાવ આવે છે. નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરોસાયન્સે પણ અભ્યાસો બાદ રિસર્ચ પેપર રજુ કરીને કહ્યું કે, મંત્રોની તન-મન અને ભાવનાત્મક તિવ્ર અસરો થાય છે.

**શબ્દભ્રમમાં પણ ફસાતા નહીં**

કેટલાક લોકોએ આધ્યાત્મિક મહાવિજ્ઞાનનો ઉપયોગ પદ-પૈસા-પ્રસિધ્ધ માટે કર્યો છે. સામાન્ય સિધ્ધી મેળવીને તર્ક વગરની માન્યતા ફેલાવીને અધ્યાત્મનો ધંધો આદર્યો હોય તેમ લાગે છે. આવી વિભુતિઓના શબ્દો ભલે પ્રભાવી લાગે, પણ એ શબ્દ બ્રહ્મ નહીં, શબ્દભ્રમ છે, આવા લોકોની જાળમાં ફસાઈ ન જવાય તે માટે સાવધાની જરૂરી છે. ઘણાં મહાત્માઓ-ભુવાઓ દેવી-દેવાતાઓ-ગ્રહો પોતાના કાબુમાં હોય તેવા દેખાવ કરે છે. તેનાથી અંજાઈ જવાને બદલે ત્યાંથી ભાગવા વાળી કરજો. દેવી-દેવતાઓ કોઈના કહ્યાગરા નોકર ન જ હોય. ધર્મ અધ્યાત્મમાં જાણવા માણવા જેવું અપાર છે, પણ ચેતવા જેવું પારાવાર છે. દરેકના શબ્દો બ્રહ્મ હોતા નથી. મંત્રોને જાણો, માણો, ખુદ અનુભવો... યોગ્ય ગુરૂ મળે તો ઠીક, નહીંતર તું જ તારો ગુરૂ થઈ જા.

**મંત્રોના વિવિધ પ્રકારો**

સનાતન પરંપરામાં મંત્રોની દુનિયા વિચાર છે. મંત્રોના સમૂહોને વિવિધ રીતે વર્ગીકૃત કરી શકાય તેમ છે. સામાન્ય પ્રકારો પાડવામાં આવે તો (૧) બીજ મંત્રો : આ મંત્રો એકાક્ષરી એટલે કે એક અક્ષરના અથવા બહુ અક્ષર એક દવનિવાળા હોય છે. ૐ, ઐં ક્લીં વગેરે બીજ મંત્રો છે. બીજ મંત્રોને અત્યંત શક્તિશાળી માનવામાં આવે છે. માત્ર બીજ મંત્રની પણ વિશિષ્ટ સાધના થઈ શકે છે. (૨) વૈદિક મંત્રોઃ સનાતનનું આદીજ્ઞાન વેદ એ મંત્રોનો દરિયો છે. વેદોમાંથી લેવાયેલા મંત્રોને વૈદિક મંત્રો કહેવામાં આવે છે. આ મંત્રો વિવિધ દેવી-દેવતાઓને સમર્પિત હોય છે. ગાયત્રી મંત્ર એ વૈદિક મંત્ર છે. (૩) તાંત્રિક મંત્રો : તંત્ર પરંપરા અધ્યાત્મનો વિશિષ્ટ માર્ગ છે. આ પરંપરામાંથી આવેલા મંત્રોને તાંત્રિક મંત્રો કહેવાય. આ મંત્રો નિશ્ચિત હેતુ માટે ઉર્જાને આહ્‌વાન કરનારા છે. (૪) શાબર મંત્રોઃ આ મંત્રો ઝડપથી સિધ્ધ થતાં હોવાનું માનવામાં આવે છે. શાબર મંત્રો ગામડી ભાષામાં છે. ગુરૂ ગોરખ નાથજીએ તેનો પ્રસાર કર્યો હતો. આ ઉપરાંત પુરાણમંત્રો, નામ મંત્રો, શાંતિ મંત્રો, ચિકિત્સા મંત્રો, રક્ષા મંત્રો વગેરે મંત્રોના મહાસમૂહ શાસ્ત્રોમાં ભંડારાયેલા છે, કોઈપણ સમસ્યાના ઉકેલ માટે અને કોઈપણ સિધ્ધિની પ્રાપ્તિ માટે મંત્રો ઉપલબ્ધ છે. જો કે કોઈપણ મંત્રને જાણવા, માણવા તથા અનુભવવા માટે વિશિષ્ટ લાયકાત જરૂરી છે.

સામાન્ય સિસ્ટમ એવી છે કે, કોઈપણ મંત્રના સતત જાપ કરો તો એ ઉર્જા આત્મસાત્ થાય છે. જાપ પણ વિવિધ પ્રકારે થાય છે. વાચિક, કાયિક અને માનસિક... આ નિરંતર જાપ બાદ અજપાજાપની સ્થિતિ સર્જાય છે, જે શ્રેષ્ઠ ગણાય છે.




**નેગેટીવ ઉર્જા દ્વનિ :**

મંત્રોને કલ્યાણકારી માનવામાં આવે છે, પણ ઘણાં મંત્રો એવા છે, જેનો પ્રયોગ નેગેટીવ કાર્યો માટે થાય છે. વર્તમાન સમયમાં મોટાભાગે આવા પ્રયોગો ચાલી રહ્યાં છે. બ્લેક મેજિક તરીકે ઓળખાતી વિદ્યામાં વિવિધ મંત્રોના પ્રયોગો હોય છે. તેના પ્રકારો જાણો. (૧) મારણ મંત્રો : આ પ્રકારના મંત્રો વ્યક્તિના જીવ લેવા કે તેને અતિ ગંભીરહાની પહોંચાડવાના હેતુથી થાય છે. (૨) મોહન મંત્રો : વશીકરણ કરવા કે પોતાના નિયંત્રણમાં લેવા માટે આ મંત્રોના પ્રયોગો થાય છે. ઘણા ધાર્મિક નેતાઓ પાછળ લોકોના ટોળા ઉમટે છે, તેમાં આવા મંત્રોના પ્રયોગો હોઈ શકે છે. (૩) સ્તંભન મંત્રો : કોઈ વ્યક્તિને સ્થિર કે સ્થગિત કરવા આ મંત્રોનો ઉપયોગ થાય છે. (૪) ઉચ્ચારન મંત્રો : કોઈ વ્યક્તિને તેના સ્થાન પરથી દૂર કરવા કે માનસિક રીતે અસ્થિર કરવા આ મંત્રોના પ્રયોગ થાય છે. (૫) વિદ્વેષણ મંત્રો : બે વ્યક્તિ વચ્ચે દુશ્મની પેદા કરવાના ઉદ્ધેશથી આ મંત્રના પ્રયોગો થાય છે.

આવા મંત્રો હાથમાં આવી જાય તો પણ તેના જાપ-ઉપયોગ કરવા ના માંડતા. મંત્રોના નેગેટીવ પ્રયોગ કરનારની દશા અત્યંત ખરાબ થઈ જતી હોય છે. ઘણાં શક્તિશાળી ગણાતા મહાત્માઓ અમથા જેલમાં નથી સબડતા ચેતજો.* કોઈ મંત્ર નબળો નથી, સિધ્ધ સાધકે થવાનું છે

ઘણાં છીછરાં કોલમિસ્ટોમીડિયામાં લખે છે, સૌથી શક્તિશાળી મંત્ર... વાસ્તવમાં એક પણ મંત્ર નબળો નથી. બધા મંત્રો મહાશક્તિશાળી છે. દરેક મંત્રો સિધ્ધ જ છે, સાધકે સિધ્ધ થવાનું છે. મંત્ર સાધવો તેને સાધના કહેવાય. સિધ્ધિ થયેલા સાધકની વૃત્તિ પર મંત્રોની નેગેટીવ કે પોઝીટીવ અસર રહેલી છે. વૈદિક મંત્રોનો નેગેટીવ ઉપયોગ થઈ શકે છે અને મારણ મંત્રનો પોઝીટીવ ઉપયોગ પણ થઈ શકે છે. પુરતી લાયકાત કે સમજ વગર કોઈને મંત્ર સિધ્ધિ સાધક અને સમાજ માટે ખતરો બને છે. મંત્રએ ઉર્જા છે. અગ્નિથી કોઈનો સંસાર ભસ્મિભૂત થઈ શકે અને અગ્નિથી જ કોઈ માટે છપ્પન ભોગ તૈયાર કરી શકાય. આવું જ કાર્ય મંત્ર ઉર્જાથી થાય.

અહિં વિવિધ પ્રકારના મંત્રોની ઝલક માણીએ. મુખ્ય દેવી-દેવતાઓના બીજ મંત્રો જોઈએ તો ગં બીજ મંત્ર ગણપતિદાદાનો છે. ક્લીં બીજમંત્ર મહાકાલી, કામદેવ અને શ્રીકૃષ્ણનો છે. શ્રીં લક્ષ્મીજીનો બીજમંત્ર છે. હું દુર્ગાદિવીનો મંત્ર છે. હં હનુમાનજીનો બીજ મંત્ર છે. શિવ અને વિષ્ણુના મંત્રો અનુક્રમે ૐ નમઃ શિવાય તથા ૐ નમઃ ભગવતે વાસુદેવાય છે. આ મંત્રો દ્વારા જે તે દેવી-દેવતાઓની કૃપા પ્રાપ્ત કરી શકાય છે.

આ ઉપરાંત આપણા શરીરમાં વિવિધ ચક્રો છે, જે ઉર્જા કેન્દ્રો છે ચક્રોના બીજ મંત્રો લં મુલાધારચક્રનો મંત્ર છે.. વં સ્વાધિષ્ઠાનનો બીજ મંત્ર છે. રં મણિપુર ચક્રને જાગૃત કરે છે. યં મંત્રથી અનાહત ચક્ર જાગૃત થાય. હં બીજ મંત્ર વિશુધ્ધિ ચક્રનો છે. ૐ આજ્ઞાચક્રને જાગૃત કરે છે. આ રીતે દરેક ગ્રહો, પંચમહાભૂત તથા દરેક પ્રકારની ઉર્જાઓના મંત્રો શાસ્ત્રોમાં છે.

**જીવતો વાયર પકડો તો...**

દરેક મંત્રો વિધ્યુત જેવી તિવ્ર ઉર્જાઓ ધરાવે છે. જીવતો વાયર પકડી લો તો કરન્ટ પથારી ફેરવી નાખે. વીજળીથી પ્રકાશ મળે, પણ કરન્ટ લાગે તો ? મંત્રમાં રહેલી અદ્રશ્ય ઉર્જાઓનું વિજ્ઞાન પણ કંઈક અંશે આવું છે. વિધ્યુતને ઘર સુધી લાવવા વાયર અનિવાર્ય છે, પણ તેના નિયમ પ્રમાણે વાયર લાવો, કનેકશન આપો અને યોગ્ય રીતે લેમ્પ ફીટ કરો તો પ્રકાશ મળે. મંત્રમાં પણ નિયમ પાલન કરો તો અકલ્પનીય ઉર્જાઓ પ્રાપ્ત થાય. નહીં તો ઉર્જાના અસહ્ય ઝાટકા પણ લાગી શકે છે. મુખ્ય બે પ્રકારની માનસિકતાથી મંત્ર જાપ થઈ શકે છે. પ્રથમ અધિકારભાવ અને બીજો સમર્પણભાવ... મંત્રો કરવાથી મને આ પ્રાપ્ત થવું જ જોઈએ તેવો ભાવ હોય તો નિયમ પાલન અનિવાર્ય છે.

મંત્રોના શુધ્ધ ઉચ્ચાર જરૂરી છે. મંત્રનો સકારાત્મક હેતુ હોવો જોઈએ. મંત્રોના જાપની સંખ્યા સ્થાન અને સમય સંકલ્પ પૂર્વક જળવાવા જોઈએ. મંત્ર અંગે સમજ હોવી જોઈએ. જીવન શૈલીમાં મંત્ર અનુરૂપ ફેરફાર અનિવાર્ય છે. આવા અનેક નિયમોનું પાલન અધિકાર ભાવમાં જરૂરી છે. સમર્પણ ભાવ હોય તો વધારે પડતાં નિયમોમાં રહેવાની જરૂર નથી. માણસાઈનાં લક્ષણો જરૂરી છે. આ મંત્ર જાપમાં દિવ્ય ઉર્જાને ઉદ્ધેશીને કહેવાનું કે, હું શરણાગતભાવથી મંત્રો કરૂં છું તું જે પરિણામ આપે તે શ્રેષ્ઠ જ હશે. આ પ્રકારના જાપ નિયમ પ્રધાન નહીં, ભાવ પ્રધાન છે. તેના દ્વારા મળેલી ઉર્જાનો ઉપયોગ પણ બને ત્યાં સુધી કરવાનો નથી, કારણ કે દિવ્ય ઉર્જા જે કરે છે તે શ્રેષ્ઠ જ છે, તેમ માનીને જ જીવવાનું છે.

**મંત્રોની માર્કેટથી દૂર રહેજો...**

સમજદારી વગર ધર્મ કે અધ્યાત્મકના પાટે ચઢેલા મોટાભાગના લોકો એક મંત્ર થોડા દિવસ કરે, અને કંઈ ફાયદો નથી, તેમ માનીને બીજો મંત્ર પકડે...આવું સતત ચાલતું રહે છે. ઘણા ધર્મગુરૂઓ-જયોતિષીઓએ મંત્રોનું માર્કેટીંગ શરૂ કર્યું છે. મારો મંત્ર શ્રેષ્ઠ, તેવા પ્રચાર થાય છે, આમાં સમજ વગરના ધાર્મિક ટોળા વોવરિંગ થઈને મંત્રો બદલતા રહે છે. આને ધર્મની ગુજરી બજાર કહેવાય. ગુજરી બજારમાં શ્રેષ્ઠ વસ્તુ શોધવી અતિ કઠીન છે. મંત્રોની માર્કેટમાં ભટકનારા અસંખ્ય લોકો છે. વાસ્તવમાં કોઈપણ મંત્ર પકડીને તેને સાધવો જરૂરી હોય છે. ૨૦-૨૦ ફુટના ૧૦ ખાડા કરો તો પાણીી ન આવે, ૨૦૦ ફુટનો એક ખાડો કરો તો પાણી મળે. મંત્રના ઉંડાણમાં ઉતરવું પડે. પારંપરિક માન્યતા પ્રમાણે આધ્યાત્મિક માર્ગમાં કર્મો, પારિવારીક માહોલ, સંગ, સ્થાન, વ્યક્તિની આત્મા-સમજ્-અભ્યાસ વગેરેના આધારે ગતિ પ્રાપ્ત થતી હોય છે.

### નારાયણી નમોસ્તુતે...

માત્ર મંત્ર સાધનામાં જ નહીં, આધ્યાત્મિક માર્ગમાં દૈવીકૃપા જરૂરી હોય છે. એ વગર આ માર્ગ લોખંડના ચણા ચાવવા જેવો છે. મંત્ર માર્ગની ખાટી-મીઠી-કડવી-તીખી વાતોની ઝલક માણીએ.

- આધ્યાત્મિક માર્ગમાં ચાંચિયા હોય છે. સાધકે પ્રાપ્ત કરેલી ઉર્જાઓની ચોરી થઈ શકતી હોવાનું ઘણા માને છે. આ માટે મુળ મંત્રજાપ બાદ રક્ષા મંત્ર જરૂરી છે.
- મંત્રજાપમાં ભૂત-પ્રેત, આત્માઓ વગેરે પણ બાધારૂપ બની શકે છે.
- જેટલી શ્રધ્ધા દ્રઢ થતી જાય તેટલો મંત્ર તિવ્ર બનતો જાય.
- મંત્રજાપમાં વિવિધ કસોટી પણ થતી હોય છે. સંકલ્પ પ્રમાણે ચાલુ રાખો.
- મંત્રો પણ સ્ત્રીલિંગ, પુલિંગ, નપુસંક હોય છે.
- શાસ્ત્રો પ્રમાણે જેટલા મંત્ર જાપ થાય તેના દશ ટકા સંખ્યાની આહુતિ આપવી પડે.
- મંત્ર જાપ ગણના દરમિયાન વિવિધ પ્રકારની માળાનો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે.
- મંત્ર સિદ્ધ થવા તરફ હોય ત્યારે વિવિધ પ્રકારની અનુભુતિઓ થતી હોય છે.
- ત્રાટક પ્રયોગ સાથે પણ મંત્ર સાધના થઈ શકે છે.
- દરેક માણસના ચાર શરીરો હોય છે, સ્થુળ શરીર, શુક્ષ્મ શરીર, કારણ શરીર અને મહાકારણ શરીર.. આ શરીરોમાં મંત્ર ઉર્જાની અલગ અલગ અસરો થાય છે.
- મંત્ર જાપથી વિવિધ સિધ્ધિઓ મળે છે. જેમાં આધ્યાત્મિક-ભૌતિક અને અન્ય સિધ્ધીઓનો સમાવેશ થાય છે.
- મંત્રોનું શાસ્ત્ર દરિયાથી વધારે ઉંડું અને આકાશથી વધારે વિરાટ છે. કંઈ જ સમજ ન પડતી હોય અને કંઈક કરવું હોય તો માત્ર કુળદેવીના નામના જાપ કરો. એ શ્રેષ્ઠ માર્ગ દેખાડશે. આ કાર્ય કુળદેવીની ફરજમાં પણ આવે છે. ધૈર્ય અને શ્રધ્ધા જરૂરી છે. નામ જાપ માટે ચૈત્ર નવરાત્રી જેવો અણમોલ અવસર એક પણ નથી.

